Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

ગુરૂવાર, તા.૧૬ મે, ૨૦૨૪

16/5/2024 * VOL : 44 * N0. 242 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૮

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

આજનો સુવિચાર

જીવનમાં જો તમારી પાછળ બોલનારા નહિ હોય, તો તમે ક્યારેય પણ આગળ નહિ વધી શકો

વિઝાના નિયમોમાં ફેરફારોથી રોકાણકારો વધ્યા

દુબઈમાં ભારતીયોની સૌથી વધુ સંપત્તિ

કંગાળ પાકિસ્તાનનાં નાગરિક ૯૧ હજાર કરોડની સંપત્તિનાં માલિક; ઝરદારી-મુશર્રફનું નામ પણ સામેલ: બુર્જ ખલીફામાં એક કોમ્પ્લેક્સની કિંમત ૩ વર્ષમાં ૫૫% વધી: મુકેશ અંબાણી પાસે દુબઈમાં ૨ હજાર કરોડની સંપત્તિ

નવી દિલ્હી,

દુનિયાભરના અમીર લોકોમાં દુબઈમાં પ્રોપર્ટી ખરીદવાનો ક્રેઝ સતત વધી રહ્યો છે. ભારતના ૨૯ હજાર ૭૦૦ લોકો દુબઈમાં ૩૫ હજાર પ્રોપર્ટી ધરાવે છે. તેની કિંમત ૧.૪૨ લાખ કરોડ રૂપિયા છે. સેન્ટર ફોર એડવાન્સ ડિફેન્સ સ્ટડીઝ દ્વારા પ્રાપ્ત ડેટાના આધારે ૫૮ દેશોનાં ૭૪ મીડિયા હાઉસ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

આ રિપોર્ટને 'દુબઈ અનલોક્ડ' નામ આપવામાં આવ્યું છે. જેમાં ૨૦૨૦-૨૨ સુધી દુબઈમાં વિદેશીઓની સંપત્તિની વિગતો શેર કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર આ યાદીમાં ભારતીયોના નામ સૌથી ઉપર છે. સંપત્તિના મામલામાં પાકિસ્તાન બીજા સ્થાને છે. અહીં ૧૭ હજાર લોકો લગભગ ૨૩ હજાર પ્રોપર્ટીના માલિક છે. તેમની કુલ કિંમત ૯૧.૮ હજાર કરોડ રૂપિયા છે.

યાદીમાં ત્રીજા નંબર પર બ્રિટન અને ચોથા નંબર પર સાઉદી અરેબિયાના નાગરિક છે. રિપોર્ટ અનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની દુબઈમાં ૨ હજાર કરોડ રૂપિયાની પ્રોપર્ટી છે. લુલુ ગ્રુપના ચેરમેન એમએ યુસુફ અલી અને તેમના પરિવારની પાસે ૫૮૫ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

આ યાદીમાં અબજોપતિ ગૌતમ અદાણીના ભાઈનું નામ પણ છે. આ સિવાય શાહરૂખ ખાન, અનિલ કપૂર અને શિલ્પા શેટ્ટી જેવા બોલિવૂડ સ્ટાર્સ પણ દુબઈમાં કરોડોની સંપત્તિ ધરાવે છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૨ સુધીમાં, દુબઈમાં વિદેશીઓની કુલ સંપત્તિ ૧૬૦ અબજ ડોલરની છે.

આમાં દુનિયાભરનાં ભ્રષ્ટાચારના આરોપી રાજનેતા, સેલિબ્રિટી, બિઝનેસમેન સિવાય એવા લોકો પણ સામેલ છે, જેમના ઉપર ગુનાના કેસ નોંધાયેલાં છે. કંગાળ પાકિસ્તાનમાં રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીથી લઈને પૂર્વ

સેના પ્રમુખ જનરલ પરવેઝ મુશર્રફ સુધીનું નામ આ યાદીમાં સામેલ છે.

રિપોર્ટ અનુસાર માર્ચ ૨૦૧૪માં અબ્દુલ ગની માજિદ નામની વ્યક્તિએ ઝરદારીને દુબઈમાં એક પેન્ટહાઉસ ગિફ્ટ કર્યું હતું. ત્યારે તેની કિંમત ૨.૭૪ હજાર કરોડ રૂપિયા હતી. બાદમાં રાષ્ટ્રપતિએ આ મિલકત તેમની દીકરીને ભેટમાં આપી હતી.

ઝરદારીના પુત્ર અને પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો પાસે પણ દુબઈમાં સંપત્તિ છે. તેમના સિવાય નવાઝ શરીફના પુત્ર હુસૈન નવાઝ શરીફ, ગૃહમંત્રી મોહસિન નકવી, ઘણા સાંસદો અને ધારાસભ્યો પણ દુબઈમાં કરોડોની સંપત્તિના માલિક છે.

જાપાની મીડિયા નિક્કેઈ એશિયાએ દુબઈ અનલોક્ડના ??અહેવાલને ટાંકીને જણાવ્યું છે કે દુબઈમાં ઘણા આતંકવાદી સંગઠનોના સભ્યો પાસે પણ લાખો કરોડોની સંપત્તિ છે. તેમાં હુતી બળવાખોરો અને લેબનોનથી કાર્યરત હિઝબુલ્લા સંગઠનના સભ્યોના નામ સામેલ છે.

હિઝબુલ્લાહ સંગઠન માટે મની લોન્ડરિંગનો આરોપી અલી ઓસિરાન બુર્જ ખલીફામાં મિલકત ધરાવે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સની પણ દુબઈમાં મિલકત છે. આ યાદીમાં જાપાનના ૧,૦૦૦ લોકોના નામ પણ સામેલ છે જેમના પર ગેરકાયદેસર કામ કરવાનો આરોપ છે.

વિશ્વનું રિયલ એસ્ટેટ માર્કેટ ઝડપથી વધી રહ્યું છે. બ્રિટિશ પ્રોપર્ટી કન્સલ્ટન્સી ફર્મ નાઈટ ફ્રેન્કના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૦માં અહીં ઘરની કિંમતમાં ત્રણ ગણો વધારો થયો છે. ૨૦૨૧ પછી બુર્જ ખલીફામાં એક કોમ્પ્લેક્સની કિંમત ૫૫% વધારો થયો છે.

૨૦૨૩માં દુબઈમાં ૧૦ મિલિયન (લગભગ ૮૩.૪૯ કરોડ રૂપિયા)ના ૪૩૧ મકાનો વેચાયા હતા. આ વિશ્વના અન્ય શહેરોની સરખામણીમાં સૌથી વધુ છે. આ મામલામાં લંડન ૨૪૦ મકાનો સાથે બીજા ક્રમે અને ન્યૂયોર્ક ૨૧૧ મકાનોના વેચાણ સાથે ત્રીજા સ્થાને છે. ૨૦૨૨થી દુબઈમાં ૪.૫ કરોડ રૂપિયાની પ્રોપર્ટી ખરીદીને અહીં સરળતાથી લાંબા ગાળાના વિઝા મેળવી શકાય છે. વિઝા નિયમોમાં આ ફેરફાર બાદ, દુબઈ રિયલ એસ્ટેટમાં ૨૦૨૨માં ખરીદ મૂલ્યમાં ૭૬.૫% અને સંખ્યામાં ૪૪.૭%નો વધારો નોંધાયો હતો. માત્ર એક વર્ષમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં રોકાણકારોની સંખ્યામાં ૫૩%નો વધારો થયો છે, જે એક રેકોર્ડ હતો.

સંક્ષિપ્ત સમાચાર

મેક્સિકોમાં ગોળીબારમાં ૧૧ લોકોનાં મોત

(એજન્સી) મેક્સિકો,

દક્ષિણ મેક્સિકો રાજ્યના ચિયાપાસના ચિકોમુસેલો શહેરમાં અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવી હતી. આ હુમલામાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યાં છે. આ ક્ષેત્ર પ્રવાસીઓ અને નશીલી દવાઓની દાણચોરી માટે જાણીતો છે. તાજેતરના મહિલામાં કાર્ટેલ ટર્ફ સંઘર્ષને કારણે આ ક્ષેત્ર ભારે પ્રભાવિત થયું છે. ખરેખર મોરેલિયાની ટાઉનશિપ તથા બાહ્ય વસતી ગ્વાટેમાલા સાથે મેક્સિકોની સરહદ નજીક એક ઓછી વસતી ધરાવતો ક્ષેત્ર છે. સોમવારે પણ આ ક્ષેત્રમાં ડ્રગ કાર્ટેલ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ચિયાપાસ નજીક સરહદી વિસ્તારોમાં હિંસા વધતી જઈ રહી છે કેમ કે હરિફ સિનાલોઆ અને જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ ક્ષેત્ર માટે સંઘર્ષ કરી રહ્યા છે.

આઈએમએ પ્રમુખને સુપ્રીમ કોર્ટનો આંચકો, માફી નકારી કાઢી

(એજન્સી) નવી દિલ્હી,

ભ્રામક જાહેરાતોના મુદ્દે વાંધાજનક નિવેદન આપનાર ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ.આર.વી. અશોકનને સુપ્રીમ કોર્ટ તરફથી ઝાટકો લાગ્યો છે. કોર્ટે ડોક્ટરની માફી નકારી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ.આર.વી. અશોકનને ફટકાર લગાવી અને પૂછ્યું કે તમે આવા શબ્દોનો ઉપયોગ કેમ કર્યો?તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે તમે તે જ કર્યું જે અન્ય પક્ષે કર્યું. કોર્ટના આદેશ બાદ પ્રેસ સાથે વાત કરીને તમે એ જ ભૂલ કરી. નારાજ સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે જાણો છો કે તમે શું કરી રહ્યા છો. તમે તમારા પલંગ પર બેઠેલા કોર્ટ વિશે કંઈ કહી શકતા નથી. તમે પણ આ મામલે પક્ષકાર છો. અમે તમારી એફિડેવિટથી સંતુષ્ટ નથી. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. કોર્ટમાં હાજર રહેલા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનપ્રમુખ ડૉ.અશોકને બિનશરતી માફી માગી હતી.જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાની બેંચે કહ્યું કે તમે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ છો. તમારી સંસ્થામાં સભ્ય તરીકે ૩ લાખ ૫૦ હજાર ડોક્ટરો છે.

કેન્યામાં પૂરના કારણે તબાહી સર્જાઈ, ૨૬૭ લોકોના મોત

(એજન્સી) નવી દિલ્હી,

ભારત દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેન્યાને આપવામાં આવતી સહાય એ દક્ષિણ સહયોગની ભાવનાઅને આફ્રિકાને અમારી પ્રાથમિકતાઓમાં ટોચ પર રાખવાની અમારી પ્રતિબદ્ધતા સાથે દેશ સાથેના મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધોનું પુનરોચ્ચાર છે. ભારતે પૂરને કારણે થયેલા નુકસાન અને વિનાશ માટે કેન્યાની સરકાર અને લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. કેન્યામાં પૂરના કારણે તબાહી સર્જાઈ છે. આફ્રિકન દેશના ૪૭ કાઉન્ટીઓમાંથી ૩૮ પ્રભાવિત થયા છે. કેન્યા સરકારના આંકડાઓ અનુસાર, વિનાશક પૂરમાં ૨૬૭ લોકોના મોત થયા છે અને ૨,૮૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. દરમિયાન, ભારતે કેન્યાના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે ૪૦ ટન રાહત સામગ્રી મોકલી છે.

પહેલી વાર સીએએ અંતર્ગત ૧૪ લોકોને મળી ભારતીય નાગરિકતા

(એજન્સી) નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે સીએએ લાગૂ કર્યા બાદ પહેલા ૧૪ લોકોને તેનો લાભ આપી દીધો છે. ગૃહમંત્રાલયે તેની પુષ્ટિ કરી છે. બુધવારે કેન્દ્રીય ગૃહ સચિવે એવા ૧૪ લોકોને નાગરિકતા પ્રમાણ પત્ર સોંપી દીધા છે, જે વર્ષોથી ભારતની નાગરિકતા મેળવવા માટે મથામણ કરતા હતા. નાગરિકતા સંશોધન નિયમ, ૨૦૨૪ની અધિસૂચના જાહેર થયા બાદ પહેલી વાર નાગરિકતા પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાએ નવી દિલ્હીમાં અમુક અરજીકર્તાઓને નાગરિકતા પ્રમાણપત્રો સોંપી દીધા છે. આ અવસર પર ગૃહ સચિવે અરજીકર્તાઓને શુભકામના આપતા નાગરિકતા સંશોધન નિયમ, ૨૦૨૪ના મુખ્ય પોઈન્ટ પર પ્રકાશ પાડ્યો હતો. ભારત સરકારે ૧૧ માર્ચ ૨૦૨૪ના રોજ નાગરિકતા સંશોધન નિયમ ૨૦૨૪ની નોટિફિકેશન જાહેર કર્યું હતું. આ નિયમોમાં અરજી કરવાની રીત, જિલ્લા સ્તરીય સમિતિ તરફથી અરજીને આગળ વધારવાની પ્રક્રિયા અને રાજ્ય સ્તરીય અધિકાર પ્રાપ્ત સમિતિ તરફથી અરજીની તપાસ અને નાગરિકતા આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ નિયમ લાગૂ થયા બાદ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી હિન્દુ, સિખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ સમુદાયથી સંબંધિત વ્યક્તિઓની અરજીઓ મળી છે, જે ધાર્મિક ઉત્પીડન અથવા તેના ડરના કારણે ૩૧.૧૨.૨૦૧૪ સુધી ભારતમાં આવી ગયા હતા

અનેક રાજ્યમાં વરસાદની આગાહી

વાવાઝોડાની સાથે અનેક જિલ્લાઓમાં અતિવૃષ્ટિની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી,

હાલ દેશના અનેક રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી છો તો બીજી તરફ રાજસ્થાન સહિતના કેટલાક રાજ્યમાં હિટવેનની સ્થિતિ યથાવત છે. દિલ્હી-એનસીઆરમાં તાપમાનમાં વધારો થતાં હીટ વેવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર અને મુંબઈમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે કરા પડવાની પણ સંભાવના છે.

ઉનાળાના દિવસોમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે ગરમી પડી રહી છે. દિવસેને દિવસે તાપમાન વધી રહ્યું છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, હરિયાણા અને છત્તીસગઢ સહિત ઘણા રાજ્યોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહે છે. ભારતીય હવામાન વિભાગ એ જણાવ્યું કે, મંગળવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં એક ડિગ્રી વધુ છે. હવામાન વિભાગે કહ્યું કે બુધવારે દિલ્હી-એનસીઆરનું આકાશ સ્વચ્છ જોવા મળ્યું હતું. દિવસ દરમિયાન તીવ્ર સૂર્યપ્રકાશ રહ્યો હતો. મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. આ દિવસોમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે ગરમી પડી રહી છે. દિવસેને દિવસે તાપમાન વધી રહ્યું છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, હરિયાણા અને છત્તીસગઢ સહિત ઘણા રાજ્યોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહે છે. ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું કે, મંગળવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં એક ડિગ્રી વધુ છે.

જો ભારત કોઈ દુઃસાહસ કરશે તો પાક. જવાબ આપશે

(એજન્સી) ઈસ્લામાબાદ,

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર નિશાન સાધતા 'પાકિસ્તાનને બંગડીઓ પહેરાવવાનું' નિવેદન આપ્યું હતું, જેના પર પાકિસ્તાન ભારે ગુસ્સે થયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતના નેતાઓએ તેમના ચૂંટણી લાભ માટે પાકિસ્તાનને સ્થાનિક રાજકારણમાં ઢસડવાનું બંધ કરવું જોઈએ. આ સાથે પાકિસ્તાને ભારતને ચેતવણી પણ આપી છે કે જો ભારત કોઈ પગલું ભરશે તો તેનો જવાબ આપતાં ખચકાશે નહીં. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે પાકિસ્તાન અંગે વડાપ્રધાન મોદી અને અન્ય કેબિનેટ મંત્રીઓની ટિપ્પણીઓને લઈને એક નિવેદન જારી કર્યું છે.

પીઓકે ભારતનો જ એક ભાગ છે, અમે તેને પ્રાપ્ત કરીને રહીશું: અમિત શાહ

(એજન્સી) કોલકાતા,

ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને લઈને એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ભારતનો જ એક ભાગ છે અને અમે તેને પ્રાપ્ત કરીને જ રહીશું. એક રેલીને સંબોધતા ગૃહમંત્રીએ કહ્યું કે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા પછી એક સમયે અશાંત ગણાતા કાશ્મીરમાં આજે શાંતિ પરત ફરી છે. જોકે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હાલ આઝાદીના નારાઓ સંભળાઈ રહ્યાં છે.

પશ્ચિમ બંગાળમાં એક ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, સરકારે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ હવે અમે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિરોધ જોઈ રહ્યા છીએ.

પહેલા અહીં આઝાદીના નારા સંભળાતા હતા હવે એ જ નારા પીઓકેમાં સંભળાય છે. પહેલા અહીં પથ્થરમારો થતો હતો હવે પીઓકેમાં પથ્થરબાજી થઈ રહી છે. પીઓકે પર કબજો કરવાની માંગને સમર્થન ન આપવા બદલ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું, મણિશંકર ઐયર જેવા કોંગ્રેસના નેતાઓ કહે છે કે, આવુ ન કરવું જોઈએ કારણ કે તેમની પાસે પરમાણુ બોમ્બ છે. હું કહેવા માંગુ છું કે, તે ભારતનો એક ભાગ છે અને અમે તેને લઈશું. અમિત શાહે કહ્યું કે વર્તમાન લોકસભા ચૂંટણી એ ઈન્ડિયા ગઠબંધનના ભ્રષ્ટ નેતાઓ અને પ્રામાણિક રાજકારણી નરેન્દ્ર મોદી વચ્ચે પસંદગી કરવાની ચૂંટણી છે. મોદી મુખ્યપ્રધાન અને વડા પ્રધાન હોવા છતાં તેમના પર ક્યારેય એક પૈસો પણ આરોપ લાગ્યો નથી. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળને નક્કી કરવાનું છે કે તે ઘૂસણખોરો ઈચ્છે છે કે, શરણાર્થીઓ માટે નાગરિકતા સંશોધન કાયદો . બંગાળે નક્કી કરવાનું છે કે, તેમણે જેહાદને મત આપવો છે કે વિકાસને મત આપવો છે.

ગંગોત્રી-યમુનોત્રીમાં લોકોએ રોડ પર વિતાવી રાત:૧૦ના મોત

(એજન્સી) દેહરાદુન,

ચારધામની શરૂઆતમાં ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં શ્રદ્ધાળુઓની ઉમટવાના બધા રેકોર્ડ તૂટી ગયા છે. બુધવારના તાજા સમાચાર અનુસાર તીર્થયાત્રીઓની સંખ્યામાં ભારે વધારા વચ્ચે બદ્રીનાથ અને કેદારનાથમાં તો હાલાત ઠીક છે. તેનાથી ઉલટું ગંગોત્રી-યમુનોત્રીમાં દર્શન માટે પહોંચેલા શ્રદ્ધાળુઓ હજુ સુધી પરેશાન છે. થોડા દિવસો પહેલાં યમુનોત્રીની સ્થિતિ પર વાયરલ થયેલા વિડીયો પર ઉત્તરાખંડ સરકારે પરિસ્થિતિ પર કાબૂ મેળવવનો દાવો કર્યો પરંતુ પરેશાની જૈસે થે જેવી જ છે. જો તમે પણ ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા કરવાનો પ્લાન બનાવી રહ્યા છો તો હાલ તેને ટાળી દો, કારણ કે ગંગોત્રી યમુનોત્રી ધામમાં રેકોર્ડ બ્રેક ભીડના લીધે સરકારી વ્યવસ્થાઓ ધ્વસ્ત થઈ ગઈ છે. બંને ધામો માટે જ્યારે તમે હરિદ્વારથી આગળ વધો છો તો ૧૭૦ કિમી દૂર બરકોટ સુધી ૪૫ કિમી લાંબો જામ જોવા

મળશે. બરકોટથી આગળ યમુનોત્રી અને ગંગોત્રી જવાના માર્ગો છે. ત્યાં બધે જ ટ્રાફિક જામ છે. અહીંથી ઉત્તરકાશી સુધીનો ૩૦ કિમીનો માર્ગ વન-વે છે, તેથી મંદિરથી પાછા ફરતા વાહનોને પહેલા બહાર કાઢવામાં આવી રહ્યા છે. મંદિર જતી ટ્રેનો ૨૦-૨૫ કલાક પછી આવી રહી છે. યમુનોત્રી-ગંગોત્રી જઇ રહેલા શ્રદ્ધાળુઓમાં ગત ચાર દિવસમાં ૧૦ લોકોએ રસ્તામાં જ દમ તોડી દીધો છે. તેમાં ૫ લોકોના મોત મંગળવારે થયા હતા. ત્રણે એવા છે જેમણે ગાડીમાં જ દમ તોડી દીધો છે. ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે. તેમની બધાની ઉંમર ૫૦ વર્ષથી ઉપર હતી. તેમાંથી ૪ ને ડાયાબિટીઝની સાથે સાથે બ્લડ પ્રેશરથી પણ પીડિતા હતા.

માહિતીનો પ્રસાર હવે સરળ થઇ ગયો છે. પળ પળના સમાચાર હવે લાઇવ લોકેશન પર આવી જાય છે. ગૂગલ પોતાના મેપ પર બતાવે છે કે ક્યાં કેટલો જામ છે? તમામ રિપોર્ટ્સ ના અનુસાર યમુનોત્રી-ગંગોત્રીમાં હાલત એવી છે કે ભારે ભીડના કારણે રસ્તા પર લાંબો જામ જોવા મળે છે. ગાડીઓ ફસાયેલી છે. લોકોને હોટલ અને ધર્મશાળાઓ સરળતાથી મળી રહી નથી. એવામાં ઘણા લોકો રસ્તા પર ઠંડીમાં ઠુંઠવાઇ રહ્યા છે.

પાણી અને ભોજનની વ્યવસ્થાના અભાવથી યાત્રાળુઓ મુશ્કેલીમાં: ટ્રાફિકજામથી લોકો અટવાયા

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ યુક્રેનની ઓચિંતી મુલાકાતે

(એજન્સી) નવી દિલ્હી,

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થતું નથી. બંને દેશ છેલ્લા બે વર્ષથી યુદ્ધની આગમાં સળગી રહ્યા છે. આ દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ટ્રેન દ્વારા યુક્રેન પહોંચી ગયા છે. તે પોલેન્ડથી યુક્રેન પહોંચી ગયો છે.રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ એન્ટોનીની કિવની આ ચોથી મુલાકાત છે. પરંતુ આ વખતે તે એક ખાસ સંદેશ લઈને યુક્રેન પહોંચી ગયો છે. તે મંગળવારે રાત્રે કિવના એક સ્થાનિક બારમાં ગિટાર વગાડતો જોવા મળ્યો હતો. યુક્રેન માટે તેમનો સંદેશ હતો કે અમેરિકા અને બાકીનું વિશ્વ માત્ર યુક્રેન માટે જ નહીં પરંતુ 'ફ્રી વર્લ્ડ' માટે મોરચો સંભાળી રહ્યું છે.સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કિવમાં સ્થાનિક બારમાં ૧૯.૯૯ બેન્ડ સાથે સ્ટેજ શેર કર્યું. આ દરમિયાન તેણે નીલ યંગના ગીત 'રોકિંગ ઇન ધ બી વર્લ્ડ' પર પરફોર્મ કર્યું હતું. 'રોકિંગ ઇન ધ બી વર્લ્ડ' એ એક રોક રાષ્ટ્રગીત છે, જે ૧૯૮૯માં બર્લિન વોલના પતન પહેલા બહાર પાડવામાં આવ્યું હતું.આ ગીત વગાડતા પહેલા એન્ટોનીએ કહ્યું કે તમારા સૈનિકો, તમારા નાગરિકો મુશ્કેલીમાં છે, ખાસ કરીને ખાર્કિવમાં. પરંતુ તેમને ખબર હોવી જોઈએ, તમારે જાણવું જોઈએ કે અમેરિકા તમારી સાથે છે. આ દુનિયા તમારી સાથે છે અને આ યુદ્ધ માત્ર યુક્રેનની સ્વતંત્રતા માટે નથી પરંતુ મુક્ત વિશ્વ માટે છે.યુએસ સ્ટેટ સેક્રેટરી બ્લિંકન મંગળવારે સવારે ટ્રેન દ્વારા યુક્રેન પહોંચ્યા હતા. ખાર્કિવમાં રશિયાના તાજેતરના હુમલાના થોડા દિવસો બાદ કિવની તેમની મુલાકાત આવી છે.તમને જણાવી દઈએ કે યુક્રેન લાંબા સમયથી આ યુદ્ધમાં બેકફૂટ પર છે. યુક્રેન હથિયારોની અછતનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં રશિયન સેના ધીમે ધીમે આગળ વધી રહી છે.તે જાણીતું છે કે રશિયાએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુક્રેન પર હુમલો કર્યો હતો. જોકે, રશિયા તેને યુદ્ધ નહીં પરંતુ 'સ્પેશિયલ મિલિટરી ઓપરેશન' ગણાવી રહ્યું છે.

લંડનમાં બસ સ્ટોપ પર ભારતીય મહિલાની હત્યા

(એજન્સી) લંડન,

વિદેશમાં ભારતીય મૂળના લોકો પર હુમલાની ઘટનામાં વધુ એકનો ઉમેરો થયો છે. લંડનના એક બસ સ્ટોપ પર ભારતીય મૂળની ૬૬ વર્ષીય મહિલા અનિતા મુખી પર એક ૨૨ વર્ષના યુવાને લૂંટના ઈરાદે ઘાતકી હુમલો કર્યો અને તેનું મોત નિપજાવ્યું છે. તીક્ષ્ણ હથિયાર દ્વારા થયેલા હુમલામાં ભારતીય મૂળની મહિલાનું મૃત્યુ થયું છે. અનિતા મુખી પાસેથી લૂંટારાએ હેન્ડબેગ આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો પ્રતિકાર કરવામાં આવ્યો ત્યારે ભાન ભૂલેલા લૂંટારાએ કંઈ પણ વિચાર્યા વગર ઘાતક શસ્ત્રના સીધા ઘા માર્યા હતા. લંડન જેવા શહેરમાં ધોળા દિવસે બીજા લોકોની હાજરીમાં આ રીતે મહિલાને મારી નાખવામાં આવી તેના પરથી કેટલાક વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલ ઉઠ્યા છે.

નાંદેડમાં આઇટીની મોટી કાર્યવાહી, ૧૭૦ કરોડની બિનહિસાબી મિલકત મળી

(એજન્સી) મુંબઈ,

મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અહીં આઈટીની ટીમે ભંડારી ફાયનાન્સ અને આદિનાથ મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ બેંક અને ભંડારી ફાયનાન્સ પર દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન કરોડોની બિનહિસાબી સંપત્તિ મળી આવી છે, જેને આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. ઓપરેશન દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હતી, જેની ગણતરીમાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો.આવકવેરા વિભાગની આ કાર્યવાહી ૭૨ કલાક સુધી ચાલુ રહી. દરોડામાં વિભાગને ભંડારી પરિવાર પાસેથી ૧૭૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિ મળી આવી છે. આ સિવાય ૮ કિલો સોનું મળી આવ્યું છે. આવકવેરા વિભાગે ૧૭૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિ શોધી કાઢી છે, જે જપ્ત કરવામાં આવી છે. દરોડા દરમિયાન મળી આવેલી ૧૪ કરોડની રોકડની ગણતરી કરવામાં અધિકારીઓને લગભગ ૧૪ કલાક લાગ્યા હતા. આ કાર્યવાહીથી ફાયનાન્સ વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.ભંડારી પરિવારના વિનય ભંડારી, સંજય ભંડારી, આશિષ ભંડારી, સંતોષ ભંડારી, મહાવીર ભંડારી અને પદમ ભંડારીનો નાંદેડમાં ખાનગી ફાઈનાન્સનો મોટો બિઝનેસ છે. અહીં આવકવેરા વિભાગને કરચોરીની ફરિયાદ મળી હતી. જેના કારણે છ જિલ્લા પુણે, નાસિક, નાગપુર, પરભણી, છત્રપતિ સંભાજીનગર અને નાંદેડના સેંકડો આવકવેરા વિભાગના અધિકારીઓએ સંયુક્ત દરોડા પાડ્યા હતા.

કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ
(સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટક્સીડો સુટ
(કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ
(કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ
3 Pant + 3

તંત્રી સ્થાનેથી

Editorial....

કારગિલ યુદ્ધનાં પચ્ચીસ વર્ષ

જ્યારે જ્યારે ભારત-પાકિસ્તાનના સંબંધોની વાત આવે છે ત્યારે ભૂતકાળ વર્તમાન બની જાય છે અને ભવિષ્યમાં શીખવા માટે કોઈ અપ્રિય બોધ છોડી જાય છે. પાકિસ્તાન જ્યારથી ભારતથી છૂટું પડ્યું છે, તેણે ક્ષેત્રીય જીત હાંસલ કરવાની કોશિશ કરી છે. જોકે દર વખતે તે નિષ્ફળ રહ્યું છે. પચ્ચીસ વર્ષ પહેલાં ઉજી મેના દિવસે જ કારગિલ યુદ્ધ શરૂ થયું હતું. પાકિસ્તાને પહેલાં ઘૂસણખોરોને મોકલ્યા, પછી સૈન્ય હુમલાને અંજામ આપ્યો, કારણ કે ભારત એવા હુમલા પ્રત્યે લાપરવાહ હતું. સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજ શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કર્યાના ત્રણ મહિનાની અંદર જ કારગિલની ઘટના બની.

ભારતને ઘૂસણકોરો વિશે અચાનક ખબર પડી. તાશી નામગ્યાલ નામનો એક ઢોર ચરાવનારો જ્યારે પોતાનાં ખોવાયેલાં ઘેટાં શોધી રહ્યો હતો, ત્યારે તેણે પઠાણી પહેરેલા પાકિસ્તાનીઓને જોયા, જે બાલ્ટિક પર્વત શૃંખલા પર બંકર ખોદી રહ્યા હતા. નેવું ડિગ્રીના ઊભા ખડક પર ચડાઈકરનારા યુવા સૈન્ય અધિકારીઓ અને જવાનોએ બહાદરીથી પાકિસ્તાની ગોળીઓનો સામનો કર્યો અને પોતાના ભારતીય નેતૃત્વને ગર્વ કરવાનો અવસર પ્રદાન કર્યો. આ યદ્દ્યમાં મોટાભાગે ૨૨ થી ૩૫ વર્ષના યુવા જવાન શહીદ થયા. સત્તાવાર રૂપે ભારતના ૫૨૭ જવાનો શહીદ થયા, જ્યારે પાકિસ્તાનના ૩૫૭ થી ૪૫૩ જેટલા જવાનો માર્યા ગયા. પાકિસ્તાને પોતાના ૬૦૦ અન્ય જવાનોની લાશો પર દાવો નહિ કરીને તેમને અપમાનિત કર્યા. પરિણામે ભારતે જ તેમના અંતિમ સંસ્કાર કરવા પડ્યા.

વસ્તુતઃ આ ભારત માટે મુશ્કેલ કામ હતું. પાકિસ્તાનીઓના આકરા પ્રતિરોધનો સામનો કરતાં ભારતે પોતાની વાયુસેના અને બોફોર્સ તોપને તૈનાત કરીને પોતાની રક્ષા કરી. એ જ વર્ષે એક ભારતીય યાત્રી વિમાનનું અપહરણ થયું, જેને પહેલાં લાહોર, પછી કંધાર લઈ જવામાં આવ્યું. ભારતે વિમાન, ચાલક દળ અને યાત્રીઓને સુરિક્ષત છોડાવવા માટે ચાર કાશ્મીરી આતંકવાદીઓને છોડી મૂકવા પડ્યા. પચ્ચીસ વર્ષ બાદ પણ આ નિષ્ફળતાઓ પર ભારતમાં બહુ ઓછી ચર્ચા થઈ છે. પાકિસ્તાનના વરિષ્ઠ પત્રકાર અને વિશ્લેષક નજમ સેઠી કહે છે, 'ભારત સાથે પાકિસ્તાને જેટલાં પણ યુદ્ધ કર્યાં, તે બધામાં હારી ગયું, જોકે તેણે જ તેની યોજના બનાવી હતી, પરંતુ કશું હાંસલ ન કરી શક્યું.'

પહેલાં શિયાળામાં કારગિલ ક્ષેત્રની ઊંચાઈની ચોકીઓને બંને દેશોના સૈનિક ખાલી કરી દેતા હતા અને પછી વસંતના હવામાનમાં ત્યાં તૈનાત થઈ જતા હતા. ૧૯૯૯ના શિયાળામાં પાકિસ્તાની ફોજે ભારતીય સેના કરતાં પહેલાં જ કારગિલ દ્રાસ અને બાલ્ટિકની વ્યૂહાત્મક ચોટીઓ પરની અગ્રીમ ચોકીઓ પર આતંકીઓના સહયોગથી કબ્જો કરી લીધો. જોકે તેણે એવું ભારતીય વિસ્તારો પર કબ્જા માટે નહીં, બલ્કે ભારત પર વ્યૂહાત્મક સરસાઈ મેળવવા માટે કર્યું હતું. જો તે સફળ થઈ જાત તો રાષ્ટ્રીય રાજમાર્ગ નં.૧ને અવરુદ્ધ કરીને કાશ્મીર ઘાટી અને લદ્દાખ વચ્ચે સંપર્ક કાપી શકતું હતું. પાકિસ્તાની યોજનાકાર ઈચ્છતા હતા કે ભારતને સિઆચેન ગ્લેશિયર છોડવા અને કાશ્મીર પર વાતચીત કરવા માટે મજબૂર કરવામાં આવે. પરંતુ ૧૯૮૪માં સિઆચેન ગ્લેશિયર પર કબ્જા બાદથી આજ સુધી ભારત એના પર કબ્જો જમાવીને બેઠું છે. કારગિલ યદ્દ્ય બાદ બંનેમાંથી કોઈપણ પક્ષ દુનિયાના સૌથી ઊંચા યુદ્ધ ક્ષેત્રને છોડવા નથી માગતા.

પાકિસ્તાની લેખક તારિક અકીલ અનુસાર, સૈન્ય બાબતોની સીમિત જાણકારી હોવાને કારણે નવાઝ શરીફ ભારતીય સેનાની પલટવાર કરવાની ક્ષમતાથી વાકેફ નહોતા. તેઓ એ ભ્રમમાં હતા કે ઘૂસણખોરો સફળ થઈ જશે અને કારગિલ પર કબ્જો કરી લેશે, જેનાથી ભારતને કાશ્મીર પર અંતિમ સમજૂતી કરવા માટે મજબૂર કરી શકાશે અને તે ઈતિહાસમાં કાશ્મીર વિજેતા રૂપે ઓળખાશે.

ગોધરા સબજેલમાંથી પોસ્કો એક્ટના આરોપી પાસેથી મોબાઈલ મળી આવતા ફરિયાદ નોધાઈ

(પ્રતિનિધિ) ગોધરા,

ગોધરા શહેર માં આવેલ સબજેલમાંથી પોસ્કો એક્ટના ગુનાના આરોપીઓ પાસેથી અંગજડતી દરમ્યાન મોબાઈલ ફોન મળી આવ્યો હતો, ગોધરા શહેર છ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદની અધિક પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહિવટની કચેરીના જેલર ગ્રુપ-૨ ના ઝડતી સ્કવોડ જેલર દેવસીભાઈ રમણભાઈ કરંગિયાએ ગોધરા શહેર છ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગત ૧૪ મે બપોરે સાડા બાર કલાકે ગોધરા શહેરમાં સબજેલમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું, ચેકીંગ દરમ્યાન બેરેક નં ૨ માં પૉસ્કો એકટના ગુનામાં સજા કાપી રહેલા આરોપી સાહિદ સિદ્દીક ઈસ્માઈલ પઠાણની અંગજડતી કરતા તેની પાસેથી ચાલુ હાલતમાં સિમકાર્ડ સાથેનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો, પોલીસ દ્વારા મોબાઈલ ફોન કબ્જે લઈને આરોપી સાહીદ પઠાણ સામે ગોધરા શહેર છ ડિવિઝન પોલીસમથકે તા ૧૪ મે મંગળવારે સાંજે ૬ કલાકે પ્રિઝન્સ એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ

અનોખી ભેટ યોજના

શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠા ટપાલથી મફત મેળવો.

આજનો લકી નંબર ૨૬૭ ૭૯૦

નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

આપની આજ

ગુરૂવાર
તા.૧૬-૫-૨૦૨૪

મેષઃ- આપના મોસાળ પક્ષના સગા સંબંધીઓ સાથેની મુલાકાત તેમજ ચર્ચાઓમાં આપને લાભ થવાનો છે.

વૃષભઃ- આજનો દિવસ આપને ખૂબજ સાવધ રહેવાની જરૂર છે મળતા લાભ દેખાતા લાભ અને મળેલા છે તે લાભ નુકશાન તેમજ હાનીમાં તબદીલ થાય તેવા યોગ છે.

મીથુનઃ- પરદેશ જવાના કામકાજમાં અવરોધ આવશે લાંબા અંતરીની મુસાફરીમાં આપને વિઘ્નો આવે.

કર્કઃ- આજે આપને લખાણ તેમજ પ્રવાસના કામોમાં સફળતા મળશે. ટેલીફોન અંગેના કામોમાં પણ લાભ થવાનો છે.

સિંહઃ- આજરોજ નાણાકીય બાબતોમાં ખૂબજ સારી સફળતા મળવાની છે બેંક બેલેન્સમાં વધારો થાય.

કન્યાઃ- આજરોજ આપની શારીરિક તેમજ માનસીક સ્થિતી ઘણી જ હકારાત્મક બની રહેશે. દિવસ શુભ છે.

તુલાઃ- આપના જીવનસાથીની માંગણીઓ વધતી જશે અને તેને આપ પરિપૂર્ણ કરશો. સગાઈ લગ્નના કામમાં ખર્ચનું પ્રમાણ વધવાના યોગ છે.

વૃશ્ચિકઃ- આપના સમાજના કામકાજમાં આપને સફળતાઓ મળવાની છે. આપના હાથ નીચેના કર્મચારીઓ આપને અનુકુળ બની રહેશે.

ધન : આપને ભાગીદારીના કામકાજ તેમજ લખાણના કામકાજમાં લાભ થવાનો છે. દિવસ ઘણો જ સારો પસાર થાય.

મકરઃ- આપના અભ્યાસ તેમજ શિક્ષણના કામોમાં સફળતા મળવાની છે. આપની માતાના આરોગ્યમાં સુધારો થાય.

કુંભઃ- આજરોજ આપને ધંધા વ્યવસાયના કારણે પ્રવાસ કરવાની તક મળશે. આપનો દિવસ શુભ પસાર થશે.

મીનઃ- આપના પરિવારના સભ્યોને આપની સાથે મનદુઃખ થવાના યોગ વધુ છે આપની આર્થીક પરિસ્થિતીમાં સુધારો આવે.

ફ્રી ફાયર ગેમે દંપતીનું સંસાર છીનવ્યું: પરિણીતાને પ્રેમીએ દગો આપતા કોર્ટમાં ફરિયાદ

મુંબઈમાં પતિ અને બાળક સાથે રહેતી પરિણીતા જંબુસરના યુવક સાથે ફ્રી ફાયર ગેમમાં સંપર્કમાં આવતા ઘર બરબાદ થયું

(પ્રતિનિધિ) ભરૂચ,

સોશ્યલ મીડિયાના જમાનામાં ઘણા દંપતિઓના લગ્ન જીવનમાં તિરાડો પડી રહી છે અને છૂટાછેડા પણ થઈ રહ્યા છે.આવું જ એક દંપતિ ફ્રી ફાયર ગેમના કારણે વિખેરાઈ ગયું છે.જેમાં પરિણીતાને ફ્રી ફાયર ગેમમાં જંબુસરના યુવક સાથે પ્રેમ થઈ જતા પ્રેમીએ આત્મહત્યા કરી લેવાની ધમકી આપતા પતિને છોડીને આવેલી પ્રેમિકાને પ્રેમીએ પણ દગો કરી આબરૂ લૂંટવાનો પ્રયાસ કરી તેણીને ઢોર માર માર્યો હોવાના વિડીયો કર્યા હતા.જે બાબતે પોલીસે ફરિયાદ દાખલ ન કરતા સમગ્ર મામલો ભરૂચ કોર્ટમાં પહોંચ્યો છે.

ભરૂચમાં એક પીડીતાની ફરિયાદ કોર્ટમાં પહોંચી છે જેમાં તેણી આક્ષેપ કર્યો છે કે ફરિયાદીના લગ્ન ૨૦૧૫ માં થયા હતા અને બંનેના લગ્ન જીવનમાં એક બાળકનો જન્મ થયો હતો અને તે દરમ્યાન બંનેનું લગ્ન જીવન સારું રહ્યું હતું અને તારીખ ૦૨/૧૨/૨૦૨૦ ના રોજ ફરિયાદી ફ્રી ફાયર ગેમ રમતા ઓનલાઈન ગેમમાં બીજા દિવસે અજાણ્યા યુવકે મોબાઈલ નંબર શેર કર્યો હતો અને બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી અને ફક્ત બંને વચ્ચે મિત્રતાના સંબંધો હતા યુવકે તે ભારત બહાર હોય અને વિદેશમાં દોહા કતારનું કામ કરતો હોવાથી તેમજ જંબુસરના ભડકોદરા ગામનો રહેવાસી હોવાની ઓળખ આપી હતી. બંને વચ્ચે ત્રણ વર્ષ સુધી વાતચીત વચ્ચે પ્રેમાલાપ થયો હતો અને પરિણીત યુવતી હોવાની જાણ યુવકને કરાઈ હતી.છતાં પણ જંબુસરના યુવકે પરિણીત પ્રેમિકાનું ઘર બરબાદ કર્યું હતું અને યુવકે પરિણીત પ્રેમિકાને મેસેજ થકી કહ્યું હું તને ખૂબ પ્રેમ કરું છું અને મને તારા વગર ચાલે એમ નથી જો તું મારા જીવનમાં ન આવી તો હું આત્મહત્યા કરી લઈશ તું મારી છે મને તારી સાથે જીવન વિતાવવું છે.જે વાત સાંભળી પ્રેમિકા ગભરાઈ ગઈ હતી અને ઘણા મેસેજો પરિણીતાના પતિએ મોબાઈલ માંથી જોઈ લેતા આખરે બંને વચ્ચે ઝઘડાઓ થયા અને પરિણીતાએ પણ પોતાના બીજા પ્રેમી સાથે લગ્ન કરવાની ઈચ્છાએ પતિ સાથે છૂટાછેડા લઈ બાળક લઈ પિયરમાં આવી ગઈ હતી.

ફરિયાદી પરણિત પ્રેમિકાએ ફ્રી ફાયર ગેમમાં સંપર્કમાં આવેલા પ્રેમી યુવક આદિલ પટેલ સાથે ફોન ઉપર વાતચીત કરી આદિલે પણ પરિણીત પ્રેમિકાને ભરૂચ બોલાવી અને પ્રેમિકા તેની માતા - પિતાની જાણ બહાર ૧૮/૦૪/૨૦૨૪ ના રોજ ભરૂચ ખાતે આવી પહોંચી હતી અને આરોપી આદિલ પટેલને ફોન કરેલો તો આદિલ પટેલે કહ્યું હતું કે તું જંબુસર આવી જા અને હોટલમાં રોકાઈ જા મોડેથી આદિલ પટેલ આવેલો અને બસ ડેપો પાસે ફરિયાદીને બોલાવી તેની બાઈક ઉપર બેસાડી ખેતર જેવી જ સુમસામ જગા ઉપર લઈ ગયો હતો અને ફરિયાદી ખૂબ ગભરાઈ ગઈ હતી.આ શું કરશે. હવે આરોપી આદિલ પટેલ ફરિયાદી સાથે મીઠી મીઠી વાતો કરી લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદી પાસે રહેલા ૩૫ હજાર રોકડા પણ લઈ લીધા હતા અને ફરિયાદી સાથે શારીરિક સંબંધ બાંધવા કપડાં ખેંચતાણ કરવા લાગ્યો હતો.સાથે આદિલ પટેલે પરિણીત પ્રેમિકાની છાતી ઉપર તથા પેટના ભાગે અને ગુપ્ત ભાગ સાથે અડપલા કરી છેડછાડ કરવાનું શરૂ કર્યું હતું તે દરમ્યાન ફરિયાદીએ ના કહેતા તેને લાતો છાતી અને ગુપ્ત ભાગો ઉપર મારવા લાગ્યો હતો.જેના કારણે તે બેભાન થઈ ગઈ હતી અને તે સમય દરમ્યાન ફરિયાદીના ગુપ્ત ભાગ ઉપર કોઈક વસ્તુ અંદર નાંખી હોય બેભાન પરિણીતા ફરિયાદી પર પાણીનો છંટકાવ કરી હોશમાં લાવી મુખ્ય રસ્તા સુધી લાવ્યો હતો અને આદિલ પટેલે તેના માતા-પિતાને પણ સ્થળ ઉપર બોલાવ્યા હતા અને તેઓએ પણ ફરિયાદીને ઢોર માર મારેલ હતો.જે અંગેનો વિડીયો પણ ઉતારવામાં આવ્યો હતો અને વિડીયો વાયરલ પણ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ ફરિયાદીએ પોતાની ફરિયાદમાં કર્યો છે.

સમગ્ર ઘટનામાં ફરિયાદીને ગંભીર પ્રકારનો માર મારવામાં આવ્યો હોય અને તેણીને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.સારવાર બાદ પણ પોલીસે ફરિયાદ દાખલ ન કરતા આખરે ફરિયાદીએ ન ઘરની અને ન ઘાટની રહેતા આખરે પોલીસ મથકે ફરિયાદ આપ્યા બાદ ફરિયાદીની આબરૂ લૂંટવાનો, બળાત્કારનો પ્રયાસ કરનાર તથા ઢોર માર મારી અને મારી નાંખવાની ધમકી આપનાર સામે પોલીસમાં ફરિયાદ આપ્યા બાદ ૨૭ દિવસ પછી ભરૂચ કોર્ટમાં ન્યાયની આશાએ વકીલ મારફતે ફરિયાદ દાખલ કરી હોવાની માહિતી સામે આવી છે. ઘણી વખત સોશ્યલ મીડિયાના પ્રેમ પણ દગો કરી જતો હોય છે. આવો જ એક દગો પરિણીત પ્રેમિકા બની છે.કુવારા પ્રેમી સાથે લગ્ન કરવા માટે પોતાના પતિ સાથે છૂટાછેડા કરી બાળક સાથે પ્રેમી સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી પરંતુ પ્રેમીએ પણ પરિણીત પ્રેમિકા સાથે માત્ર ટાઈમપાસ કરી શરીર સુખનો હવસખોર હોવાનો ભાંડો ફૂટ્યો છે અને સમગ્ર મામલો ૨૭ દિવસથી ફરિયાદીને ન્યાય ન મળતા આખરે વકીલ મારફતે ભરૂચ કોર્ટમાં કેસ દાખલ કરવાની માહિતી સપાટી પર આવી છે.

ભરૂચ જિલ્લા પંચાયતના ગેટને અડીને આવેલ બિન ઉપયોગી ઓરડી વ્યસનકારો માટે આશીર્વાદરૂપ!!!

(પ્રતિનિધિ) ભરૂચ,

ભરૂચના જાહેર મુખ્ય માર્ગ ઉપર જીલ્લા પંચાયત કચેરી આવેલ છે અને પંચાયતના પ્રથમ ગેટને અડીને આવેલ બિન ઉપયોગી એક ઓરડી વ્યસનકારો માટે આશીર્વાદરૂપ સાબિત થતી હોય તેમ ઓરડી માંથી દેશી દારૂની ખાલી પોટલીઓ અને વિદેશી દારૂની ખાલી બોટલો તેમજ જુગાર રમવાના પાના - પત્તા મળી આવતા ઓરડીની બારી ખુલ્લી રાખવામાં આવતા જીલ્લા પંચાયત પણ શંકાના દાયરામાં આવી રહી છે. ભરૂચના હાર્દસમા વિસ્તાર એવા પાંચબત્તીના જાહેર મુખ્ય માર્ગ ઉપર જીલ્લા પંચાયત કચેરી આવેલી છે અને આ જીલ્લા પંચાયત કચેરીના પ્રથમ ગેટની બાજુમાં એક ઓરડી બનાવવામાં આવી હતી.પરંતુ આ ઓરડીની મેન રોડની સાઈડ એક

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

બારીની બનાવવામાં આવી છે.જે જગ્યા ઉપર બારી બનાવવામાં આવી છે ત્યાં કોઈ પણ જાતની ગ્રીલ નહીં લગાવવામાં આવતા અને ખુલ્લુ રાખવામાં આવતા જીલ્લા પંચાયતની આ ઓરડી વ્યસનકારો માટે આશીર્વાદરૂપ સાબિત રહી છે અને આ ઓરડી માંથી વિદેશી દારૂની ખાલી બોટલો,દેશી દારૂની ખાલી પોટલીઓ તથા જુગાર રમવાના પાના - પત્તાનો જથ્થો જોવા મળતા આ બિન ઉપયોગી ઓરડીમાં ગેરકાનૂની પ્રવૃત્તિ થતી હોવાના પ્રાથમિક અનુમાન વચ્ચે જીલ્લા પંચાયત આ ઓરડીમાં અઘટિત ઘટના બને તે પહેલા બિન ઉપયોગી ઓરડીને બંધ કરવાના પ્રયાસો કરવામાં આવે તે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ પણ છે કે એક તરફ ભરૂચ પોલીસ વિભાગ સમગ્ર શહેરમાં દબાણો દૂર કરવા અને રોડની સાઈડમાં મુકવામાં આવેલ વાહનોને લોક કરી દંડનીય કાર્યવાહી કરવામાં મગ્ન બની છે.પરંતુ ભરૂચમાં દારૂનું દૂષણ નાથવામાં નિષ્ફળ રહેતી હોય તેમ જીલ્લા પંચાયતની બીજ ઉપયોગી ઓરડી માંથી મળી આવેલ વિદેશી દારૂની ખાલી બોટલો અને દેશી દારૂની પોટલીના જથ્થા તેમજ જુગાર રમવાના પાના - પત્તા ઉપરથી સાબિત થઈ રહ્યું છે.ત્યારે જીલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બિન ઉપયોગી ઓરડીને ક્યારે બંધ કરે છે તે જોવું રહ્યું.

ભારત વિકાસ પરિષદ બાયડ દ્વારા મફત પીવાના પાણીની પરબ શરૂ કરવામાં આવી

(તસ્વીરઃ દિલીપ પુરોહિત, બાયડ)

(પ્રતિનિધિ) બાયડ,

જલ સેવા એજ પ્રભુ સેવાના નારા સાથે ભારત વિકાસ પરિષદ બાયડ શાખા દ્વારા સી. એ. પટેલ કોમ્પલેક્ષ બાયડ ખાતે ભા.વિ.પ બાયડના પ્રમુખ ડૉ .મીનેશભાઈ ગાંધી સાહેબની આગેવાની હેઠળ ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહદારીઓ માટે મફત પીવાના પાણીની પરબ શરૂ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ભા.વિ.પ બાયડના પ્રમુખ ડૉ.મિનેશભાઈ ગાંધી, મંત્રી ધર્મેશ સોની, ઉપ પ્રમુખ અતુલભાઈ મહેતા, ખજાનચી કુમુદચંદ્ર ભાવસાર, ઉમેશભાઈ શાહ, સંજયભાઈ શાહ,કાર્તિકભાઈ પટેલ,દેવચંદભાઈ પરમાર, ડૉ.સતિષભાઈ પટેલ, મોન્ટુભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ,કનુભાઈ પટેલ, મુકેશભાઈ પ્રજાપતિ વિગેરે સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રદેશ અ. જાતિ મોરચા ઉપપ્રમુખ નટુભાઈ પરમાર સહિતના ગુજરાતના કાર્યકરો ભિવંડીમાં પ્રચારમાં લાગ્યા

(પ્રતિનિધિ) મોડાસા,

ભિવંડી લોકસભા બેઠકના લોકપ્રિય ઉમેદવાર કપિલ પાટીલના મતવિસ્તાર ટીંટોલીમાં ગીરીશચંદ પરમાર (ભૂતપૂર્વ મંત્રી શ્રી શ્રમ અને રોજગાર ગુજરાત સરકાર) નટુભાઈ પરમાર (ઉપપ્રમુખ અજામો ગુ પ્રદેશ) અનિરુદ્ધ જાદવ લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રચારમાં. (જિલ્લા પ્રમુખ એમ અજામો) સાગર ભાલેરાવ (જિલ્લા પ્રમુખ કલ્યાણ અજામો) પંકજ રાઠોડ (પ્રાંતીય ભાજપ એએ કા સભા અજામો ગુ) અજય કાંબકે.

(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

વંસત વિજય કાંબાકે જોડાયા હતા. ભોજનમાં મહેન્દ્ર. પ્રતિભા રવિન્દ્ર. બધા કામદારો જોડાયા હતા અને મોટી સંખ્યામાં લોકો સંપર્કમાં આવ્યા હતા. વિસ્તારમાં ભાજપના કાર્યકરોને ઠેર ઠેર આવકાર મળ્યો હતો વિસ્તારના લોકો મોદીજીના કામો અને રાષ્ટ્ર માટે સમર્પણ ભાવથી પ્રભાવિત થયા હતા.

ગોધરાઃ મોબાઈલ ફોનમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા એક ઇસમને ઝડપી પાડયો

(પ્રતિનિધિ) ગોધરા,

ગોધરા શહેર એ ડિવિઝન પોલીસે બીવી ગાંધી પેટ્રોલપંપ સામે મોબાઈલ ફોનમાં માસ્ટર આઈડીની મદદથી આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા એક ઇસમને ઝડપી પાડયો હતો, પોલીસ દ્વારા સટ્ટો રમાડનાર અને માસ્ટર આઈડી વેચાણથી આપનાર બે ઈસમો સામે ગુનો નોંધ્યો છે. ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો, ત્યારે બાતમી મળી હતી કે ગોધરાના બીવી ગાંધી પેટ્રોલપંપ સામે ઇસમ મોબાઈલમાં આઈપીએલ મેચ પર આઈડી દ્વારા સટ્ટો રમાડી રહ્યો છે, જે બાતમીના આધારે ગોધરા પોલીસે ૧૪ મે મંગળવારે રાત્રે બાતમી મુજબની જગ્યાએ છાપો માર્યો હતો, પોલીસ દ્વારા બાતમી મુજબના ઇસમને કોર્ડન કરીને ઝડપી પાડવામાં આવ્યો હતો, પોલીસ દ્વારા તેના હાથમાં રહેલા મોબાઈલ ફોનની તપાસ કરતા દિલ્હી કેપિટલ અને લખનૌ સુપર જાયન્ટ ટીમની મેચ પર કમિશન રૂપે લાભ મેળવવા મોબાઈલ ફોનમાં સટ્ટાની આઈડી દ્વારા જુગાર રમાડતો મળી આવ્યો હતો, બીજી તરફ પોલીસ દ્વારા પકડાયેલા ઇસમની પુછપરછ હાથ ધરતા તેણે પોતાનું નામ લખન ઉર્ફે બાદશાહ ટેકચંદ કલવાણી જણાવ્યું હતું અને આ ક્રિકેટ સટ્ટો રમાડવા માટેની આઈડી ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી સાંઈક્રિષ્ના મોબાઈલ શોપના સંચાલક વિનોદ જામનદાસ વીરવાણીએ રૂ ૧૦ હજાર લઈને આપી હોવાનું જણાવ્યું હતું, ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે લખન ઉર્ફે બાદશાહ ટેકચંદ કલવાણી અને વિનોદ જામનદાસ વીરવાણી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

સાઠંબા હાઈસ્કુલનું ગૌરવ

(પ્રતિનિધિ) બાયડ,

તાજેતરમાં જાહેર થયેલા એસએસસી બોર્ડના જાહેર થયેલા પરિણામોમાં સાઠંબા હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ ૯૦.૪૯ ટકા પરિણામ હાંસલ કરી સાઠંબા ગ્રુપ વિકાસ વિદ્યામંદિર સંકુલને ગૌરવ અપાવ્યું છે. સાઠંબા ગ્રુપ વિકાસ વિદ્યામંદિર સંકુલની વિદ્યાર્થીની અને લક્ષ્મીપુરા ગામના મિતેશભાઈ પટેલની દિકરી પટેલ પ્રિયાંશી મિતેશભાઈએ ૯૯.૫૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવી લક્ષ્મીપુરા ગામ પરીવાર અને સાઠંબા હાઈસ્કુલનનું ગૌરવ અપાવ્યું છે.

પટેલ પ્રિયાંશી
૯૯.૫૯ પી આર

વલસાડની સરસ્વતિ ઈન્ટરનેશનલ સ્કૂલનું ધો. ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર

(પ્રતિનિધિ) વલસાડ,

તાજેતરમાં રાજયમાં સીબીએસઈ બોર્ડનું ધો.૧૦ અને ૧૨ નું પરિણામ જાહેર થતાં વલસાડની નામાંકિત શ્રી સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલનાં વિદ્યાર્થીઓ ખૂબ જ સુંદર પ્રભાવશાળી દેખાવ કર્યો છે. શાળાના અનેક વિદ્યાર્થીઓ ૯૦ થી વધુ માર્ક્સ મેળવી શાળાનું નામ રોશન કર્યુ હતું.શાળાના જાહેર થયેલા પરિણામોમાં ધો. ૧૨ સાયન્સમાં વ્યોમ દેસાઈ ૯૬ ટકા સાથે પ્રથમ ક્રમે, દિયા ભાનુશાલી ૯૩.૪૦ ટકા સાથે બીજા ક્રમે, હર્ષ ચોકસી ૯૩.૨૦ ટકા સાથે ત્રીજા ક્રમે આવ્યા હતા.જયારે ધો. ૧૨ કોમર્સમાં ખ્રિષ્ટીકુમારી ૯૬.૬૦ ટકા સાથે પ્રથમ ક્રમે, પ્રિયાંશ માલી ૯૫.૨૦ ટકા સાથે બીજા ક્રમે, લય ત્રિવેદી ૯૪.૪૦ ટકા સાથે ત્રીજા ક્રમે આવ્યો હતો. ધોરણ ૧૦માં નિષ્ઠા પટેલ ૯૭.૬૦ ટકા સાથે પ્રથમ ક્રમે, ભાર્ગવી મૌર્ય ૯૬.૪૦ ટકા સાથે બીજા ક્રમે, અનવી સિંઘ ૯૬.૨૦ ટકા સાથે ત્રીજા ક્રમે આવી હતી. શ્રી સરસ્વતી ઈન્ટરનેશનલ ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ પંડ્યા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

(તસ્વીરઃ અશોક જોષી)

સંગઠનાત્મક બેઠક યોજીને મંત્રી ડો.કુબેરભાઈએ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું

(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

(પ્રતિનિધિ) મોડાસા,

રાજયના શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીડોરે. આજરોજ ઓડિસાની કેન્દ્રપાડા લોકસભા વિસ્તારમાં સંગઠનાત્મક બેઠક યોજીને મંત્રી ડો.કુબેરભાઈએ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

ઓડિશાના તમામ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપના વિસ્તાર પ્રભારી, વિભાગીય પ્રભારી, શક્તિ કેન્દ્રના વડા, મહિલા મોરચાના અધિકારી અને વરિષ્ઠ કાર્યકરો સાથે કેન્દ્રપાડા લોકસભાના પ્રભારી અને કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ,ગુજરાતના કેબિનેટશિક્ષણ મંત્રી.શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબે સંગઠનાત્મક બેઠક યોજીને. 'આ વખતે અમે ૪૦૦ને પાર કરીએ છીએ' સૂત્ર સાથે ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તાએ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત માટેના સંકલ્પને સાકાર કરવા માટે આ વખતે ૪૦૦ને પાર કરવા કરવાના સંકલ્પને સિદ્ધ કરવા જે ઉત્સાહ વર્તાઈ રહયો છે એ નિહાળી ગુજરાતના ભાજપના કેન્દ્ર અને રાજયના મંત્રીઓ પ્રભાવિત થયા હતા.

ગ્રોઇંગટન વેન્ચર્સનું આગામી સમયમાં મજબૂત વૃદ્ધિ માટેનું લક્ષ્ય

મુંબઈ, મુંબઈ સ્થિત બીએસઈ લિસ્ટેડ કંપની અને સીએ વિક્રમ બજાજ દ્વારા પ્રમોટેડ ગ્રોઈંગટન વેન્ચર્સ ઈન્ડિયા આગામી સમયમાં મજબૂત ગ્રોથ નું લક્ષ્ય ધરાવે છે. કંપનીએ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ ૨૦૨૪ના પહેલા નવ મહિનામાં અને ત્રીજા ત્રિમાસિક ગાળા માટે ઉત્ક

સુબરસ
અર્ધ સાપ્તાહિક પૂર્તિ
ગુરૂવાર તા.૧૬ મે, ૨૦૨૪
3
વેસ્ટર્ન ટાઇમ્સ

ગ્રાહકો પાસેથી મનફાવે તેમ ચાર્જ વસુલતી બેંકો પરRBIની લાલ આંખ !

બેંકોએ ગ્રાહકો પાસેથી મનફાવે તેમ ચાર્જ ન વસુલવો જોઈએ અને જો બેંક લોન લેનાર ગ્રાહકો પાસેથી વ્યાજની ચુકવણી પર વધારાનો ચાર્જ વસુલતી હોય તો તે ચાર્જ પણ બેંક દ્વારા ગ્રાહકોને રિફંડ કરવામાં આવશે. આરબીઆઈની સુપરવાઈઝરી ટીમોએ બેંકો અને નોન-બેકિંગ ફાઈનાન્સિયલ કોર્પોરેશનની તેમની ઓનસાઈટ ચેકિંગ દરમિયાન કેટલીક અન્યાયી પ્રથાઓ શોધી કાઢ્યા પછી આ નિર્દેશ આપ્યો છે જેથી આ નિર્દેશનું મહત્વ ઘણું વધી જાય છે

તાજેતરના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાની નિષ્પક્ષતા અને પારદર્શિતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને જાળવી રાખવા માટે દેશની તમામ બેંકોને નિર્દેશ આપ્યો છે કે, બેંકોએ ગ્રાહકો પાસેથી મન ફાવે તેમ ચાર્જ ન વસુલવો જોઈએ અને જો બેંક લોન લેનાર ગ્રાહકો પાસેથી વ્યાજની ચુકવણી પર વધારાનો ચાર્જ વસુલતી હોય તો તે ચાર્જ પણ બેંક દ્વારા ગ્રાહકોને રિફંડ કરવામાં આવશે. આરબીઆઈની સુપરવાઈઝરી ટીમોએ બેંકો અને નોન-બેકિંગ ફાઈનાન્સિયલ કોર્પોરેશન (એનબીએફસી)ની તેમની ઓનસાઈટ ચેકિંગ દરમિયાન કેટલીક અન્યાયી પ્રથાઓ શોધી કાઢયા પછી આ નિર્દેશ આપ્યો છે જેથી આ નિર્દેશનું મહત્વ ઘણું વધી જાય છે.

આરબીઆઈના તારણોમાં જાણવા મળ્યું છે કે કેટલીક બેંકો આખા મહિના માટે વ્યાજ વસૂલતી હતી કે પછી ભલે તે મહિનાની અંદર લોન ચૂકવવામાં આવી હોય. વધુમાં વાસ્તવિક ડિસ્ટ્રિબ્યુશન તારીખને બદલે લોન કરારની મંજુરી અથવા અમલીકરણની તારીખથી વ્યાજ વસૂલવામાં આવતું હતું. કેટલાક કિસ્સાઓમાં, બેંકોએ ચેક દ્વારા લોન જારી કરી હતી પરંતુ ચેકની તારીખથી વ્યાજ વસુલ્યું હતું.

સમકાલીન

બેંકોની આવી પ્રથાઓ લોન લેનારાઓ એવા ગ્રાહકો માટે નોંધપાત્ર અસરો ધરાવે છે કે જેઓએ જેટલા રૂપિયાની લોન લીધી હોય તેના કરતા વધારે રૂપિયા વ્યાજ તરીકે ચુકવ્યા હોય આ વાત ફકત ગ્રાહકો પર વધી રહેલા નાણાકીય બોજ પૂરતી સીમિત નથી પરંતુ સાથે જે તે નાણાકીય સંસ્થાઓ અને તેમના ગ્રાહકો વચ્ચે વિશ્વાસની બાબત પણ છે.

આ વખતે આરબીઆઈએ માત્ર સલાહ જ આપી નથી પરંતુ સાથે આદેશ આપ્યો છે કે બેંકો તેમની લોન વિતરણ અને વ્યાજ વસૂલવાની પદ્ધતિઓની સમીક્ષા કરે. બેંકોએ હવે આ મુદ્દાઓને સુધારવા અને અસરગ્રસ્ત ગ્રાહકોને વધારાનું વ્યાજ અને અન્ય શુલ્ક પરત કરવા માટેની સિસ્ટમ-સ્તરના ફેરફારો કરવાની જરૂર છે. આ નિર્દેશ એ સુનિશ્ચિત કરવાના આરબીઆઈના પ્રયત્નોનો પુરાવો છે કે આરબીઆઈ બેકિંગ ક્ષેત્રની અખંડિતતા માટે કાર્ય કરે છે. આ સાથે જ આરબીઆઈ અન્ય બેંકોને સ્પષ્ટ સંદેશ પણ આપવા માંગે છે કે, મધ્યસ્થ બેંક વાજબી

પ્રથાઓમાંથી કોઈપણ વિચલનને સહન કરશે નહી. આ પગલું વધુ નૈતિક બેકિંગ વાતાવરણને પ્રોત્સાહન આપશે અને સામાન્ય લોન લેનારના હિતોનું રક્ષણ કરશે તેવી અપેક્ષા છે.

હવે આપણે ઓવરચાર્જિંગની સમસ્યાને સમજવાનો પ્રયત્ન કરીએ. બેંકો વ્યાજની ગણતરી કેવી રીતે કરે છે તેના મિકેનિકસનો અભ્યાસ કરવો જોઈએ. લોન પરના વ્યાજની ગણતરી સામાન્ય રીતે મુખ્ય રકમ અને જે સમય માટે નાણાં ઉછીના લેવામાં આવે છે તેના આધોર કરવામાં આવે છે. જયારે બેંકો વાસ્તવિક વિતરણની તારીખને બદલે મંજૂરી અથવા અમલીકણની તારીખથી વ્યાજ વસૂલ કરે છે, ત્યારે તેઓ અન્યાય રીતે લોન લેનાર પર વ્યાજનો બોજ વધારે છે. આ પ્રથા, ટેકનિકી હોવા છતાં ગ્રાહકોની નાણાકીય સુખાકારી પર સીધી અસર કરે છે.

પારદર્શિતા એ કોઈપણ નાણાકીય વ્યવહારનો આધાર છે. જયારે ગ્રાહકો લોન લે છે, ત્યારે તેઓ એવું સમજીને કરે છે કે તેમની પાસેથી વ્યાજબી રકમ વસૂલવામાં આવશે. આરબીઆઈનો નિર્દેશ બેંકોને એક રીમાઈન્ડર તરીકે કામ કરે છે કે પારદર્શિતા વૈકલ્પિક નથી પરંતુ મુળભૂત જરૂરિયાત છે. રિફંડ ફરજિયાત કરીને, આરબીઆઈ બેંકો અને તેમના ગ્રાહકો વચ્ચે વ્યાજ ચાર્જ અંગે સ્પષ્ટ સંચારની જરૂરિયાતને વધુ મજબુત બનાવી રહી છે.

બેંક અને તેના ગ્રાહકો વચ્ચેનો સંબંધ વિશ્વાસ પર બનેલો છે. જયારે ગ્રાહકોને લાગે છે કે તેમની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે, ત્યારે વિશ્વાસ ક્ષિણ થાય છે. નિયમનકારી પરિપ્રેક્ષ્યમાં, આરબીઆઈનો નિર્દેશ બેકિંગ ક્ષેત્રની અંદર પ્રણાલીગત સમસ્યાઓને રોકવા માટે એક સક્રિય પગલું છે. અન્યાયી પ્રથાઓને સંબોધીને, આરબીઆઈ અન્ય નિયમનકારી સંસ્થાઓ માટે અનુસરવા માટે એક દાખલો સ્થાપિત કરી રહી છે તે સ્પષ્ટ સંકેત છે કે સેન્ટ્રલ બેંક આ ક્ષેત્ર પર સક્રિયપણે દેખરેખ રાખી રહી છે અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે જરૂર પડયે હસ્તક્ષેપ કરશે.આ નિર્દેશની સમગ્ર બેન્કિંગ સેકટરમાં અસર થવાની શક્યતા છે. બેંકોએ તેમની સિસ્ટમની સમીક્ષા કરવાની અને ઓવરઓલ ઓપરેટિંગ ફેરફાર કરવાની જરૂર પડશે. ભવિષ્યમાં આવી સમસ્યાઓ ઉભી થતી અટકાવવા માટે આમાં ટેકનોલોજી અને તાલીમમાં નોંધપાત્ર રોકાણ કરવું પડી શકે છે. જોકે આવા રોકાણોના લાંબા ગાળાના ફાયદા સ્પષ્ટ છે કે તેનાથી વધુ મજબુત અને ન્યાયી બેકિંગ સિસ્ટમનું નિર્માણ થશે.

આરબીઆઈના પગલાંની ભારતની સરહદોની બહાર પણ અસરો છે. વૈશ્વિક અર્થતંત્રમાં, એક દેશના બેંકિંગ ક્ષેત્રની પ્રથાઓ અન્ય લોકોને પ્રભાવિત કરી શકે છે. અયોગ્ય વ્યાજ ચાર્જ સામે સ્ટેન્ડ લઈને, આરબીઆઈ બેકિંગ એથિકસ અને ગ્રાહક સુરક્ષા પર વૈશ્વિક સિસ્ટમમાં યોગદાન આપી રહી છે. તે એક એવું પગલું છે જે વિશ્વભરની અન્ય કેન્દ્રીય બેંકો દ્વારા સમાન ક્રિયાઓને પ્રેરણા આપી શકે છે.

બેંકો વ્યાજની ગણતરી કેવી રીતે કરે છે તેના મિકેનિકસનો અભ્યાસ કરવો જોઈએ . લોન પરના વ્યાજની ગણતરી સામાન્ય રીતે મુખ્ય રકમ અને જે સમય માટે નાણાં ઉછીના લેવામાં આવે છે તેના આધારે કરવામાં આવે છે

માતાને હેરાન-પરેશાન કરતી સમસ્યા બાળકના દૂધિયા દાંત

સામાન્ય રીતે બાળકને છથી આઠ મહિના દરમિયાન દાંત આવવાની શરૂઆત થતી હોય છે, કેટલાંક બાળકોમાં આ શરૂઆત મોડી થતી હોય છે. ખાસ કરીને આ બાબત બાળકના સ્વાસ્થ્ય પર આધારિત હોય છે. જો બાળકને દાંત મોડા આવવાની શરૂઆત થાય તો ચિંતા ન કરવી. દાંત આવવાનો ક્રમ બરાબર જળવાઈ રહેવો જોઈએ. બાળકોને સૌપ્રથમ નીચેના, સામેના દાંત આવે છે ત્યાર બાદ ઉપરના સામેના દાંત આવે છે.

બાળકોને જયારે દાંત આવવાની શરૂઆત થાય છે ત્યારે પહેલાં તેના પેઢાં ફૂલી જાય છે. તેમાં ખંજવાળ આવે છે અને બાળકને બેચેની થવા લાગે છે. આ સમય દરમિયાન બાળક મોટા ભાગે મોઢામાં આંગળી નાખ્યા કરે છે. તેની આસપાસની જે કંઈ વસ્તુ નજરે પડે છે તે વસ્તુ મોઢામાં નાખે છે. આ સમયે ખાસ ધ્યાન એ રાખવું જોઈએ કે બાળક જે કંઈ ચીજવસ્તુ મોઢામાં નાખે તે ખરાબ ન હોવી જોઈએ.

ખાસ કરીને એવું કહેવાય છે કે બાળકોને દાંત આવે છે ત્યારે તેને ઝાડા થઈ જાય છે. આવું બને છે ખરું, પરંતુ એનું ખાસ કારણ હોય છે. બાળકોને ચોખ્ખા રાખવા તરફની તકેદારીની ઉણપ, જયારે કોઈ અસ્વચ્છ વસ્તુ તેના મોઢામાં જાય છે ત્યારે તેને આ પ્રકારના ઝાડા થતા હોય છે. હા, આપણા મોઢામાં જીવાણુઓ હંમેશા હાજર હોય છે. બાળકને જયારે દાંત નથી હોતા ત્યારે તેના મોઢામાં જીવાણુઓ ઓછા હોય છે, પરંતુ જેમજેમ બાળકને દાંત આવવાની શરૂઆત થાય છે. તેમ તેમ જીવાણુની સંખ્યા વધતી જાય છે. બાળક આટલા બધાં જીવાણુ સહન નથી કરી શકતું અને તેના કારણે પેટ ખરાબ થાય છે, પરંતુ ધીરે ધીરે બાળક જીવાણુઓ સાથે પોતાનો તાલમેળ બેસાડે છે તેમ તેમ તેમનું પેટ ઠીકઠાક થવા લાગે છે.

બાળકને દાંત આવવાની શરૂઆત થાય તે દિવસથી દાંતની સફાઈ શરૂ કરી દેવી જોઈએ. જો બાળક નાનું હોય તો કોઈ સુતરાઉ કાપડ અથવા તો કોટનથી દરરોજ દાંત સાફ કરવા જોઈએ. દાંત બહાર આવે કે તરત જ જીવાણુઓનો હુમલો શરૂ થઈ જાય છે. ઘણીવાર જોવામાં આવે છે કે બેથી અઢી વર્ષના બાળકના બધા દાંત પડી જતાં હોય છે. તેમાં કેવિટી થઈ જાય છે. બેદરકારી રાખી દાંતની સફાઈ ન કરવાને કારણે આવું થાય છે.

દાંતની સફાઈ માટે બાળકો દંતમંજનનો જ ઉપયોગ કરે તે જરૂરી નથી. તેમને માટેમાત્ર બ્રશથી કરવામાં આવતી સફાઈ પૂરતી હોય છે.



દાંત આવવાના સમયે બાળકને કશો ખોરાક આપવાની જરૂર નથી હોતી. બાળકને દૂધમાંથી કેલ્શિયમ મળે છે. આ સમય દરમિયાન ખાવાપીવામાં સફાઈ અને દાંતને સાફ રાખવાની ખાસ જરૂર છે.

બાળકના દૂધિયા દાંત કેટલાંક વર્ષો પછી આપોઆપ તૂટી જતાં હોય છે, પરંતુ આનો અર્થ એવો પણ નથી કે તેનું મહત્વ ઓછું હોય છે. બાળકોના વિકાસ માટે એ દાંતનું ઘણું મહત્વ છે.

બાળક એ દાંતની મદદથી જ વસ્તુને ચાવવાનું શીખે છે. દુધિયા દાંત આવ્યા પછી જ તે બોલવાનું શીખે છે. બાળકના દૂધિયા દાંત જો તૂટી જાય તો ઉચ્ચારણ પર તેની અસર થાય છે. આવી હાલતમાં એ સ્થાન ખાલી ન રહેવું જોઈએ. તરત જ બીજા દાંત બેસાડી લેવા જોઈએ.

બાળકોના દુધિયા દાંતની પણ સાચી જાળવણી કરવી જોઈએ. કશું પણ ખાધા પછી દાંતની સફાઈ જરૂર કરવી જોઈએ. દાંતમાં ચોંટી જતા પદાર્થો બાળકોના દાંતમાં બિલકુલ રહેવા જોઈએ નહી. રેસાવાળી વસ્તુ જ ખવડાવવી જોઈએ.

બાળકોને હંમેશા સમતોલ આહાર આપવો જોઈએ. એ વાતનું ધ્યાન રાખવું કે દાંત એકજ વાર આવે છે, તેમાં કશો વિકાસ કે પરિવર્તન થતું નથી. બાળકના આહારમાં કેલ્શિયમવાળી ચીજવસ્તુઓ આપવી જોઈએ. કાચાં ફળ, શાકભાજી ખાવાની ટેવ પાડવી જેને ચાવવાથી દાંત અને પેઢાંને કસરત મળશે અને તે મજબુત બનશે.

બાળકોને દાંત આવવાની શરૂઆત થાય તે સમયે દાંતના ડોકટરને બતાવવું જોઈએ, પરંતુ વાસ્તવમાં આવું બનતું નથી હોતું. જયારે બાળક બે વર્ષનું થાય એટલે દાંતના ડોકટર પાસે લઈ જઈ યોગ્ય જાણકારી અને માર્ગદર્શન મેળવવું.

આજકાલ બાળકોની દાંત સંબંધી અનેક મુશ્કેલીઓ વધી ગઈ છે જેનું કારણ ચોખ્ખા પાણીનો અભાવ છે. આ ઉપરાંત બાળકોની ખાવાપીવાની રીતભાત એટલી બદલાઈ ગઈ છે કે દાંત પર ખરાબ અસર કરે છે.

બાળકોના દુધિયા દાંત કસમયે ખરી પડે છે. તેમાં કેવિટી થાય છે. બાળકોના દાંતમાં મોટાઓની તુલનામાં કેલ્શિયમની માત્રા ઓછી હોય છે. આના કારણે દુધિયા દાંતમાં કેવિટી જલદી થાય છે. પહેલા એક નાના ખાડાના રૂપમાં હોય છે ત્યાર પછી એ વધી સમગ્ર દાંતને ખરાબ કરે છે. એટલા માટે એક પુખ્ત વ્યક્તિને દર છ મહીને કોઈ યોગ્ય દાંતના ડોકટરને બતાવવું જરૂરી હોય છે તે રીતે બાળકને પ્રત્યેક છમહિને દાંતના ડોકટરને બતાવવું એટલું જ જરૂરી છે જેના કારણે ભવિષ્યની કોઈ ગંભીર સમસ્યામાંથી બાળકને બચાવી શકાય.

આ ખાદ્ય પદાર્થોને ક્યારેય ફ્રીઝમાં ન રાખો

ટેકનોલોજીની પ્રગતિએ જીવનને સરળ અને ગડબડમુક્ત બનાવવા માટે અપગ્રેડ કરેલા ઉપકરણો આપણા માટે આશીર્વાદરૂપ છે. આવું જ એક ઉપકરણ કે જે ઘર માટે જરૂરી છે. તે જે રેફ્રિજરેટર, આપણા ખોરાકની જાળવણી અને બગાડ અટકાવવાના અનુસંધાનમાં, રેફ્રિજરેશન એ આપણા રોજિંદા જીવનનો અનિવાર્ય ભાગ બની ગયો છે. રેફ્રિજરેટ એ ઘરમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રિક ઉપકરણોમાંનું એક છે, ખાસ કરીને ઉનાળામાં, આપણે ફ્રીઝમાં ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરીએ છીએ જેથી તેમાંથી ગરમી ઓછી થાય, તેનું તાપમાન ઓછું થાય અને તેને લાંબા સમય સુધી સાચવી શકાય. પરંતુ શું તમે જાણો છો કે અમુક ખાદ્ય પદાર્થો જો તમે તેને રેફ્રિજરેટરમાં રાખો છો તો માનવ વપરાશ માટે અયોગ્ય બની જાય છે ? હા, તમે સાચું વાંચ્યું ! આયુર્વેદ વેલનેસ અને ગેટ હેલ્થ એકસપર્ટ, ડો. ડિમ્પલ જાંગડાએ ચાર કુદરતી ખોરાકની યાદી આપી છે, જે રેફ્રિજરેશનમાં 'ઝેરી' બની શકે છે.

લસણ : ડો. જાંગડાના જણાવ્યા અનુસાર, જો લસણને રેફ્રિજરેટરમાં રાખવામાં આવે તો તે ખૂબ જ ઝડપથી મોલ્ડવિકસાવી શકે છે. મોલ્ડ એટલે કે જેમાંથી ચોકકસ પ્રકારની ફુગ બને છે અને એ બદલામાં ગંભીરરોગો તરફ દોરી શકે છે, જેમાંથી સૌથી ગંભીર કેન્સર છે. તેઓ તાજા લસણને તેની છાલ સાથે ખરીદવાની સલાહ આપે છે, જયાં સુધી તેને રાંધવામાં ન આવે ત્યાં સુધી તેની છાલ ન કાઢો અને તેને હંમેશા રેફ્રિજરેટરનીબહાર રાખો. યુનાઈટેડ સ્ટેટ્સની કોર્નેલ યુનિવર્સિટીના નિષ્ણાતોએ પણ તાજા લસણને રેફ્રિજરેટરમાં સંગ્રહિત કરવા સામે ચેતવતી આપી હતી. કારણ કે લસણના

બલ્બમાં એસિડીટી ઓછી હોય છે, જે તેમને 'કલોસ્ટ્રિડિયમ બોટયુલિનમ' બેકટેરિયા માટે સંવેદનશીલ બનાવે છે, જે ફૂડ પોઈઝનિંગનું કારણ બને છે. ડુંગળી : બીજો ખોરાક કે જે તમારે ક્યારેય રેફ્રિજરેટર ન કરવો જોઈએ, તે છે ડુંગળી. ડુંગળી એક એવો પાક છે જે નીચા તાપમાન સામે પ્રતિરોધક છે. જયારે તમે તેને રેફ્રિજરેટ કરો છો, ત્યારે ડુંગળીમાંનો સ્ટાર્ચ ખાંડમાં પરિવર્તિત થવા લાગે છે અને મોલ્ડ બનવા લાગે છે. ઘણા લોકો અડધી ડુંગળીનો રાંધવામાં ઉપયોગ કરે છે, જયારે બાકીની અડધીને ફ્રીજમાં રાખવાની ભુલ કરે છે. આ ભુલ કરવાનું ટાળો.

ઓક્સિજન વિના મહિનાઓ સુધી જીવતી માછલીઓ

ઓક્સિજન વગર કોઈ જીવને ચાલતું ના હોવાથી તે પ્રાણવાયુ સમાન છે. શરીરની કોશિઓ ઓક્સિજનની મદદથી ઊર્જા મેળવે છે. જો કે, ગોલ્ડ ફિશ અને કુર્સિયન કાર્પ પ્રકારની માછલીઓ ઓક્સિજન વિના પણ મહિનાઓ સુધી જીવી જવાની ખાસિયત ધરાવે છે. આ માછલીઓ શરીરમાં રહેલા પ્રોટીનને ઈથેનોલમાં ફેરવી નાંખે છે. ખાસ કરીને પાણી શૂન્ય ડિગ્રીએ જામવા લાગે ત્યારે આ માછલી શરીરમાં રહેલા પ્રોટીનને ઈથેનોલમાં પરિવર્તિત કરે છે જયારે ઈથેનોલ માઈન્સ ૧૧૪ ડિગ્રી તાપમાને થ્રીજે છે. આવા સંજોગોમાં ગોલ્ડ ફિશ અને કુર્સિયન કાર્પનું શરીર જામતું પણ નથી. આ આલ્કોહોલ માછલી માટે કવચનું નામ કરે છે જે પાણીને જામી જતું અટકાવે છે. આથી તે બરફવાળા વાતાવરણમાં વગર ઓક્સિજને મહિનાઓ સુધી જીવી શકે છે. શરીરમાં ઈથેનોલની માત્ર વધી જાય ત્યારે મોં દ્વારા તે બહાર કાઢી નાંખે છે. જો કે, આવું કેવી રીતે થાય છે તે માટે લીવરપુલ અને ઓસ્લોના વૈજ્ઞાનિકો મોલિક્યુલર મિકેનિઝમ શોધી રહ્યા છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, માછલી શરીરમાંના પ્રોટીનને શુદ્ધ ઈથેનેલમાં ફેરવી નાંખે છે. કુર્સિયન કોર્પ અને ગોલ્ડ ફિશ પરના સંશોધકોનું માનવું છે કે, ઉતરી યુરોપમાં ઘણા સમય સુધી બરફ ઢંકાયેલા તળાવમાં ઓક્સિજન રહિત માહોલ ઊભો થાય ત્યારે કુર્સિયન કોર્પના લોહીમાં આલ્કોહોલની ઘટતા ૫૦ મિલિગ્રામથી વધીને ૧૦૦ મિલિગ્રામ થાય છે. ઈથેનોલ પેદા કરવાની ક્ષમતા જ તેને જીવાડે છે. આવા વિપરીત સંજોગોમાં બીજી કોઈ માછલી જીવી શકતી નથી. જો કે આવું કેવી રીતે થાય છે તે માટે કુર્સિયન કાર્પ અને ગોલ્ડ ફિશ પર સંશોધન કરનારા લીવરપૂલ અને ઓસ્લોના વૈજ્ઞાનિકોનું માનવું છે કે, માછલી શરીરમાંના પ્રોટીનને શુદ્ધ ઈથેનેલમાં ફેરવી નાંખે છે. ઉત્તરી યુરોપમાં ઘણા સમય સુધી બરફથી ઢંકાયેલા તળાવમાં ઓક્સિજન રહિત માહોલ ઊભો થાય ત્યારે કુર્સિયન કોર્પના લોહીમાં આલ્કોહોલની ઘટતા ૫૦ મિલિગ્રામથી વધીને ૧૦૦ મિલિગ્રામ થાય છે. ઈથેનોલ પેદા કરવાની ક્ષમતા જ તેને જીવાડે છે. બાકી આવા વિપરીત સંજોગોમાં બીજી કોઈ માછલી જીવી શકતી નથી.



મોબાઈલ અનિવાર્ય છે પણ એનો મર્યાદિત વપરાશ વધુ અનિવાર્ય છે

'રિવા, બેટા બસ હવે ફોન મૂકો અને જમવામાં ધ્યાન આપો. તું કયારની મોબાઈલમાં રમી રહી છે. ખાસ કંઈ જોવા જેવું હોતું પણ નથી અને આમ પણ તારી પરીક્ષાઓ નજીક આવી રહી છે. થોડો સમય વાંચવા માટે પણ રાખ. ધીમેધીમે તારો સ્ક્રીન ટાઈમ વધતો જાય છે અને એ સારી બાબત નથી. આંખને તો નુકસાન થાય જ છે સાથે એકાગ્રતા પણ ઓછી થાય છે અને બ્રેનના ટિશ્યૂ પણ ડેમેજ થાય છે. જયારથી તને આ નવો ફોન લઈ આપ્યો છે ત્યારથી મેં જોયું છે કે તું તારો મોટાભાગનો ફ્રી સમય ફોન સાથે જ વિતાવે છે અને વાંચવાના સમયે પણ વારંવાર ફોન ચેક કરી લેતી હોય છે બેટા. કોઈ મેસેજ કે કોઈ કોલ આપણા અને આપણી કરિયરથી વધારે મહત્વના હોતા નથી. અત્યારે હું તને જે કહી રહી છું એ તને નહીં ગમે પણ એક વખત સારી કરિયર બનાવી લે પછી હું તને નહીં ટોકું.

આમ જુઓ તો લગભગ ૯૦ ટકા ઘરોમાં થતી હોય એવી જ સામાનય વાત હતી. અત્યારે બાળકો સમજણા થાય ત્યારથી તેમના હાથમાં મોબાઈલ ફોન જોવા મળે છે. એમાં એ લોકો કાર્ટુન જોતા હોય, ગેમ રમતા હોય અથવા મૂવી જોતા દેખાય છે. બહુ ઓછા બાળકો એવા હશે જે મોબાઈલનો સદઉપયોગ કરતાં હશે.

રિવા અને એની મમ્મી મેઘા બંને તેજસ્વી. મેઘા એક ઈન્ટરનેશનલ કંપનીમાં ઉંચી પોસ્ટ પર અને એના હસબન્ડ મયૂર પણ સીઈઓ. બંને આમ તો ખૂબ બીઝી છતાં એમની એકમાત્ર દીકરી રિવા માટે એમને સમય મળી જ રહે એવી ગોઠવણ એમણે કરેલી. છેલ્લા કેટલાક વખતથી ખાસ કરીને રિવાની વર્ષગાંઠ પર એને નવો સ્માર્ટફોન આપ્યો, ત્યારથી એનો સ્ક્રીન ટાઈમ અચાનક વધી ગયો હતો. રિવા બારમા ધોરણમાં અભ્યાસ કરતી હતી, ભણવામાં હોશિયાર હતી. મોબાઈલને કારણે અભ્યાસ ઉપર અસર થાય એ ક્યાં માતાપિતાને ગમે? તેથી રિવાના બદલાયેલા વલણને કારણે મેઘા અને મયૂર બંનેને ચિંતા થાય એ સ્વાભાવિક હતું એટલે સામાન્ય રીતે નાની નાની બાબતોમાં રિવાને જાતે નિર્ણય લેવા દેવાનું નકકી કર્યા પછી પણ આજે અને છેલ્લા કેટલાક દિવસથી મેઘા રિવાને સતત સૂચના આપતી હતી.

પણ સામે રિવા પણ સ્માર્ટ હતી. એણે તરત જ મમ્મીને જવાબ આપી દીધો 'મમ્મા, પહેલાં તમારા સ્ક્રીન ટાઈમ ચેક કરો અને પછી મને ઈન્સ્ટ્રકશન આપો, અમારે થોડું અપડેટેડ રહેવું પડે છે અને કલાસના ટાઈમિંગ અને ટેસ્ટ મટીરિયલ પણ વોટસએપ પર જ આવે છે એટલે થોડો ઘણો સમય ફોનને આપવો પડે. અને પછી મારે પણ થોડો સમય એન્ટરટેઈનમેન્ટ તો જોઈએને? અને તું પણ નથી જોતી રાત્રે દોઢ કલાક ટીવી અને મોબાઈલ ?

રિવાની વાત સાંભળીને મેઘાને થોડો આઘાત લાગ્યો. આજ સુધી રિવા કયારેય મેઘા સામે બોલી નહોતી અને આમ અચાનક એણે થોડી તોછડી લાગે એ રીતે દલીલો કરી તેથી મેઘાને થોડું અપમાનજક તો લાગ્યું છતાં થોડો સમય પછી એને ખ્યાલ આવી ગયો કે આ બધું જ, ખાસ કરીને રિવાના વર્તનમાં પરિવર્તન સતત મોબાઈલ વાપરવાના કારણે પણ હતું. નવો ફોન લઈ આપવા માટે થોડો સમય રાહ જોવા જેવી હતી પરંતુ એની બધી જ બહેનપણીઓ સારા ફોન વાપરે અને એથી રિવાને ઓછું ન આવે એટલા માટે તેમણે ફોન લઈ આપ્યો હતો અને એનું ખરાબ પરિણામ હવે સામે જોવા મળી રહ્યું હતું.

પણ સામે મેઘા પણ હોશિયાર હતી એટલે એણે તરત જ રિવાને કહ્યું, ચાલ, આપણે ચેલેન્જ રાખીએ. સાંજે બંનેનો સ્ક્રીન ટાઈમ ચેક કરીશું. જેનો સ્ક્રીન ટાઈમ વધારે હોય એને નાનકડી પનિશમેન્ટ અથવા તો જેનો સ્ક્રીન ટાઈમ ઓછો હોય તેને નાનકડી ગિફટ અને સતત એક મહિનો સ્ક્રીન ટાઈમનું ટોટલ કરીને પછી મોટી ગિફટ રાખીશું.' ચેલેન્જ મંજૂર છે? રિવાએ પહેલા મમ્મીની વાત સાથે સહમત થવામાં આનાકાની કરી પણ પછી એણે ચેલેન્જ સ્વીકારી લીધી.

પછી તો રોજ સાંજે મયૂર બંનેને ઓબ્ઝર્વ કરતો. બંનેના સ્ક્રીન ટાઈમ ગણાવવા માંડ્યો. બંનેના ચેલેન્જમાં ધીમે ધીમે મયૂર પણ ઉમેરાયા અને પરિણામે ત્રણેના સ્ક્રીન ટાઈમ ઘટવા લાગ્યા. આમ તો ત્રણેને ખબર જ હતી કે વધારે ફોન વાપરવો એ સારી વાત છે જ નહી. પણ ફોન હાથમાં હોય એટલે પછી મન પર કાબૂ રાખવો મુશ્કેલ બની જતો હતો. જે હવે આ ચેલેન્જને કારણે સરળ બનતો ગયો.

વધારે ફોન વાપરવો એ આજકાલનો સામાન્ય પ્રશ્ન છે પણ ખુબ ગંભીર છે અને આનાં પરિણામો તરત તો દેખાતાં હોય જ છે પણ દુરગામી હોય છે એટલે ભવિષ્યમાં બાળકને આ ટેવ નુકસાન ન કરે તે માટે મા-બાપે ગંભીરતાથી એના ઉપર ધ્યાન આપવું જોઈએ. મોટેભાગે મા બાપ ક્યાં તો બાળક પર થોડી સખ્તાઈ કરે છે, ક્યાં તો ઉપદેશ આપે છે અથવા તો ફોન લઈ લેવાની ધમકી આપે છે પણ એના કરતાં પોતે પણ સ્વીકારી લેવું કે ફોન માટેનો સમય મર્યાદિત હોવો જોઈએ એ સૌથી પહેલું સુંદર પગલું છે,

ગર્ભાવસ્થામાં ફળોનું સેવન માતા અને સંતાનને રાખે તંદુરસ્ત

ગર્ભાવસ્થા દરમિયાન પૌષ્ટિક આહાર લેવો જોઈએ તેવું આપણે સૌ જાણીએ છીએ. સમતોલ અને પૌષ્ટિક આહારને કારણે અવારનવાર બાળક અને માતા બંને તંદુરસ્ત રહે છે. સમતોલ આહારમાં ફળોનું સેવન આવશ્યક છે. તાજા ફળોમાં વિવિધ પ્રકારના વિટામીન્સ અને પોષક તત્વો પ્રચુર માત્રામાં હોય છે. તેમજ ફાઈબર પણ સારા પ્રમાણમાં હોય છે. પ્રેગ્નન્સી દરમીયાન થોડું અમથું ખાવાનું મન થાય તો અનહેલ્ધી નાસ્તા કરવાને બદલે ફળો ખાવા એ વધુ સલાહભર્યું છે.

સફરજન : કહેવાય છે કે રોજનું એક સફરજન આપણાથી ડોકટરને દૂર રાખે છે. સામાન્ય વ્યક્તિઓની જેમ જ પ્રેગ્નન્સી દરમિયાન પણ પ્રેગનેન્ટ વુમન માટે સફરજન ખૂબ ફાયદાકારક છે તેમાં સમાયેલ વિટામિન એ,સી, અને ફાઈબર બાળકને કોઈપણ એલર્જીથી રક્ષણ આપે છે.

સંતરા : વિટામીન સી, ફોલેટ અને પાણીથી ભરપુર સંતરા આયર્નને શોષવામાં મદદ કરે છે ફોલેટ અવાનાર બાળકમાં કોઈ પણ જન્મજાત વિષમતાને દૂર કરે છે.

કેળા : પોટેશિયમ, મેગ્નેશિયમ અને ફોલેટથી ભરપુર કેળા બાળકને અનેક જન્મજાત દોષથી બચાવે છે અને ગર્ભવતીને જીવ ગભરાવવાની તકલીફમાં રાહત આપે છે.

કેરી : વિટામીન એ અને સી થી ભરપુર એક સમારેલી કેરી રોજની વિટામીન સી ની જરૂરિયાત પુરી કરે છે તેમજ બાળકની ઈમ્યુનિટી સ્ટ્રોંગ કરે છે.

ચીકુ : પ્રેગ્નન્સી દરમિયાન ચકકર આવવા અને ગભરામણ થવી જેવી તકલીફ સામાન્ય છે તેમાં ચીકનું સેવન ગુણકારી નીવડે છે પેટથી જોડાયેલી સામાન્ય સમસ્યાઓ જેવી કે વારંવાર ઝાડા થવા તેમજ પેટમાં દુઃખાવા જેવી તકલીફથી રાહત આપે છે.

નાસપતી : ફાઈબર, ફોલેટ અને પોટેશિયમથી ભરપુર નાસપતી ગર્ભાવસ્થામાં કબજિયાતની તકલીફ થવા દેતું નથી. બાળકના હૃદય માટે પણ ખુબ ગુણકારી છે.

દાડમ : વિટામીન કે, કેલ્શિયમ, પ્રોટીન અને આયર્નથી ભરપુર દાડમ એનર્જીનો ઉત્તમ સોર્સ છે સાથે સાથે તે હડાકાને મજબુત કરવામાં મદદ કરે છે.

કીવી : આ ફળનું સેવન ગર્ભાવસ્થા દરમિયાન ફાયદાકારક માનવામાં આવે છે તેમાં વિટામીન સી, એ, પોટેશિયમ, ફોલિક એસીડ સમાયેલા છે. આ ફળના સેવનથી ઉધરસ અને ગભરામણની તકલીફ દૂર થાય છે. એવોકાડો : વિટામીન બી, કોપર અને ફાઈબરથી ભરપુર એવોકાડો બાળકની ત્વચા અને બ્રેઈનના ટીશ્યુઝના ડેવલોપમેન્ટમાં મદદ કરે છે અને સગર્ભા મહિલાઓના પગમાં થનારી કેમ્પસ અને કેનસ ચડવા જેવી તકલીફ દૂર કેર છે.

શાંતિનો કોઇ જ વિકલ્પ નથી, શાંતિ પોતે એક વિકલ્પ છે

આમ જેવા જઈએ તો ભૂલવું એ ખરાબ આદત છે પરંતુ અમુક બાબતોમાં ભૂલી જવામાં જ મજા છે. વ્યાપારની જો વાત કરીએ તો ત્યાં ભૂલી જવાથી નુકસાન થાય છે. વેપારી પોતાનો વાયદો ભૂલી જાય તો બજારમાં એની છાપ બગડે છે અને લાંબે ગાળે એની આ ટેવને કારણે નુકસાન થાય છે. વિદ્યાર્થીઓ માટે પણ કંઈક એવું જ છે. શીખેલું અને વાંચેલું જો પરીક્ષામાં ભૂલી જાય તો એના પરિણામ ઉપર વિપરીત અસર પડે છે પરંતુ જીવનની બાબતમાં આ ગણિત સાવ ખોટું છે. જીવનની બાબતમાં અમુક વસ્તુ ભૂલી જવામાં અને અમુક વસ્તુ કયારેય ન ભૂલી જવામાં જ માલ છે. અમેકિાના પ્રસિદ્ધ લેખક, પ્રકાશક અને સારામાં સારા કલાકાર અને તત્ત્વચિંતક એલ્બર્ટ હુભેર્ડ એવું કહેતાં કે ખૂબ સારી યાદશક્તિ એ ખૂબ સારી વાત હોઈ શકે, પરંતુ ભૂલી જવાની ક્ષમતા એ મહાનતાનું પ્રતિક છે. સારી યાદશક્તિને જરાય ઘસરકો ન પડે એ રીતે એના ગેરફાયદા અને નબળી યાદશક્તિને ખોટું બળ ન મળે એ રીતે એના ફયદા હુબેર્ડે ગણાવી દીધા છે. આપણી યાદશક્તિ ગમે એવી હશે પણ હુબેર્ડની આ વાત આપણે ભૂલવી ન જોઈએ. જીવનમાં ખરાબ વસ્તુ ભૂલી જવાનું આપણે કયારેય ભૂલવું ન જોઈએ. બધુ સતત યાદ રાખવાથી મગજમાં કચરો એકઠો થઈ જાય છે જેના પરિણામે જીવન કચરાપેટીથી વિશેષ કાંઈ રહેતું નથી.

આપણા બધાનજી એક કોમન કહી શકાય એવી ટેવ છે. હવે આને કહેવી કે રોગ એ પણ નથી સમજાતું પણ એક વાત નક્કી છે કે મોટાભાગના લોકોમાં એ જોવા મળે જ છે. અમુક મૂઠી ઉછરેલા લોકો હશે જેની અંદર આ રોગના લક્ષણ જોવા નહીં મળે અને આ ટેવ એટલે નકારાત્મક વાતો ભૂલી ન જવાની ટેવ. સમજાતું નથી આપણે બધા કેમ આપણી સાથે જોડાયેલી વાતોને વહેલા ભૂલી જઈએ છીએ અને ખરાબ બાબતોને જીવનભર ભૂલી શકતાં નથી ! આનું પરિણામ એ આવે છે કે, આપણે એક કડવાશ લઈને સતત જીવતા રહીએ છીએ. કોઈ સાથે આપણા નવ્વાણું અનુભવ સારા થયા હોય તો જો એક જ અનુભવ ખરાબ થયો હોય તો આપણે પેલા નવ્વાણુંને ભૂલી જઈએ છીએ અને માત્ર પેલા એકને જ યાદ રાખીને નિર્ણય કરીએ છીએ. આ સાવ ખોટું છે. કોઈ વ્યક્તિમાં ભલે નવ્વાણું ખોટ હશેપણ એની સામે એક સારપ પણ હશે જ. આ પૃથ્વી ઉપર કોઈ જ વ્યક્તિ કે વસ્તુ સંપૂર્ણ નથી. કોઈ જ વ્યક્તિ સૌ ટકા સારી પણ નથી અને કોઈ જ વ્યક્તિ સૌ ટકા ખરાબ પણ નથી. થોડું સારું નરસું તો દરેકમાં હોવાનું જ. આમ જોવા જઈએ તો આ કંઈ નવી વાત નથી. વર્ષોથી દરેક જણ આ જ વાત કરતો આવ્યો છે. યાદ રહે માત્ર વાત જ કરતો આવ્યો છે અમલની બાબતમાં શૂન્યતા જ પ્રવર્તે છે. આપણા બધાને ક્યાંકને ક્યાંક આ વાત લાગુ પડે કછે. જીવન સાથે જોડાયેલી સારી યાદોનો સંગ્રહ કરવાની આપણને ટેવ જ નથી. અથવા તો એમ કહીએ કે જરૂર જ નથી લાગતી. એની સામે ખરાબ અનુભવને જણસની જેમ ચોવીસ કલાક સાચવીને રાખીએ છીએ. જીવન પ્રત્યેનો આ તો કેવો ફિક્કો અભિગમ છે. શું તમને લાગે છે કે આવા અભિગમને લઈને જિંદગી સરળ રીતે પસાર થશે ? ઉલટાનું આપણે જ આપણા માર્ગમાં કાંટા પાથરી રહ્યા છીએ. જીવન સાથે જોડાયેલી એવી ઘણી બાબતો છે જેને ભૂલી જવાથી એક પ્રકારનો અદૃશ્ય ભાર ઓછો થઈ જાય છે અને જીવન હળવા ફૂલ જેવું લાગવા લાગે છે પરંતુ આપણે એવું નથી કરતાં. બે વાર ઉંડા શ્વાસ લઈને વિચારવા જેવું છે કે શું આપણે જ આપણા જીવનને ભારે ભરખમ નથી બનાવ્યું ? આપણા તનાવ પાછળ શું આપણે જવાબદાર નથી ? ખરેખર તો આપણે જ સૌ ટકા જવાબદાર છીએ. સામેની વ્યક્તિના સારાનરસા વ્યવહારની અસર આપણા દિમાગ ઉપર કેટલી ઉપજાવવી એ તો આપણે નક્કી કરવાનું હોય ને. અનયના રિજેકશન જો આપણા ઉપર મહત્તમ અસર ઉપજાવતા હોય તો એમાં વાંક એનો નથી બલકે આપણો છે. આપણે જાણ્યેઅજાણ્યે આપણા સુખ અને દુઃખની ચાવી એને સોંપી દીધી છે.

માણસ માત્ર આવા સ્વભાવગત લક્ષણોથી પીડાતો આવ્યો છે. કોઈ થકી થયેલા ખરાબ અનુભવો, કોઈ દ્વારા બોલાયેલા ખરાબ શબ્દો આપણે કોઈ દિવસ ભૂલી શકતા નથી. જો કે, આપણે ભૂલવા જ નથી. સતત એ બધી વાતોને મનમાં રાખી એને સંભળાવી દેવાની અથવા તો એને કરી બતાવવાની ફિરાકમાં રહીએ છીએ. આ બધાની વચ્ચે થાય છે એવું કે આપણે આપણા જીવનના મુખ્ય ઉદ્દેશથી ભટકી જઈએ છીએ. મુખ્ય ઉદ્દેશ તો બાજુએ જ રહી જાય છે ઉલ્ટાનું આપણે આપણી સમય, શક્તિ અને સમજ બધુ જ પેલી વ્યક્તિને બતાવવી દેવામાં કામે લગાડી દઈએ છીએ ! અમુક લોકો તો પોતાનું બધુ જ દાવ ઉપર લગાડી દે છે. એવા લોકો માટે તો બીજું બધું જ બાજુએ રહીને બતાવી દેવાની ભાવના જ મુખ્ય સ્થાને રહી જાય છે. આવા લોકો છેલ્લે બરબાદ થઈ જતાં હોય છે. હવે જરા જુદી રીતે વિચારો કે માણસ જો પોતાની સાથે થયેલા ખરાબ અનુભવો ભૂલી જાય તો કરી બતાવવાની ભાવના જન્મે ખરી ? શું એ પોતાના મુખ્ય ઉદ્દેશથી ભટકશે ખરો ? ના, એવું નહીં થાય. પરંતુ મુખ્ય પ્રશ્ન તં જ આવીને અટકે છે આપણે ભૂલી શકતાં નથી. ખરેખર તો ખરાબ બાબતો ભૂલવા માટે નબળી યાદશક્તિ નહીં પરંતુ મજબૂત અને ઉદાર હૃદય જોઈએ છે. જેટલું હૃદય વિશાળ રાખીએ એટલું સરળ જીવન બને. સતત ફિયાદ કરવાથી કશું જ વળવાનું નથી. તમારી સાથે છેતરપિંડી કરનાર અથવા તો ખરાબ વર્તન કરનાર નિરાંતે બિન્દાસ્ત ફરતાં રહે અને તમે ભૂતકાળ વાગોળીને દુઃખી થયા કરો આ તો ક્યાંનો ન્યાય ! તમે જ વિચારો કે આવું કરીને તમે કોને સજા આપો છો ? પોતાની જાતને કે પછી પેલી વ્યક્તિને ? જવાબ તમારું ધબકતું હૃદય અને ભીની થઈ ગયેલી આંખો જ આપશે. જે થઈ ગયું તે થઈ ગયું એક ખરાબ સપનું સમજીને નવું જીવન શરૂ કરવાનું છે. રૈલેશનશીપ હોય કે પછી પ્રોફેશનલ લાઈફ હોય માણસને કડા અનુભવ તો થવાના જ. ક્યાં સુધી બધુ યાદ રાખીને જીવીશું. માણસ તરીકેનો આ જન્મ જીવવા માટે મળ્યો છે નહીં કે ભૂતકાળની યાદોમાં દુઃખી થવા માટે જેણે તમને છેતર્યા છે જેણે તમારી સાથે ખરાબ વર્તન કર્યું છે એને સમય જવાબ આપશે તમારે એ માટે પ્રયત્ન કરવા નહીં પડે. જો કે ખરેખર તો સુખી થવા માટે એને સમય જવાબ આપશે કે નહીં એની દરકાર રાખવાની પણ આપણે જરૂર નથી. એ એના રસ્તે અને આપણે આપણા રસ્તે. મહાભારતના યુદ્ધ પહેલાં પ્રિય કૃષ્ણ છેલ્લી વખત શાંતિ પ્રસ્તાવ લઈને હસ્તીનાપુર જાય છે ત્યાં કૌરવોની સભામાં એક વિધાન ઉચ્ચારે છે કે શાંતિનો કોઈ જ વિકલ્પ નથી શાંતિ પોતે એક વિકલ્પ છી. આખી ચર્ચાનો પણ એ જ સાર છે કે જો તમને શાંતિ જોઈતી હોય તો તમારે જ ભૂલવું પડશે. બધુ કડવું યાદ રાખીને મનને કોઈપણ દિવસ શાંતિ મળવાની નથી. થોડા સહજ બનવાની જરૂર છે.

બસ ભૂલી જતાં શીખો, અલબત્ત જે કામનું છે એ નહીં પરંતુ જે નકામું છે એને ભૂલી જતાં શીખો, કહેવાય છે ને કે જીવનને સરળ બનાવવા માટે કોઈ સામે માફી માંગવી પડે અને કોઈને માફ કરવા પડે અને આ બન્ને માટે જરૂરી છે ભૂલી જવાનું જીગર....

કુદરતનાં અલૌકિક સાનિધ્યને માણવા માંગતા હોવ તો ડેલહાઉસી જવું

હિમાચલ પ્રદેશના સુંદર પહાડોની વચ્ચે વસેલું નાનું શહેર ડેલહાઉસી દેખાવે નાના સ્વર્ગથી ઓછું તો નથી જ. અહીં ચારેકોર લીલોતરી, અદભુત કુદરતી સૌદર્ય અને બરફથી આચ્છાદિત પહાડો દૃશ્યમાન થાય છે. કુદરતે પોતાનું સૌંદર્ય અહીં બે હાથે વેર્યું છે એમ કહીએ તો ચાલે. ચારેબાજુ નાનામોટા પહાડો, તેમાંથી ખળખળ વહેતાં ઝરણાં, સ્પીડમાં વહેતી નદી, મોટા ખુલ્લાં મેદાન આ બધું જ ડેલહાઉસીની ઓળખ છે. અહીં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર જ આ છે. સિમેન્ટ અને કોંકિટના જંગલોમાં રહેતા આપણે લોકો એવા દૃશ્યો જોવા માટે તરસતા હોઈએ છીએ. એટલે જ ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થાય ત્યારે મોટાભાગના ગુજરાતીઓ હિમાચલ તરફ ફરવા નીકળી પડતાં હોય છે. હિમાચલ પ્રદેશ ઘણો મોટો છે. અહીં એક જ ટ્રીપમાં તમે બધી જગ્યા ફરી લો એ શકય નથી. હિમાચલની અલગ અલગ જગ્યાઓ કવર કરવી હોય તો બેથી ત્રણ ટ્રીપ કરવી જ જોઈએ. એકંદરે એ સારું પણ છે, તમે એકથી વધારે ટ્રીપ કરશો તો દરેક જગ્યાની સુંદરતાને શાંતિથી એકસપ્લોર કરી શકશો. અહીં વિદેશીઓ પણ ખૂબ આવતા હોય છે. એક સમયે વિકટોરિયન પીરિયડ હતો.

પંચપુલા : પંચપુલા જોવામાં સુંદર ડેસ્ટિનેશન છે. અહીં પાંચ ધારાઓ એકસાથે નીકળીને મળે છે. અહીં જોવા માટે સુંદર નાનાંમોટા ઝરણાં છે, જયાંતમે ટ્રેકિંગ કરી શકો છો. અહીં પર્યટકો પિકનિક માટે ખાસ આવતા હોય છે. પંચપુલાનું પાણી એકદમ સ્વચ્છ અને ઠંડું હોય છે એટલે અહીંથી આસપાસના એરિયામાં પાણી પહોંચાડવામાં આવે છે. આ જગ્યાએ ઉનાળામાં તેમજ ચોમાસામાં બંને સિઝનમાં ફરવાની ખૂબ મજા આવે છે.

સુભાષ બાવલી : ડેલહાઉસીમાં થોડે દૂર આવેલા સુભાષ બાવલીનું નામ સુભાષચંદ્ર બોઝ ઉપરથી રાખવામાં આવ્યું છે. આ જગ્યા જોવામાં સફેદ સ્વર્ગ જેવી ને સુંદર છે. અહીં ચારેકોર પહાડો ફેલાયેલા છે જે બધા જ બરફથી ઢંકાયેલા છે, એટલે આ જગ્યા સફેદ સ્વર્ગ તરીકે પણ ઓળખાય છે. અહીં હિમનદીના ઝરણાં પણ જોવા મળે છે.

બકરોટા હિલ્સ : અપર બકરોટા, અથવા તો બકરોટા હિલ્સ ડેલહાઉસીમાં સૌથી ઉંચાઈએ આવેલી જગ્યા છે. આ જગ્યાની ચારે તરફ મોટા મજબૂત દેવદારના વૃક્ષો ઉગેલા છે. આ જગ્યાએ પરફેકટ પિકનિક પોઈન્ટ માનવામાં આવે છે.

સતધારા ઝરણું : ચમ્બાની ખીણમાં આવેલુ સતધારા ઝરણું પણ પર્યટકોમાં પ્રિય સ્થળ છે. આ જગ્યા પણ દેવદારના વૃક્ષો અને પહાડોની વચ્ચે ઘેરાયેલી છે. સતધારા સાત ઝરણાંનો સંગમ છે. સીતધારા નામનો મતલબ જ એ થાય છે. આ ઝરણાઓનું પાણી સમુદ્રથી ૨૦૩૬ મીટર ઉપર એક પોઈન્ટ ઉપર મળે છે. આ જગ્યા એ લોકો માટે ખાસ છે જે શાંતિની શોધમાં ડેલહાઉસી ગયા છે. અહીં તમે પરમ શાંતિનો અનુભવ કરી શકશો. કુદરતના સાંનિધ્યમાં મળતી અલૌકિક શાંતિ, સતધારા ઝરણું તેના ઔષધીય ગુણોને કારણે પણ જાણીતું છે. કહેવાય છે કે અહીંના પાણીમાં અબરખ હોય છે જે ત્વચાના ઘણા રોગને ઠીક કરવાનો ગુણ ધરાવે છે.

વેજ મન્ચુરિયન

સામગ્રી :

એક કોબીજ ઝીણી સમારેલી, ચાર છીણેલા ગાજર, બે ચમચા મેંદો લો, અડધી ચમચી આજીનો મોટો, ૬ ચમચી કોર્નફલોર, ચાર ઝીણાં કાપેલા મરચાં લો, એક ચમચી કાળા મરીનો પાઉડર અને મીઠું લો. એક કપ તેલ તળવા માટે, સોસ બનાવવા : ૪ ચમચી સરકો, ૨ ઝીણાં સમારેલા મરચા, ૧ ઝીણી સમારેલી ડુંગળી, એક ચમચી ઝીણું સમારેલું લસણ, ૨ ચમચી આદુંની પેસ્ટ, ૧ ચમચી ટામેટાનો સોસ, ૪ ચમચી તેલ અને મીઠું સ્વાદ અનુસાર

રીતઃ

કોબીજમાં એકાદ ચમચી મીઠાનું મિશ્રણ કરી તેને ૧૫ મિનિટ સુધી મુકી રાખો. એ પછી તેમાં મન્ચુરિયન બોલની બધી સામગ્રી નાખી લો. પછી દરેક ગોળી પર મેંદાનો લોટ લગાવી તેને મધ્યમ તાપે તળી લો. તળ્યાં બાદ આપણે મન્ચુરિયન સોસ બનાવીશું. ચાર ચમચી તેલ લો અને તેને કડાઈની અંદર ગરમ કરો. એની અંદર આદું અને લસણની પેસ્ટ નાખો. તેને એકાદ મિનિટ સુધી સાંતળો. તેમાં ટામેટાનો સોસ, સોયા, સરકો, મરીનો પાઉડર અને મીઠું

નાખીને બે-ત્રણ મિનિટ સાંતળો. એ પછી બે ગ્લાસ પાણી મેળવીને ગરમ કરો. એકાદ બે ઉભરા આવે ત્યારપછી તેને ઉતારી લો. તેને ગાળીને સોસ જુદો મુકો. કોર્નફલોરને અડધો કપ પાણીમાં મિકસ કરીને જુદો મુકો. એ પછી ગાળેલા સોસને ઉકાળો અને કોર્નફલોરનું મિશ્રણ કરો. તે ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળો, પીરસતી વખતે સોસમાં તૈયાર કરેલા બોલ્સને નાંખો અને એકાદ મિનિટ ધીમા તાપે ગરમ કરીને તેને સર્વ કરો.

શક્કરિયાંનો હલવો

સામગ્રી :

બે કપ છોલીને છૂંદેલાં શક્કરિયા, એક ટેબલસ્પૂન હુંફાળું દૂધ, થોડા કેસરના રેસા, એક ટી સ્પૂન ઘી, પોણા ત્રણ કપ દૂધ, અડધો કપ સાકર, એક ટેબલસ્પૂન ઈલાયચીનો પાઉડર, બે ટેબલસ્પૂન સમારેલો સૂકો મેવો.

રીતઃ એક નાના બાઉલમાં કેસર અને હુંફાળું દૂધ મેળવી સારી રીતે મિકસ કરી બાજુ પર રાખો. એક ઉંડા નોનસ્ટિક પેનમાં ઘી ગરમ કરી તેમાં શક્કરિયા મેળવી મધ્યમ તાપ પર બેથી ત્રણ મિનિટ સુધી સાંતળી લો. એ પછી તેમાં દૂધ અને પોણો કપ પાણી, સાકર અને ઈલાયચીનો પાઉડર

મેળવી સારી રીતે મિકસ કરી લો. ધીમા તાપ પર બેથી ત્રણ મિનિટ સુધી અથવા મીશ્રણ બહુ સકું ન બને અને નરમ ન રહે ત્યાં સુધી સતત હલાવતા રહો. રંધાઈ જાય પછી ગેસ બંધ કરી તેમાં કેસર દૂધનું મિશ્રણ અને સૂકો મેવો મેળવી સારી રીતે મિકસ કરી લો. ગરમ ગરમ પીરસો.

બીટ, કાકડી અને ટામેટાંનું રાયતું

સામગ્રી : પોણો કપ બાફી, છોલીને સમારેલું બીટ, અડધો કપ સમારેલી કાકડી, અડધો કપ સમારેલાં ટામેટા, પોણા બે કપ વલોવેલું દહીં, મીઠું સ્વાદાનુસાર, બે ટીસ્પૂન પીસેલી સાકર, બે ટીસ્પૂન ઝીણાં સમારેલા લીલા મરચાં, એક ટેબલસ્પૂન તેલ, એક ટીસ્પૂન જીરું, એક ચપટી હીંગ, ૩ ટેબલસ્પૂન સમારેલી મગફળી, પોણો કપ તાજું ખમણેલું નારિયેળ, પોણો કપ ઝીણી સમારી કોથમીર.

રીતઃ

એક ઉંડા બાઉલમાં બીટ, કાકડી, ટામેટાં, દહીં, મીઠું, સાકર અને લીલાં મરચાં ભેગા કરીને સારી રીતે મિકસ કરી બાજુ પર રાખો. એક નોન સ્ટિક પેનમાં તેલ ગરમ કરી તેમાં જીરું નાંખો. જયારે દાણા તતડવા માંડે ત્યારે તેમાં હીંગ મેળવી મધ્યમ તાપ પર ૧૫ સેકન્ડ સુધી સાંતળી લો. આ વઘારને તૈયાર કરેલા રાયતા પર રેડી સારી રીતે મિકસ કરી લો. પછી એમાં મગફળી, નારિયેળ અને કોથમીર ભેળવી દો. આ રાયતાને રેફ્રિજરેટરમાં ઓછામાં ઓછા એક કલાક રાખી મૂકો. ઠંડું થાય એટલે પીરસો.

ભરેલા ટીંડોરા

સામગ્રી :

૫૦૦ ગ્રામ ફૂણાં ટીંડોરા, ૨ ચમચી તાજી મલાઈ, થોડા ફુદીનાના પાંદડા.

ભરવા માટે : ૧/૨ ઝૂડી પાલકની ભાજી, ૧/૨ ઝુડી કોથમીર, ૨ નાના બટાટા (બાફીને છૂંદેલા), ૧/૨ કપ ચણાનો લોટ, ૧૦૦ ગ્રામ પનીર, ૫૦ ગ્રામ નાળિયેરનું ખમણ, ૧૦ ગ્રામ કાજુના ટુકડા, ૧૦ ગ્રામ દ્રાક્ષ, ૧ ચમચી દાડમના દાણા, મીઠું, તેલ તળવા માટે.

ગ્રેવી માટે : ૨ સમારેલા કાંદા, ૨ મોટા ટમેટા, ૪ લીલા મરચા, ૧ ચમચી આદુ-લસણ વાટેલું, ૧,૧/૨ ચમચી ગરમ મસાલો, ૧,૧/૨ ચમચી લાલ મરચાની ભૂકી, ૧૦ ગ્રામ ખસખસ, ૧/૨ ચમચી જીરું, ૧/૨ ચમચી

હળદર, મીઠું, ૨, ૧/૨ ચમચી ઘી.

રીતઃ ટીંડોરા ધોઈને છાલ ઉતારો. તેમાં ટીંડોરા ભાંગે નહી એમ એક કાપો કરો. પાલક અને કોથમીર સમારી તેમાં છૂંદેલા બટાટા, ખમણેલું પનીર, કોપરું, કાજુ, દ્રાક્ષ, મીઠુ અને દાડમનો ભૂકો નાખો અને ટીંડોરામાં ભરો. ચણાના લોટમાં નાખી ખીરું બનાવો તેમાં ભરેલા ટીંડોરા બોળી તેલમાં સોનેરી થાય ત્યાં સુધી તળો. ગ્રેવી બનાવવાની રીત : ૨,૧/૨ ચમચી ઘી ગરમ કરી જીરા અને કાંદાનો વઘાર કરી તેમાં કાંદા સાંતળો. તેમાં આદુ-લસણની પેસ્ટ, ખસખસ, લીલા મરચાં, ટમેટા બધું નાખી મસાલો હલાવતા રહો, તેમાં મીઠું, ગરમ મસાલો, હળદર, લાલ મરચું અને ૧,૧/૨ કપ પાણી નાખી, પાંચ મિનિટ ઉકાળી ટંડોરા નાખો. રસો જાડો થાય ત્યાં સુધી સાંતળવા દો. ગેસ પરથી ઉતારી તાજી મલાઈ અને ફુદીનાના પાનથી શણગારો.

ભરેલા કેપ્સિકમ

સામગ્રી : ૬ મધ્યમ કદના કેપ્સિકમ, ૨ મધ્યમ કદના કાંદા, ૨ મધ્યમ કદના ટમેટા, ૧ ચમચો દૂધ, ૨ મોટા લીલા મરચા (ઉભા કાપા કરેલા) ૨,૧/૨ ચમચી જીરાનો ભૂકો, ૧,૧/૨ ચમચી ધાણાજીરું, મીઠું, તેલ-આઠ ચમચા.

રીતઃ

કેપ્સિકમ ધોઈને, એ આખા રહે તે રીતે તેમાંથી ડીટિયાના ભાગમાં બી કાઢી લો. ટમેટા અને કાંદા ઝીણાં સમારો. ૩ ચમચા તેલ ગરમ મૂકી તેમાં કાંદા, લીલા મરચા સાંતળો. અંદર ટમેટા નાંખી સીઝવા દો. તેમાં જીરાનો ભૂકો, ધાણાજીરું નાખી થોડીવાર ચઢવા દો. આ મિશ્રણ કાંદા-ટમેટામાં નાખી ખૂબ હલાવો. જેથી ચડી જાય પછી ગેસ પરથી ઉતારી લો અને ચમચીથી આ મિશ્રણ કેપ્સિકમમાં દબાવીને ભરો. બાકીનું તેલ તવામાં ગરમ કરી ધીમેથી ભરેલા મરચાં તેમાં મૂકો અને તળીને ગરમ પીરસો.

ટમેટાં -ભાત

સામગ્રી : ૧ કપ ચોખા, ૧/૪ કિલો ટામેટા, ૨ કાંદા, ૧ ટુકડો આદુ, ૭-૮ કળી લસણ, ૧/૪ ચમચી હળદર, થોડા ફુદીનાના પાન, ૧/૨ લીંબુનો રસ, લીલા મરચાં, મીઠું, તેલ.

રીતઃ આદુ, લસણ અને મરચાંને પીસો. ચોખા ધોઈ તેને અડધો કાલક પલાળો. તેલ ગરમ કરી તેમાં કાંદા સાંતળો. અંદર આદુ-લસણ-મરચાનું પેસ્ટ નાખી બે મિનિટ હલાવો. તેમાં ઝીણાં સમારેલા ટમેટા, મીઠું અને હળદર નાખો.

ટમેટા ચડી જાય ત્યાં સુધી સાંતળો. તેની અંદર ચોખા નાખી બે મિનિટ રહેવા દો. ઉપર બે કપ પાણી નાખી બરાબર હલાવો. ભાત ચડી જાય ત્યારે લીંબુનો રસ અને ફુદીનાના પાન નાખી ઢાંકો અને બે મિનિટ પછી ઉતારી લો.

સીંગદાણા- કોફ્તા કરી

સામગ્રી :

૧ મોટો કપ સીંગદાણા, ૨ મોટા ટામેટા, ૨ અથવા ૩ નાના કાંદા, ૧૦ લસણની કળી, ૧ ટુકડો આદુ, ૪-૫ લીલા મરચાં, ૧ નાનો કપ કાજુ, ૧ નાનો કપ ખાટું દહીં, ૧ ચમચી કોથમીર, ૧ ચમચી ધાણા, ૧ ચમચી જીરું, ૧ ચમચી ચણાનો લોટ, ૧ ટુકડો ગોળ, ગરમ મસાલો, ૧ ચમચી લાલ મરચાંની ભુકી, મીઠું અને તેલ તળવા માટે

રીતઃ સીંગદાણા સાફ કરી છ કલાક પાણીમાં પલાળો, વાટીને લીસું પેસ્ટ બનાવો તેમાં બે કપ પાણી નાખી હલાવો અને ગાળીને દોઢ કપ જાડું દૂધ કાઢો. તેને બાજુ પર રાખો. ૮ થી ૧૦ કપ સીંગદાણાનું દૂધ નીકળે ત્યાં સુધી આ રીતે કરો. આ દૂધમાં ખાટું દહીં નાખી ઉકાળો અને દૂધ ફાટવા દો. ઠંડું કરી પાણી કાઢી નાખો. તેને સુંવાળા કપડામાં બાંધીને પાણી વહી જવા દો. (જેથી સીંગદાણાના દૂધનું પનીર બને.)

ચણાના લોટમાં મીઠું, મરચાંની ભુકી નાખી તેને સીંગદાણાના પનીરમાં ભેળવી તેના નાના ગોળા બનાવી ૧૦ મિનિટ બાફો. ઉપરનો બધો મસાલો ભેગો કરી તેને દસ મિનિટ માટે થોડા તેલમાં સાંતળો. તેમાં જાડું દૂધ નાખી મિશ્રણને સીઝવા દો. પ્રથમ એક ડીશમાં કોફ્તા મૂકો અને તેના ઉપર બનાવેલી કઢી રેડો. કોથમીર અને ગોળથી સજાવી ગરમ જ પીરસો.

વાયુ પ્રકૃતિવાળા માટે ઉત્તમ : દાડમ

ગુણ : મીઠાં દાડમ ત્રણે દોષને હરનાર, તરસ, દાહ અને તાવમાં ફાયદાકારક છે. વળી એ પિત્તશામક હોઈ, પિત્ત પ્રકૃતિવાળા માણસોને પણ માફક આવે છે. મીઠા દાડમ બળ અને બુદ્ધિ વધારે છે. વૈજ્ઞાનિક મત પ્રમાણે દાડમમાં દસથી પંદર ટકા જેટલી શર્કરા હોય છે. લાલ દાડમમાં લોહતત્વ વધારે હોય છે. દાડમની છાલ પાચનશક્તિ વધારનારને ગ્રાહી છે. જૂના મરડામાં લવિંગ સાથે ઉકાળીને તે આપવાથી બીજા ઉપચારો કરતા તે વધારે ગુણ આપે છે. દાડમના દાણા અને દાણાનો રસ પેટની પીડાનો નાશ કરનાર છે. તેના ફૂલ ગ્રાહી છે. દાડમના દાણામાંથી બનાવેલું શરબત રુચિકર અને પિત્તશામક છે. દાડમ ખાવાથી શરીરમાં એક પ્રકારની ચેતના-સ્ફૂર્તિ આવે છે.

દોષ : ખટમધુરા દાડમ જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, તૂરા રસવાળા, મળનું શોષણ કરનાર છે.

આહારમાં ઉપયોગ વખતે લેવાની કાળજીઓ : મીઠા દાડમ ત્રિદોષને અને ખાટાં દાડમ વાયુ તથા કફને હણે છે તે ધ્યાને લઈને તેનું સેવન કરવું હિતકારી છે.

ઔષધીય ગુણ : (૧) દાડમનો રસ, સિંધવ અને મધ એકત્ર કરી ચાટવાથી અરુચિ મટે છે. (૨) પાકું દાડમ ખાવાથી અવાજ બેસી ગયો હોય તો ઉઘડે છે. (૩) દાડમના ફળ, છાલ ચોખાના ઓસામણમાં આપવાથી પ્રદર રોગમાં ફાયદો થાય છે. (૪) દાડમના ફળની છાલનો ટુકડો મોમાં રાખી તેનો રસ ચૂસવાથી ઉધરસ મટે છે. (૫) ખટમીઠાં દાડમના દાણા ખાવાથી સગર્ભાનું હૃદય અને શરીર કમજોર રહેતું હોય તો તેમાં સીધારો થાય છે અને સગર્ભાની નબળાઈ દૂર થાય છે.

નારિયેળની બરફી

સામગ્રી : બ કપ તાજું ખમણેલું નારિયેળ, પોણો કપ પીસેલી સાકર, એક ટેબલસ્પૂન ઘી, બે ટેબલસ્પૂન સમારેલો મિકસ સૂકો મેવો, ઈલાયચી સ્વાદાનુસાર.

રીતઃ એક પેન અથવા કડાઈમાં ઘી ગરમ કરી તેમાં નારિયેળ અને સાકર ઉમેરી સારી રીતે મિકસ કરી લો. તેને સતત હલાવતાં રહીને ૧૦ મિનિટ સુધી ધીમા તાપે રાંધો. તરત જ મિશ્રણને ગ્રીઝ કરેલી થાળીમાં નાખો અને તેને સરખી રીતે પાથરી દો. તેના ઉપર મિકસ સુકો મેવો છાંટીને હળવા હાથે દબાવો. ૩૦ મિનિટ માટે ઠંડુ થવા બાજુ પર રાખો

"મારી માતા જ મારી પ્રેરણા છે અને મારું આ પાત્ર તેને જ સમર્પિત કરવા ઇચ્છું છું": ઉલ્કા ગુપ્તા

૧. સેટ પર એક બાળકની સાથે શૂટિંગ કરવાનો અનુભવ કેવો રહ્યો?

કેટલાક લોકોને બાળકોની સાથે કામ કરવું પડકારજનક લાગે છે, ત્યારે મને તો એ એકદમ લાભદાયી અને તાજગીસભર લાગે છે. તેમની અદ્દભુત ઉર્જા, અણધાર્યા સ્વભાવની સાથોસાથ હાવભાવ એ સીનમાં એક અલગ જ પ્રકારની સ્વયંસ્ફુરિતતા ઉમેરે છે, જેનાથી અમારા સમગ્ર સિકવન્સમાં સુધારો આવી જાય છે. એવું કહેવાય છે કે, એક બાળકની સાથે શૂટિંગ દરમિયાન સમગ્ર ક્રુને એકદમ શાંતિ અને આરામદાયી રીતે કામ કરવાની જરૂરિયાત ઉભી થાય છે. નિહાન એ ખૂબ જ મહેનતુ અને જલ્દીથી શિખતો છોકરો છે અને અમે એકબીજાની સાથે ખૂબ સારી રીતે ભળી ગયા છીએ.

૨. તમારા પાત્ર વિશે અમને કંઈક જણાવશો, જાનવીનું પાત્ર કરવા તમે કઈ રીતે તૈયાર થયા?

જાનવી એ મહેનતુ, સિંગલ માતા છે, જે આર્થિક સંકડામણ, સામાજિક પૂર્વગ્રહો સહન કરવા અને કુટુંબનો કોઈપણ સહકાર ન હોવા છતા પણ અતૂટ નિશ્ચય સાથે જીવનના પડકારોનો સામનો કરી રહી છે. તેના પુત્ર કિઆનને શ્રેષ્ઠ આપવાના પ્રયત્નમાં જાનવી રિસેપ્શનિસ્ટ તરીકેની તેની નોકરી કરે છે અને ઘરે એક માતા-પિતાની બેવડી જવાબદારી પણ નિભાવે છે. જાનવીની જેમ જ, હું પણ મારા પરિવારની સાથે કંઈપણ કરી શકું છું. પણ આ પ્રથમ વખત છે, જ્યારે હું એક માતાનું પાત્ર કરી રહી છું અને એ પણ એક સિંગલ મધરનું તો મારા માટે પણ એક કલાકાર તરીકે આ રીતનું કામ કરવું પણ રસપ્રદ બની રહ્યું છે.

૩. ઉલ્કાથી જાનવી બનવા સુધીનો અત્યાર સુધીનો પ્રવાસ કેવો રહ્યો છે? તમારા પાત્ર માટે તમે કોઈ તૈયારી કરી હતી?

મારા પાત્રની તૈયારી માટે મેં કેટલાક વર્કશોપ કર્યા છે, ખાસ તો, એક માતામાં હોય તે લાગણીની અનુભૂતિ કરી છે, જેથી હું એક સમર્થિત અને સશક્ત માતાનું પાત્ર કરી શકું. વાસ્તવિક જીવનમાં હું હજી માતા નથી બની તો, એક માતા તેના બાળક માટે ઘરમાં કંઈપણ કરે તે કંઈપણ મેં નથી કર્યું. આ ઉપરાંત કઈ રીતે એક મહિલા જ્યારે જમીન પર પોતું મારે કે રસોઈ બનાવે ત્યારે તેનો દુપટ્ટો વિંટાળે કે પછી માથું બાંધે આ બધું જ મારા માટે અલગ જ હતું, આ બાબત કોઈ શિખવી શકતું નથી, તે અનુભવ કે આદતથી જ આવે છે. તેથી જ, પાછલા કેટલાક સપ્તાહથી મેં મારા ઘરના કામ જાતે કરવાના શરૂ કર્યા હતા, જેથી કરીને હું સ્ક્રીન પર પાત્રનું સરળતાથી નિરૂપણ કરી શકું.

૪. એક સિંગલ માતાનું પાત્ર કરવું એ ખરેખર એક – બોલ્ડ પસંદગી છે અને તમે તે ઓન-સ્ક્રીન કરી રહ્યા છો- તો આ પાત્ર મેળવીને તમને કેવું લાગે છે?

ભારતીય ટેલિવિઝન પર એક સિંગલ માતાનું પાત્ર કરવું એ જ પડકાજનક છે. હું મારાથી શ્રેષ્ઠ રીતે જાનવીના પાત્રને ન્યાય આપવા પ્રયત્ન કરું છું. જાનવી એ એક મજબૂત, સ્વતંત્ર મહિલા છે, જેનો ઉદ્દેશ દરરોજ તેના દિકરા કિઆન માટે મહેનત કરવાનો છે. જાનવીના પ્રવાસ દ્વારા હું એવી અગણિત મહિલાઓને પ્રેરિત કરી અને ગર્વ અપાવીશ, જેઓ દરરોજ નિઃસ્વાર્થભાવે તેમના પરિવારની સેવા કરે છે. મારી માતા એ મારી પ્રેરણા છે અને હું આ પાત્ર તેને જ સમર્પિત કરવા માંગું છું. શરૂઆતમાં તો, હું એક બાળકની સાથે શૂટિંગ કરતા ખૂબ જ ચિંતિત હતી, પણ થોડા વર્કશોપ અને છેલ્લા કેટલાક સપ્તાહમાં થોડા સીન કર્યા બાદ હવે નિહાનની સાથે શૂટિંગ કરવું સરળ બની ગયું છે.

૫. શો કાસ્ટ સાથે શૂટિંગની શરૂઆત કર્યાને થોડો સમય થઈ ગયો છે, તો બધાની સાથે અને ખાસ તો, કરણની સાથે તમારી મિત્રતા વિશે થોડું જણાવશો?

સેટ પર સમગ્ર કાસ્ટની સાથે સમય વિતાવવાની ખૂબ જ મજા આવે છે. અલગ-અલગ વ્યક્તિઓનું એક એવું ગ્રુપ બની ગયું છે, જે એક જગ્યાએ મળી જાય તો, વાતાવરણ એકદમ ઉર્જાવાન અને મસ્તીભર્યું બની જાય છે. મારા ઓન-સ્ક્રીન દિકરા, કિઆનની સાથેના કેટલાક મસ્તીભર્યા સીનનું શૂટિંગ મજા આપે છે કેમકે તેનામાં અત્યંત ઉત્સાહ અને આકર્ષક ઉર્જા છે, જે સેટ પર બધાને મજા કરાવે છે.

કરણ અને હું અમારા પ્રથમ મોક શૂટિંગ દરમિયાન પ્રથમ વખત મળ્યા હતા અને તેની સાથે કામ કરવું સારું લાગે છે. અમારી વચ્ચે ઓન અને ઓફ-સ્ક્રીન સારી મિત્રતા છે. હું માનું છું કે, તે ખૂબ જ પ્રતિભાશાળી કલાકાર છે અને મેં તેનું પહેલા પણ કામ જોયું છે, જેને મને અત્યંત આશ્ચર્યમાં નાખ્યો છે. તેની કળા પ્રત્યેનો તેને જુસ્સો અને તેનું સમર્પણ એ દરેક સીનને એક સારામાં સારો બનાવે છે. અમારી વાર્તા પ્રત્યે બધાનો પ્રતિસાદ જોવા માટે હવે વધુ રાહ નથી જોઈ શકતી.

ઉનાળામાં શું ખાવું પીવું જોઈએ

ઉનાળામાં તાવ, શરદી અને ફ્લૂ કેટલા સમય સુધી રહી શકે છે આ માટે હવામાન અને આપણું વર્તન જવાબદાર છે. - બહારથી આવીને સીધું એસી રૂમમાં બેસવું તડકામાંથી આવ્યા પછી તરત જ પાણી અથવા ઠંડા પીણા પીવું. તડકામાંથી આવ્યા પછી હાથ અને ચહેરો ધોવા અને માથું ભીનું કરવું. આ આદતોને કારણે શરદી-ખાંસી અને તાવ જેવી સમસ્યા થાય છે. શરદી અને ઉધરસથી સ્વસ્થ્ય થવું એ વાત ઉપર ઓન નિર્ભર રાખે છે કે, તેની રોગપ્રતિકારક શક્તિ યોગ્ય છે કે નહીં અને તે તેની સારવાર કેટલી જલ્દી કરાવે છે તેના પર પણ આધાર રાખે છે. ૬૦ કે તેથી વધુ વયના લોકો આનાથી પોતાને કેવી રીતે બચાવી શકે?

દિવસમાં ઓછામાં ઓછું ૮ ગ્લાસ પાણી પીવો., દરરોજ યોગ અને કસરત કરો. સખત સૂર્યપ્રકાશ અને ગરમીમાં બહાર ફરવા ન જાવ. બહારથી આવ્યા પછી તરત જ સ્નાન ન કરવું. ગરમીને કારણે થતી સમસ્યાઓ સામાન્ય રીતે લગભગ ૧૦ દિવસ સુધી રહે છે. ૭ દિવસ પછી કોઈપણ વાઈરલ લક્ષણોમાં ઘટાડો અને સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે. તેના ઈલાજ માટે દવા અને યોગ્ય આહાર લેવો જરૂરી છે. બાળકો પુખ્ત વયના લોકો કરતા ઝડપથી રિકવર થાય છે. આનો અર્થ એ છે કે તેઓ રિકવર થવા માટે ૭ દિવસથી ઓછા સમય લે છે. તેલયુક્ત ખોરાક ન આપો, તેમાં વધુ ચરબી હોય છે, જેના કારણે શરદી અને શરદી વધશે. ડેરી ઉત્પાદનો ન આપો, પોતાની રીતે કોઈ દવા ન આપો, સમસ્યા વધી શકે છે.

તાવમાં વધુ પાણી પીવાની સલાહ તાવ દરમિયાન પાણીની અછત હોય છે. શરીરમાં પાણીની ઉણપને કારણે બેક્ટેરિયા વધુ વધે છે. આપણે જેટલું વધારે પાણી પીશું તેટલા શ્વેત રક્તકણોની સંખ્યા વધે છે. તે પછી તે તેનું કામ યોગ્ય રીતે કરે છે. શ્વેત રક્તકણોનું કામ ચેપી રોગ અને તેની અસરોને અટકાવવાનું છે. પાણી શરીરમાંથી ઝેરી તત્ત્વોને પણ દૂર કરે છે. ઉનાળામાં તાવમાં શું ખાવું જોઈએ? તાવ આવે ત્યારે પેટ ભરીને ન ખાવું. વધુ વખત અને મર્યાદામાં ખાવું સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવે છે. વધુ લીલા શાકભાજી અને ફળો ખાઓ. વધુ બાફેલા અથવા બાફેલા શાકભાજી લો. દાળને દૂધમાં અથવા લીલા શાકભાજી સાથે ખાઓ તમે મગની દાળની ખીચડી ખાઈ શકો છો અંકુરિત અનાજ ખાઓ ટામેટાં અને પાલકનો સૂપ લો. તાવની સ્થિતિમાં શું ખાવું કે પીવું ન જોઈએ તેલયુક્ત અને મસાલેદાર ખોરાક. તૈયાર ખોરાક અને રસ. કૂકીઝ, બિસ્કીટ, કેક જેવી બેકરી ઉત્પાદનો. માંસાહારી નૂડલ્સ, ચૌમીન - આ બધા લોટમાંથી બનેલા છે. પાચન તંત્રને નબળું પાડે છે. સિગારેટ અને દારૂ.

ઉપચાર :જમ્યા બાદ ૧ મોટી ચમચી અભયારિષ્ટ પાણી સાથે ભેળવી લઈ શકાય ધાણા-વરીયાળી સરખાભાગે ભેળવી બનાવેલ ૩ ગ્રામ ચૂર્ણ ૧ ગ્લાસ પાણીમાં રાતભર પલાળી રાખેલું પાણી સવારે ખાલી પેટે પીવું.. તાજા લીલા શાકભાજી, ખીરા કાકડી-અન્ય સલાડ, પાતળી મોળી છાશ, ઓછા મરચાં-મસાલા નાંખેલી વાનગીઓનો ખોરાકમાં ઉપયોગ કરવો..ઋતુ પ્રમાણેના ફળો કાપીને તાજા ખાવા. લીંબુનું શરબત, નારિયેળ પાણી, જવનું પાણી બપોરે-સાંજે અનુકૂળતા મુજબ ૧ થી ૨ ગ્લાસ પીવું.. અઠવાડિયામાં ૧ કે ૨ વખત ચંદનબલાલાક્ષાદિ તેલનું માલિશ કરવું. ઉબટન માટે લોધ્ર, સૂકા લીમડાના પાન, જાંબુ-આંબાનાં સૂકા પાન, કપૂર કાચલીનું ચૂર્ણ, હળદર-દારૂહળદરનું ચૂર્ણ સરખાભાગે ભેળવી, ગુલાબજળમાં લેપ બનાવી ચામડી પર અવળી દિશામાં હલકા હાથે ઘસવું. ત્યારબાદ ન્હાવું.. આ ઉપરાંત વરૂણાદિક્વાથ, ઉશિર, હરડે, અરડૂસી, બ્રાહ્મી, શંખપુષ્પી, તગર જેવા અનેક વાનસ્પતિક ઔષધોનો આવશ્યકતાનુસાર પ્રયોગ કરી શકાય. ડબ્બાબંધ પીણાં અને ભોજન લેવાનું ટાળો

આરોગ્ય

- ડો. શ્રીરામ વૈદ્ય(૯૮૨૫૦૦૯૨૪૧)

બજારમાં પેકેટમાં બંધ જ્યુસ અને ફૂડ મળે છે, પરંતુ તે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેમાં પ્રિઝર્વેટિવ્સનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં સુગરની માત્રા વધુ હોય છે જ્યારે ફાઈબરનું પ્રમાણ ઓછું હોય છે. તેથી, ઘરમાં બનાવેલા જ્યુસ તથા ઘરમાં બનાવેલા ભોજન ખાવાનો વધુ પડતો આગ્રહ રાખવો.

ઉનાળા ની ઋતુમાં તડકા અને પરસેવાના કારણે આપણે ઝડપથી થાકી જઈએ છીએ. વડીલોએ એમ પણ કહ્યું છે કે ખાવા-પીવાની યોગ્ય કાળજી રાખવામાં આવે તો શરીરને કોઈપણ હવામાન સામે લડવાની શક્તિ મળે છે. તેવી જ રીતે, જો તમે ઉનાળાની આ કાળઝાળ ઋતુમાં યોગ્ય આહાર યોજનાને અનુસરો છો, તો તે થાક, નબળાઈ અને બેચેનીના લક્ષણોને ટાળવામાં મદદ કરી શકે છે. બ્રેકફાસ્ટ માટે સ્પ્રાઉટ્સ,નાસ્તામાં મૂંગ સ્પ્રાઉટ્સ, લીગ્યુમ્સ, બદામ અને બીજ જેવા નાસ્તાનો સમાવેશ કરી શકે છે. આ વસ્તુઓમાં પૂરતા પ્રમાણમાં વિટામિન અને મિનરલ્સ મળી આવે છે. ઉનાળામાં ડિહાઈડ્રેશન થવાની સંભાવના વધુ હોવાથી, લીંબુ પાણી, જવ અને નાળિયેર પાણી જેવા આરોગ્યપ્રદ વિકલ્પો પણ તમારા માટે સારા હોઈ શકે છે.મોસમી ફળો ખૂબ ખાઓ ઉનાળાની ઋતુમાં, તરબૂચ, કેંટાલૂપ, પાઈનેપલ, કેરી, સ્ટ્રોબેરી, નારંગી અને અન્ય ફળો જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે તેનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરો. તેઓ ડિહાઈડ્રેશનને રોકવામાં અસરકારક છે. જમતા પહેલા તેને ફ્રિજ અથવા ફ્રીઝરમાં સંગ્રહિત કરવું એ હાઈડ્રેટ અને ઠંડુ કરવાની એક રીત છે.

શરીરમાં પાણીની કમી ન થવા દો ઉનાળામાં શરીરને હાઈડ્રેટેડ રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેથી વધુ પડતા સાદા પાણી પીવાનું ટાળો, કારણ કે તે તમારા શરીરમાંથી ખનિજોને ધોઈ નાખે છે. તેના બદલે લીલી ચા, લીંબુનું શરબત અથવા તાજા નાળિયેરનું પાણી તમારા શરીરને આવશ્યક ખનિજો અને વિટામિન્સથી ભરી દેશે. આ પીણાં તમને બપોરે રિચાર્જ કરવા અને તમારા શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જાળવવા માટે શ્રેષ્ઠ છે. વધુ લીલા શાકભાજી ખાઓ ઉનાળામાં તમારે શાકભાજીનું સેવન વધારવું જોઈએ જેમ કે તૌરી, તુવેર, ટીંડા, કોથમીર, બ્રોકોલી, કારેલા વગેરે. તે તમને ડિહાઈડ્રેશનથી બચાવવામાં મદદ કરે છે. તમને સક્રિય રાખે છે આ શાકભાજી પાણી અને પોટેશિયમથી ભરપૂર હોય છે, જે હાઈ બીપી અને ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જાળવવામાં મદદ કરે છે. મસાલા પણ જરૂરી છે કેટલાક શું કરે છે, ઉનાળામાં મસાલા ખાવાનું બંધ કરે દે છે. પરંતુ તમારે જાણવાની જરૂર છે કે મસાલાની થોડી માત્રા તમારી પાચન તંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે અને તમને થાક અને ચેપથી પણ બચાવે છે. આદુ, કાળા મરી, તજ, લસણ વગેરે કેટલાક ઘટકો છે જે તમે ખોરાક સાથે લઈ શકો છો.

તો આ ગરમીમાં તમારી શરીરની સંતુલાનતા લાવવા થોડા સરળ અને રસાળ પદાર્થો નો ઉપયોગ કરો અને ઉનાળામાં પણ શરીરની તંદુરસ્તી જાળવો. ઉનાળામાં લેવાતા આ પદાર્થો તમને ચોકકસ પણે તમારી ગરમી અને શરીરની અંદર ઉદરમાં પણ રાહત અપાવે છે. ઉનાળામાં બને ત્યાં સુધી તળેલું અથવા તો આથાવાળો ખોરાક ઓછા પ્રમાણમાં ખાવો એ પણ શરીર માટે ફાયદાકારક છે. શરીરમાં રહેલી ગરમીને. નાળિયેર પાણીનું સેવન કરવું. એમાં પણ ખાસ કરીને લીલા ત્રોફા પીવાથી વધારે ફાયદાકારક છે. નાળિયેર પાણીના બે ફાયદા હોય છે, નાળિયેર પાણીમાં વિટામિન્સ, મિનરલ્સ, ખનીજ પ્રચુર માત્રામાં મળી રહે છે. જેનાથી આપણા શરીરને ઠંડક પોંહચાડે અને શરીરમાં ગરમીની સામે રક્ષણ આપે છે એક નાળિયેર પાણીમાં દોઢ લીટર સામાન્ય પાણીની ક્ષમતા ધરાવે છે. અને ભૂખ પણ ઓછી લાગે છે તેના હિસાબે શરીરમાં બિન જરૂરી ખોરાક ઘટે ને પાણીનું પ્રમાણ વધે તેનાથી ગરમી અથવા તો તડકો ઓછો લાગે છે.

ફુદીનો. ફુદીનો એવી વસ્તુ છે જે આપણા લોહીની સાથે મળીને ઠંડક પહોંચાડે છે. ફુદીનો પાણીની સાથે અથવા તો સાદી સોડાની સાથે તેનું સેવન કરવું. ફુદીનો આપણા શરીરમાં દાખલ થાય અને આપણી

નસોની સાથે આખા શરીરમાં ફેલાય છે જેનાથી લોહીની ટકાવારી પણ સુધારે અને તેમાંથી મળતું વિટામીન આપણને એનર્જી મળે છે. ફુદીનો શરીરમાં આંતરિક ઠંડક ફેલાવે અને ગરમીના તાપથી બચાવે છે. ફળ અને લીલા શાકભાજી. ઉનાળામાં ખાસ કરીને પાણી વાળા ફળો વધારે ખવાતા હોય છે. જેમ કે, તરબૂચ, સાકરટેટી, દ્રાક્ષ વગેરે ફળોનો ઉપયોગ થાય છે. અને લીલા શાકભાજી માં કાકડી, કારેલા, તુરિયા, પાલક વગેરે શાકભાજી ખાવામાં લેવા જોઈએ જેનાથી આંતરિક શરીરની ગરમીને ઓછી કરે અને વધારાની ગરમી સામે રક્ષણ આપે છે. ઉનાળામાં ખાસ કરીને તરબૂચ ખાવું જેમાં સૌથી વધારે પાણીની માત્ર રહેલી હોય છે. જે સવારથી બપોર સુધીના સમયમાં જ તેનું સેવન કરવું તેનાથી ફાયદો થાય છે અને બપોર પછીના સમયમાં તેનું સેવન કરવામાં આવે તો તે નુકસાનકારક છે. લીંબુ પાણી અથવા તો લીંબુ શરબત અથવા વિટામીન સી મળતા ફળોનું સેવન. લીંબુ પાણીથી આપણને ભરપુર માત્રામાં વિટામીન સી મળે છે, જેનાથી શરીરમાં ગ્લુકોઝ ભરપુર પ્રમાણમાં મળે છે ઉનાળાના સમયમાં લીંબુ, સંત્રા, મોસંબી, દ્રાક્ષ વગેરે વિટામીન સી ધરાવતા ફળોનું સેવન ગરમીમાં ઠંડક ફેલાવે છે.

જો મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકતા હોય તો ?

જસ્ટ ઈમેજિન જો મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકતા હોય તો ? શું આપણે પાણીની અંદર રહી શકીશું ? શું આપણે દરિયાના તળિયે શહેરોનું નિર્માણ કરીશું ? શું આપણે પણ જલીય નિવસન તંત્રનો ભાગ હોઈશું ? શું પાણીની અંદર શ્વાસ લેવા માટે આપણી પાસે ફેફસાંની બદલે માછલીઓની જેમ ગિલ્સ હશે ? હવે એવી દુનિયાની કલ્પના કરો કે જ્યાં વિશાળ મહાસાગરોના અગમ ખુણાઓ મનુષ્યોનું નિવાસસ્થાન બન્યાં છે. આપણે અનકમ્ફર્ટેબલ સ્કૂબા ગિયરને બદલે ફક્ત એક ઊંડો શ્વાસ લઈને સમુદ્રના ઊંડા પાણીમાં ડૂબકી લગાવી શકીએ છીએ અને ઓક્સિજનની બોટલ વગર કલાકો સુધી ત્યાં વિહાર કરી શકીએ છીએ. આ અદભુત કાલ્પનિક પરિસ્થિતિ માનવીઓ માટે પાણીની અંદર શ્વાસ લેવાની ક્ષમતાથી સર્જાતી અપાર સંભાવનાઓ ધરાવે છે. પરંતુ સાથે જ કેટલાક પડકારો અને કુદરતના સનાતન નિયમોની સામે બંડ પણ પોકારે છે.

જો મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકતા હોય તો તેના માટેની બે રીત હોય શકે છે. એક રીત જૈવિક રીત હોય અને બીજી રીત ટેકનોલોજિકલ હોય શકે છે. મનુષ્ય જૈવિક રીતે એટલે કે કુદરતી રીતે પાણીની અંદર શ્વાસ લેવા માટે સક્ષમ ત્યારે જ બની શકે કે જ્યારે તેની પાસે માછલીમાં જોવા મળતા ગિલ્સ જેવાં જ વિકાસશીલ વિશિષ્ટ અવયવો હોય. માછલીઓ પાણીમાં ઓગળેલાં ઓક્સિજનનું શોષણ આ ગિલ્સ નામના અંગો વડે જ કરી શકે છે. આથી પાણીની અંદર શ્વાસ લેવા માટે મનુષ્યો પાસે ગિલ્સ હોવા ફરજિયાત છે. આ ઉપરાંત પાણીની અંદર શ્વાસ લેવા માટે આપણા ફેફસામાં પણ નોંધપાત્ર પરિવર્તનની જરૂર પડશે. આપણે વાયુઓનાં વિનિમય માટે ખૂબ મોટા સપાટી વિસ્તારની જરૂર પડશે કે જે ફેધર ગિલ ફિલામેન્ટ્સ દ્વારા પ્રાપ્ત થાય છે. વધુમાં, આપણાં શરીરમાં ઓક્સિજનને વધુ અસરકારક રીતે વહન કરવા માટે આપણાં લોહીની રચનાને પણ પુનઃ ગોઠવણની જરૂર પડી શકે છે.

આ બદલાવ રાતોરાત થશે નહીં. મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકવા સક્ષમ બને તેવી ઉત્ક્રાંતિ થવામાં કદાચ હજારો અથવા તો લાખો વર્ષો પણ લાગી શકે છે. કદાચ, દ્વીપસમૂહ અથવા દરિયાઈ સમુદાયોની જેમ પાણીની સતત નીકટતામાં રહેતા માનવીઓ આ અનુકૂલન વિકસાવનારા પ્રથમ હશે.

પાણીની અંદર શ્વાસ લેવા માટેની બીજી રીત ટેકનોલોજિકલ હોય શકે છે કે જેમાં શ્વસન મશીનો અને એન્જિનિયર્ડ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. ટેકનોલોજી કૃત્રિમ હોવા છતાં આપણને ઝડપી ઉકેલ આપે છે. હવે આપણા શરીરમાં આવેલા વિશિષ્ટ શ્વસન અંગોની કલ્પના કરો. આ માઈક્રોફ્લુઈડિક અંગો અથવા બાયો કોમ્પેટિબલ ગિલ્સ હોઈ શકે છે કે જે આપણને પાણીમાંથી સીધા જ ઓક્સિજનને શોષી શકવા માટે સક્ષમ બનાવે છે. વૈકલ્પિક રીતે, એન્જિનિયર્ડ પ્રવાહી કે જે ઓગળેલાં ઓક્સિજનની વધુ સાંદ્રતા ધરાવે છે તેનો ઉપયોગ કરી શકાય છે, જેમ કે કેટલીક હોસ્પિટલો શ્વસન સમસ્યાઓ ધરાવતા દર્દીઓ માટે આવી જ કેટલીક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જો કે, આ બંને અભિગમ ચિંતા પેદા કરે છે. ઈમ્પ્લાન્ટ કરેલ ઉપકરણો આપણાં શરીરમાં ઈન્ફેક્શનનાં જોખમો ઉભાં કરે છે.

જો મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકતા હોય તો, તેની સૌથી તાત્કાલિક અસર સમુદ્રનાં સંશોધન પર પડશે. આપણે અગાઉ સમુદ્રનાં અગમ ઊંડાણોની અપ્રાપ્ય માહિતીની ઉજાગર કરી શકીશું. આ સાથે જ આપણે દરિયાઈ જીવનનો તેના કુદરતી વસવાટમાં અભ્યાસ કરી શકીશું અને બાયોલ્યુમિનેસેન્સનાં રહસ્યો, ઊંડી સમુદ્રી ઈકો સિસ્ટમ્સ અને નવા ઔષધીય સંસાધનોની સંભાવનાઓને ઉજાગર કરી શકીશું. આ ઉપરાંત આપણે અંડર વોટર ટુરિઝમનો પણ વિકાસ કરી શકીશું કે જે વિશ્વભરના માનવીઓને પોતાની તરફ આકર્ષશે.

જો મનુષ્યો પાણીની અંદર શ્વાસ લઈ શકતા હોય તો, મહાસાગર સાથેના આપણા સંબંધો મૂળભૂત રીતે પુનઃ આકાર પામશે. મત્સ્ય ઉદ્યોગની પદ્ધતિઓ વધુ ટકાઉ બની શકે છે કે જેમાં ડાઈવર્સ માછલીઓની વસ્તીનું સંચાલન કરવામાં અને પાણીની અંદર મત્સ્ય ખેતી કરી શકે છે. આ સ્થિતિ વધુ વૈવિધ્યસભર અને પર્યાવરણને અનુકૂળ સી ફૂડ ઉદ્યોગનું નિર્માણ કરી શકે છે. વધુમાં, વિશાળ સમુદ્રના પાણીની અંદરની અજાણી જગ્યાઓ સુધી પહોંચવાથી આપણે જમીનનાં સંસાધનો પરનાં દબાણને સંભવિત પણે ઘટાડીને, સબએક્વેટિક માઈનિંગ અને ઊર્જા ઉત્પાદન માટેની શક્યતાઓ પણ શોધી શકીશું.

પાણીની અંદર જીવવું એ પણ એક મોટો પડકાર છે કારણ કે, વધતી જતી ઊંડાઈ પર પાણીનું પુષ્કળ દબાણ આપના માનવ શરીર માટે ગંભીર ખતરો પેદા કરી શકે છે આપણાં શરીરને પાણીનાં ભયાનક દબાણનો સામનો કરવા માટે અનુકૂલનની જરૂર પડશે. સંદેશાવ્યવહાર પણ એક અવરોધ હશે. અવાજ પાણીની અંદર સંપૂર્ણ અલગ રીતે પ્રવાસ કરે છે કે જે આપણી વર્તમાન પદ્ધતિઓને બિનકાર્યક્ષમ બનાવે છે. આપણે સાંકેતિક ભાષાનાં નવા સ્વરૂપો વિકસાવવી પડશે અથવા બોલાતા શબ્દોને પાણીની અંદર સાંભળી શકાય તેવી ફ્રિકવન્સીઝમાં અનુવાદિત કરવા માટેની ટેકનોલોજી વિકસાવવી પડશે.

ડિપ્રેશન સિકનેસ કે જેને બેન્ડ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે તે પણ એક મોટી ચિંતાનો વિષય છે પાણીમાં ઊંડી ડાઈવ્સ માર્યા બાદ બહાર નીકળતી વખતે ઝડપી ચઢાણ લોહીના પ્રવાહમાં નાઈટ્રોજનના પરપોટાનું કારણ બની શકે છે કે જે પીડા, લકવો અને મૃત્યુ તરફ દોરી જઈ શકે છે. આથી આપણે નિયંત્રિત દબાણ વાતાવરણ સાથે પાણીની અંદરના રહેઠાણને અનુરૂપ ડીપ્રેશન પ્રોટોકોલ વિકસાવવાની જરૂર પડશે.

માનવીઓ દ્વારા પાણીની અંદર શ્વાસ લેવાની સંભાવના એક કાલ્પનિક દેશ્ય છે, પરંતુ જૈવિક ઉત્ક્રાંતિ દ્વારા અથવા તકનિકી પ્રગતિ દ્વારા આ અનુકૂલન સાંસ્કૃતિક સંશોધન, વૈજ્ઞાનિક શોધ અને સંસાધનોના ઉપયોગના નવા યુગને અનલોક કરવાની ક્ષમતા ધરાવે છે. જો કે, પાણીનું દબાણ, સંદેશાવ્યવહાર અને પર્યાવરણીય પ્રભાવના પડકારોને અવગણી શકાય નહીં. અંતે ફરી ક પ્રશ્ન એ જ સર્જાય કે, જે રીતે આપણે પૃથ્વી પરના વાતાવરણને પ્રદૂષિત કરી ચૂક્યા છીએ તે રીતે શું સમુદ્ર પણ આમાંથી બાકાત રહી શકશે ?

મનુષ્ય જૈવિક રીતે એટલે કે કુદરતી રીતે પાણીની અંદર શ્વાસ લેવા માટે સક્ષમ ત્યારે જ બની શકે કે જ્યારે તેની પાસે માછલીમાં હોય તેવા ગિલ્સ જેવા વિકાસશીલ વિશિષ્ટ અવયવો હોય. માછલીઓ પાણીમાં ઓગળેલાં ઓક્સિજનનું શોષણ આ ગિલ્સ નામના અંગો વડે જ કરી શકે છે આથી પાણીની અંદર શ્વાસ લેવા માટે મનુષ્યો પાસે ગિલ્સ હોવા ફરજિયાત છે.

ઉકળાટમાં ઘરને કૂલ રાખવાના ઉપાય

ઘરની અંદર હળવો રંગ વાતાવરણને ઠંડુ રાખવામાં મદદ કરે છે એ વાતમાં બે મત નથી. પણ ઘરની બહારની ભીંતો પર સફેદ અથવા રીફલેક્ટિવ પેન્ટ કરાવવાથી પણ ઘર ઠંડુ રહે છે. રીફલેક્ટિવ કલર સૂર્યના કિરણોને બાહ્ય વાતાવરણમાં પરત મોકલી દે છે. તેવી જ રીતે ઈંટોની દીવાલ પર ચૂનો ભરાવવાથી કે પોલીશ કરાવવાથી પણ દીવાલો ટાઢી રહે છે. ઘરની ફરસ આરસપહાણની હોય તોય ઓરડા ઠંડા રહે છે. જો ઘરની આસપાસ નાનકડો ઉદ્યાન કે થોડાં છોડા વાવેલાં હોય તો ઘરનું વાતાવરણ કુદરતી રીતે ટાઢું રહે છે.

ઉનાળામાં સર્વાધિક ગરમી બપોરના ભાગમાં હોય છે. તેથી આ સમય દરમિયાન ગરમી પેદા કરતાં ઉપકરણોનો ઉપયોગ કરવાનું ટાળો. જેમ કે વોશિંગ મશીન કે મિક્સર-ગ્રાઈન્ડર, આ ઉપરાંત રસોઈ પણ વહેલી સવારે બનાવી લો. જરૂર ન હોય ત્યારે લાઈટ બંધ રાખો. શક્ય હોય ત્યાં સુધી સીએફએલ લાઈટનો ઉપયોગ કરો.

આ લાઈટમાં પ્રકાશ પૂરતા પ્રમાણમાં મળતો હોવા છતાં વિજળી ઓછી ખપે છે. પરિણામે ગરમી ઓછી પેદા થાય છે. પ્લાસ્ટર ઓફ પેરિસ ધરાવતી ફોલ સિલિંગ પણ ઓરડાને ટાઢો રાખવામાં સહાય કરે છે.

બપોરના સમયે ઘરમાં તડકો તેમ જ ગરમ હવા ન આવે એટલા માટે બારી-દરવાજા બંધ રાખો. બારીઓ પર લગાવેલા સફેદ રંગના ડ્રેપ ગરમ હવા તેમજ તડકાને ઘરમાં પ્રવેશતા અટકાવે છે. પરિણામે ઓરડા ઠંડા રહે છે.

ઘરના ઓરડાઓમાં ઈનડોર પ્લાન્ટ્સ લગાવવા એ પણ ગરમીથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

ઓલ ઈઝ વેલ

એક એવી સમસ્યા જેનો ઉકેલ હાલ તમને નથી સૂઝતો, એવા સમયે આંખો બંધ કરી પોતાની જાતને કહેવું, કે ડોન્ટ વરી, બી હેપી, ઓલ ઈસ વેલ, અઘરું તો નથી.

આ ત્રણ શબ્દસમૂહ કેટલીય આત્મહત્યાઓ રોકી શકે એટલા શક્તિશાળી તો ચોક્કસ છે.

એક જાણીતી અને સફળ મુવીનો નાયક એના જીવનની દરેક કઠિન પરિસ્થિતિ વખતે પોતાની જાતને કહેતો ,ઓલ ઈસ વેલ .અને ચમત્કારી રીતે દરેક પરિસ્થિતિમાંથી આબાદ સફળ થઇ જતો.

શું આ વાક્ય કામ કરે છે.?મારાં મતે આ વાક્ય જીવનની મોટાભાગની પરિસ્થિતિઓ માં ખુબ સરસ પરિણામ આપે છે. કારણકે આપણે સૌ કઠિન પરિસ્થિતિને પોતાની કલ્પના શક્તિ અને વિચાર શક્તિ પ્રમાણે તેનો હોય એનાથી પણ મોટો આકાર આપી દઈએ છીએ.

સમસ્યાઓ તો આવતી જ રહેવાની છે, એને સમય ની સાથે વહેવા દેશો અને સાથે સાથે સાચી વૃત્તિને અનુસરશો તો મોટાભાગની સમયસ્યાઓ આપણી મનોભૂમિ પર ગમે ત્યાં ઉગી નીકળેલા નિંદણની જેમ નકામી અને કામ વગરની સાબિત થશે. જે માત્ર ખાતર રૂપી આપણા મનની એનર્જી ઘટાડે છે.

જીવનની દરેક પરીક્ષાના સમયે સાચી વૃત્તિથી વર્તવાથી મારાં મતે ભીતરી શક્તિ મજબૂત બને છે.સાચા રસ્તે મુકાયેલા પગલાં જીવનના અંતિમ તબક્કામાં વેદનાના કડ

છાત્રોને હાથકડી : ભારતને સલાહ આપતાં પહેલાં અમેરિકા આત્મચિંતન કરે તે જરૂરી

અમેરિકામાં ચૂંટણી સુધી ગાઝાનો મુદ્દો વિવિધ યુનિ.ઓમાં ગુંજતો રહે તેમ જણાઈ રહ્યું છે. ફ્રાન્સના શિક્ષણ કેન્દ્રોમાં પણ તેનો પડઘો સંભળાવા લાગ્યો છે. ઘણા કેમ્પસમાંથી આ પ્રશ્નનો જવાબ મળવાનો બાકી છે. ગયા અઠવાડિયે પેરિસની ટોચની યુનિ. 'સાયન્સ-પો' ખાતે અમેરિકાની નજર હેઠળ પેલેસ્ટાઈન તરફી પ્રદર્શન શરૂ થયું.

ઈમેન્યુઅલ મેક્રોન આ પ્રદર્શનથી એટલો નારાજ હતો કે તેણે સાયન્સ-પોનું ભંડોળ સ્થગિત કરી દીધું. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમના વડાપ્રધાન ગેબ્રિયલ અટ્ટલે સાયન્સ-પ્રોમાં અભ્યાસ કર્યો છે. પરંતુ મેક્રોને આવો નિર્ણય લેતી વખતે આ વાતને ધ્યાનમાં લીધી ન હતી. ગાઝામાં ચાલી રહેલું યુદ્ધ ફ્રાન્સ માટે સંવેદનશીલ મુદ્દો છે. ફ્રાન્સ પશ્ચિમ યુરોપના યહુદીઓ અને સ્થળાંતરિત મુસ્લિમોનું ઘર છે તેથી બન્ને પક્ષો વચ્ચે હંમેશા સંઘર્ષની સ્થિતિ રહે છે.

ફ્રાનસના દૂર-ડાબેરી (લા ફ્રાનસ ઈનસોમિસ)ના ધારાશાસ્ત્રીઓએ વિદ્યાર્થીઓના વિરોધને સમર્થન આપ્યું છે. મે ડેપર જીન લુક મેલેનચોલે રૂઢિચુસ્તો અને મેક્રોન સરકારના તકવાદી વર્તનની ટીકા કરી હતી. ફ્રાનસના વડાપ્રધાન ગેબ્રિયલ અટ્ટલે કહ્યું કે, ચર્ચા માટે હંમેશા અવકાશ છે પરંતુ લઘુમતી વિદ્યાર્થીઓ કે જેમણે સાયન્સ-પોના શૈક્ષણિક વાતાવરણને અવરોધિત કર્યું છે. તેઓ બહુમતી પર તેમના વિચારો લાદી રહ્યા છે. આવી વિચારધારાને આપણે એટલાન્ટિક પારથી આયાત કરેલી કહી શકીએ.

પરંતુ આ સમયે મુખ્ય ચર્ચા જો બિડેન છે જેમની ચૂંટણી દરમિયાન અમેરિકન યુનિવર્સિટીઓમાં જોરદાર પ્રદર્શન થયા છે. ૧ મે સુધીમાં અમેરિકામાં ૩૦થી વધુ કેમ્પસમાં પ્રદર્શનમાં ૧૪૦૦થી વધુ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે. ગાઝામાં નરસંહાર રોકવાના પ્રશ્ન પર સતત દેખાવો અટકાવવા અને યહુદી વિરોધીતાનો સામનો કરવા બુધવારે યુએસ કોંગ્રેસમાં એક બિલ પસાર કરવામાં આવ્યું હતું.

હાલમાં ન્યુયોર્કની કોલંબિયા યુનિ.માં તણાવપૂર્ણ સ્થિતિ છે. બુધવારે યુએન જનરલ એસેમ્બલીની બેઠકમાં ઈઝરાયેલના રાજદૂત ગિલાદ એર્ડને વિદ્યાર્થી પ્રદર્શનકારીઓની નિંદા કરી હતી. ગિલાડ એર્ડને કહ્યું અમે હંમેશા જાણતા હતા કે હમાસ શાળાઓમાં છૂપાયેલું છે. અમને ખ્યાલ ન હતો કે તે માત્ર ગાઝાની શાળાઓમાં જ નથી પરંતુ અમેરિકામાં હાર્વર્ડ, કોલંબિયા જેવી ચુનંદા યુનિ.ઓ પણ તેમના

કેન્દ્રો છે.

વ્હાઈટ હાઉસના પ્રવકતા જ્હોન કીર્બીએ મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ જો બિડેન માને છે કે વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક ઈમારત પર કબજો કરવો તે સંપૂર્ણપણે ખોટું છે. અમે આને શાંતિપૂર્ણ વિરોધ બિલકુલ ન કહી શકીએ. કોલંબિયા યુનિ. નજીક ન્યુયોર્ક જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા ડેમોક્રેટ જમાલ બોમને તેને રોકવા માટે હાકલ કરી હતી. કોલેજ કેમ્પસનું લશ્કરીકરણ, પોલીસની વ્યાપક હાજરી અને સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ એ આપણા લોકશાહીના પાયાની વિરૂદ્ધ છે.

અમેરિકામાં દેખાવકારોના બન્ને હાથને પીઠ પાછળ રાખીને હથકડીમાં લઈ જવાના દંશ્યો આખી દુનિયા જોઈ રહી છે. તે કોઈપણ લોકશાહીને ખુશ કરી શકે નહીં. એ જ અમેરિકા ભારતને લોકશાહીની સલાહ આપે છે. દુર્ભાગ્યે અમેરિકાની ક્રૂર અને અસમર્થ પોલીસ પર સવાલ ઉઠાવવાની મનાઈ છે.

૨૦૦૫માં વોશિંગ્ટન ડીસીના પેન્ટાગોનથી બાલ્ટીમોર સુધીની સબવે રાઈડને કયારેય ભૂલી શકયો નથી, જંયારે બર્ગર ખાતા એક સ્કૂલના છોકરાને પોલીસ હથકડીમાં લઈ ગયો હતો. અમેરિકામાં પોલીસ માટે નાની-નાની બાબતો પર પિસ્તોલ તાકીને નીચે પછાડવી અને પાછળથી હથકડી લગાડવી એ સામાન્ય બાબત છે.

ભારતમાં માત્ર ઘોર અપરાધિક કેસોમાં આરોપીઓને જ હથકડી લગાડવાનો કોર્ટનો આદેશ મળે છે. ૮૦ના દાયકામાં સામાન્ય ફોજદારી કેસોમાં હથકડી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઉમર ખાલિદને હથકડી લગાડવાની અરજીને ફગાવી દેતાં દિલ્હી કોર્ટે ટિપ્પણી કરી હતી કે ઉંમર ગેંગસ્ટર નથી. તો શું લોકશાહીના ચૌધરી બનેલા અમેરિકાએ ભારતની સલાહ લેવાની જરૂર છે ? સવાલ એ છે કે, અમેરિકા કયા મોઢે ભારતને લોકશાહીનું રક્ષણ કરવાની વણમાંગી સલાહ આપે છે ?

ગાઝાના દમન ચક્રના પ્રશ્નને લઈને કેટલાક અઠવાડિયાથી અમેરિકન કેમ્પસ છૂટાછવાયા પ્રદર્શનોથી પ્રભાવિત છ. પરંતુ વિરોધ ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ફેલાઈ ગયો જ્યારે વિદ્યાર્થીઓએ ન્યુયોર્ક યુનિ., યેલ યુનિ., ઈમર્સન કોલેજ, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી અને ટકટ્સ યુનિ. સહિત અનેક પૂર્વ કિનારે કેમ્પસ પર કબજો કરવાનું શરૂ કર્યું.

૪૦થી વધુ કેમ્પસમાં આયોજિત પ્રોટેસ્ટ કેમ્પ જોઈને સરકાર થાકી ગઈ હતી. જો બિડેન વહીવટી તંત્રે વિરોધ સ્થળ પર ઊભા તંબુઓ લગાવીને ભમર ઊભા કર્યા હતા. ત્રણ જૂથોએ ગયા બુધવારે કોલંબિયા યુનિ.માં ટેન્ટ સિટી સ્થાપી હતી. આ જૂથો છે સ્ટુડન્ટ્સ ફોર જસ્ટિસ ઈન પેલેસ્ટાઈન, યહુદી વોઈસ ફોર પીસ અને અમારા જીવનકાળની અંદર. વિદ્યાર્થીઓએ યુનિ. વહીવટીતંત્રને ગાઝામાં યુદ્ધને સમર્થન આપતી કંપનીઓ સાથે કામ કરવાનું બંધ કરવાની અપીલ કરી હતી.

અમેરિકામાં ચૂંટણીનો સમય હોવાથી ત્યાંથી સૌથી શક્તિશાળી પ્રો-ઈઝરાયેલ લોબી, અમેરિકન ઈઝરાયેલ પબ્લિક અફેર્સ કમિટી, બિડેનના સમર્થનમાં વાતાવરણ બનાવવામાં વ્યસ્ત હતી. તેના પ્રયત્નો નિરર્થક ગયા લાગે છે. એઆઈપીએસીનો વિરોધ યહુદી અબજોપતિ જ્યોર્જ સોરોસ છે. જે ઈઝરાયેલ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનોને ભારે ભંડોળ પૂરું પાડે છે.

અમેરિકામાં દેખાવકારોના બન્ને હાથને પીઠ પાછળ રાખીને હથકડીમાં લઈ જવાના દંશ્યો આખી દુનિયા જોઈ રહી છે તે કોઈપણ લોકશાહીને ખુશ કરી શકે નહીં એ જ અમેરિકા ભારતને લોકશાહીની સલાહ આપે છે

સ્ત્રીઓ, સોશિયલ મીડિયા અને બાઉન્ડ્રી

એક આમાન્યા જાળવવી જરૂરી

એક કહેવત છે કે જેવું વાવો તેવું લણો.' આ કહેવત દરેક જગ્યાએ લાગુ પડતી હોય છે પછી તે આપણા કર્મો હોય, જાહેરજીવન હોય કે રોજિંદા જીવનની નાનીમોટી વસ્તુ હોય, તમે જેવું કરશો એવું જ ફળ તમને મળશે. આવી બધી અનેક મોટી મોટી વાતોની આપણને ખબર હોય પણ તે બધી આપણી ઉપર લાગુ કરવાની થાય ત્યારે બહુ તકલીફ થાય. એટલે જ કહેવાયું છે કે સલાહ આપવી તો સારી છે પણ એ સલાહ જાત ઉપર લાગુ પાડવી કેટલી અઘરી છે એ તો જેની ઉપર વીતી હોય એ જ જાણી શકે. ખેર, આજે **give and take** વાળી પોલિસી છે એની વાત કરીએ તો દરેક જગ્યાએ લાગુ પડે છે. આપણે જાણીએ છીએ પણ તેનો સૌથી મોટો દાખલો આપણને સોશિયલ મીડિયા ઉપર મળી રહે છે. સ્ત્રી તરીકે આપણે સોશિયલ મીડિયા બાબતે આવા ઘણાં અનુભવો કરેલા હશે. એક સામાન્ય દાખલો લઈએ તો આપણે કોઈ ફોટો મુકયો છે, એ ફોટો જોઈને કોઈ જાહેરમાં કોમેન્ટ કરવાને બદલે પર્સનલ ઈનબોકસમાં આવીને કોમેન્ટ કરે છે, તેના ભરપુર વખાણ કરે છે ત્યારે સવાલ થાય કે આવું કેમ ? સ્ત્રીઓને તેના વખાણ ગમતાં હોય છે પણ સાવ અજાણી વ્યક્તિ જયારે ખુબ વખાણ કરવા લાગે ત્યારે ચેતવું જરૂરી બને છે. એ સંજોગોમાં હરખાવાનો કોઈ મતલબ નથી. એવા સંજોગોમાં તમે સ્ત્રી તરીકે વખાણ સાંભળીને ખુશ થશો અને તે વ્યક્તિને વધારે ને વધોર રિસ્પોન્સ કરશો તો સંભવ છે કે તેની મલિન ઈચ્છાની જાણ તમને સમય જતાં થઈ જાય.

બાઉન્ડ્રી શા કારણે જરૂરી ?

પહેલી વાત તો એવી કે આપણે સારા લાગીએ છીએ એનું સર્ટિફિકેટ આપણે બીજા પાસેથી શું કામ લેવું હોય છે ? બીજાએ કરેલા વખાણમાં ઘણીવાર સ્ત્રીઓ એટલી વહી જતી હોય છે કે એ શા કારણે એવું કરી રહ્યાં છે એ પણ જાણ નથી રહેતી. એટલે જ જયારે વખાણ કરતી વ્યક્તિ સાથે એક લેવલથી વધારે વાત કરવા લાગે તો બને કે એ વ્યકિત પાછળથી એ સ્ત્રી વિશે ખરાબ પણ બોલવા લાગે, સોશિયલ મીડિયા હોય કે સમાજ અહીં કેરેકટર સર્ટિ. તરત મળી જતું હોય છે એટલે તમે ગમે તેટલા સુંદર લાગતા હોવ પણ તેના વખાણ કરનાર દરેક વ્યકિત સાથે એક આમાન્ય જાળવી અને એક અંતર બનાવીને વાત કરવી જરૂરી છે, કારણ કે એકવાર તમે છુટછાટ લઈને વાત કરશો અને પછી ખબર પડશે કે એ વ્યક્તિના ઈરાદા મલિન હતા તે એ સમયે ફરિયાદ કરશો તો સામે એવું જ સાંભળવું પડશે કે તમે પણ સામે એટલો જ રિસ્પોન્સ આપ્યો જ હતો ને. વળી સોશિયલ મીડિયા ઉપર કાર્યરત વ્યક્તિ ખરેખર કેવી છે એ વિશે આપણે ઉંડાણથી નથી જાણતા હોતા એટલે લાંબી જાણકારી મેળવ્યા વગર કોઈ સાથે વાત કરવી પણ યોગ્ય નથી.

બીજી વાત કે તમે જયારે કોઈ સાથે એક લિમિટથી વધારે વાત કરો એટલે સામેની વ્યક્તિ સ્ત્રી સાથે છુટછાટ લેવાનો પ્રયત્ન કરે એ સમયે જ એક બાઉન્ડ્રી દોરી લેવી. જો એ નહીં દોરો તો બને કે સામેની વ્યક્તિ એક સ્ટેપ આગળ વધે. પછી એ બાબતે હો-હા કરવાને બદલે કે છાજિયા લેવાને બદલે પહેલાં જ એક આમાન્ય જાળવીને વર્તન કરવું જરૂરી છે.

સોશિયલ મીડિયા ઈમેજ

સ્ત્રીઓને તેનાં વખાણ ગમતાં હોય છે પણ સાવ અજાણી વ્યક્તિ જયારે ખૂબ વખાણ કરવા લાગે ત્યારે સ્ત્રીએ ચેતી જવું જરૂરી છે

બનાવી અને બગાડી બંને શકે છે

સોશિયલ મીડિયા પર જેમ લોકોની ઈમેજ બની શકે એમ બગડી પણ શકે છે. જોકે એ માટે દરેક વ્યક્તિ પોતે જ જવાબદાર હોય છે. તમે દરેક સાથે આમાન્ય જાળવીને વર્તન કરશો તો સામે પણ તમારી સાથે એવું જ વર્તન લોકો કરશે પણ જો તમે જ એક લિમિટ ઓળંગીને મજાક ઉપર ઉતરી આવશો તો સમય આવ્યે કોઈ તમારી મજાક કરતાં પણ પાછું વળીને નહીં જુએ. એટલે જ કહ્યું છું કે અહીં જેવું વાવો તેવું લણશો. જો તમે સારું વાવ્યું હશે તો તમને સામે પણ સારું જ મળશે. રહી વાત મજાકની તો સામાન્ય નાની મોટી મજાક કરવામાં કોઈ એતરાજી નથી પણ તમે કોઈના પગ ખેંચવાના કારસ્તાન ઉપર ઉતરી આવ્યા હશો તો તૈયારી રાખવી કે કોઈ આપણાં પગ પણ સમય આવ્યે ખેંચી શકે છે. વળી સ્ત્રીઓ આ બાબતે બહુ સેન્સિટિવ હોય છે, ભલે તે એવા બણગાં ફૂકે કે તેને પણ મજાકને મજાકમાં લેતાં આવડે છે પણ આ માત્ર બણગાં જ હોય છે. એક હદથી વધારે તેની સાથે મજાક થાય એટલે તેને માઠું લાગે જ છે. એ એક યા બીજી રીતે એ વાત ઉપર રિએકટ કરે જ છે. એટલે અહીં મજાક પણ એટલી જ કરવી જેટલી સહન થઈ શકે. કાલ સવારે આપણી ઈમેજ ઉપર આંચ આવે એ હદે મજાક જાહેરમાં ન કરવી જ હિતાવહ છે.

અને અંતે...

અહીં કોઈ જુનવાણી વિચારો કે માન્યતાનો સવાલ નથી પણ સ્ત્રી તરીકે જાહેર પ્લેટફોર્મ ઉપર એક આમાન્યા જાળવવી આપણાં માટે જ સારી બાબત છે. આજના યુગમાં કોણ કેવું છે એ વિશે આપણે નથી જાણતાં. જાહેરમાં આપણા અઢળક વખાણ કરનારા પાછળથી આપણાં વિશે ઝેર પણ ઓકતા હોય. વળી આજે જે રીતે અમુક સ્કેમ થઈ રહ્યાં છે એ જોયા- સાંભળ્યા પછી એક વાત તો નકકી છે કે અમુક હદ જાતે જ નકકી કરેલી હશે તો એ આપણા માટે જ ફાયદાકારક સાબિત થશે.

એડવાન્સ કમ્પ્યુટિંગ કેમેરા દુનિયામાં લાવશે મોટો બદલાવ

ધડાધડ સ્માર્ટ ફોનના કેમેરા પર ક્લિક કરી ગણતરીના સમયમાં હજારો-લાખોની સંખ્યામાં ફોટોગ્રાફ આપણે પાડતા થયા છીએ ત્યારે વપરાશકર્તાઓને કહેવાનું કે, આવનારા દિવસોમાં એડવાન્સ કમ્પ્યુટિંગની મદદથી કેમેરાની દુનિયામાં વધુ ક્રાંતિકારી ફેરફારો થવાના છે જેનો લાભ વપરાશકર્તાઓને નજીક ભવિષ્યમાં મળશે.

ઝડપથી બદલાતી ટેકનોલોજીની દુનિયામાં એડવાન્સ કમ્પ્યુટિંગની કેમેરાની લાઈટિંગમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. એડવાન્સ કમ્પ્યુટિંગથી કેમેરાની દુનિયામાં થનારા ક્રાંતિકારી ફેરફારોની વાત આગળ વધારતા અગાઉ કેમેરાની દુનિયાના ઈતિહાસમાં ડોકિયુ કરી લઈએ.

વર્ષ ૧૬૬૪થી ૧૬૭૨ દરમિયાન સર આઈઝેક ન્યૂટને શોધ્યું કે પ્રિઝમમાંથી સફેદ પ્રકાશ વક્રીવર્તી થઈ વિવિધ રંગોનો બનેલો છે. વર્ષ ૧૬૮૫માં પોર્ટેબલ અને નાના કેમેરાના બોક્સ સ્વરૂપની કલ્પના જોહાન જ્હોને કરી હતી. જો કે ટેકનોલોજીએ તેમની દૃષ્ટિને જીવંત કરી સક્ષમ બનાવતા શોધકર્તાઓને લગભગ દોઢસો વર્ષ કરતા વધુ સમય લાગ્યો હતો.. હેલીયોગ્રાફ તરીકે ઓળખાતા પ્રથમ કેમેરાની શોધ વર્ષ ૧૮૧૬માં ફ્રેંચમેન જોસેફ નિસેફોર નિપેસે કરી હતી.

નિપેસેનો કેમેરા પોર્ટેબલ હતો અને તેણે ૧૮૨૬માં પ્રથમ કાયમી ફોટોગ્રાફ લેવા માટે સ્લાઈડિંગ લાકડાના બોક્સ અને સિલ્વર ક્લોરાઈડ-કોટેડ કાગળના ટુકડાનો ઉપયોગ કર્યો હતો.

કેમેરાની કલ્પના અને વાસ્તવિકતા સુધી પહોંચતા દોઢસો વર્ષનો સમયગાળો લાગ્યો હતો. કમ્પ્યુટિંગ અને ડિજિટલાઈઝેશનના યુગમાં ટેકનોલોજીમાં અપગ્રેડેશન બહુ ઝડપભેર થઈ રહ્યું છે. એટલે કેમેરામાં નવા તકનીકી ફેરફારો ઝડપભેર થવા જઈ રહ્યા છે. જેમ કે, પ્રકાશ-આધારિત એડવાન્સ કમ્પ્યુટિંગ ભવિષ્યના સ્માર્ટ કેમેરા માટેની ક્ષમતાઓ દર્શાવે છે. કમ્પ્યુટિંગ ટેકનોલોજીની નવી પેઢીનો વિકાસ કરી રહેલા સંશોધકોનો ઉદ્દેશ ઓપ્ટિકલ

કમ્પ્યુટિંગ લાવવાનો પ્રયાસ છે. જે ફોટોન નામના પ્રકાશના કણો પર આધાર રાખે છે. જે સામાન્ય રીતે પરંપરાગત ઈલેકટ્રોનિક અભિગમોના વિકલ્પો પ્રદાન કરશે તેવી અપેક્ષા છે. આ હાઈબ્રિડ સિસ્ટમ્સના પ્રકાશ-આધારિત ઘટકો કે જે ઈલેકટ્રોનિક ભાગોને એકસાથે જાળવી રાખે છે. એડવાન્સ કમ્પ્યુટિંગમાં ઓછી ઊર્જાના વપરાશ સાથે વિઝ્યુઅલ માહિતીની વધુ અસરકારક રીતે ગણતરી થઈ શકશે.

આજની તારીખે ઓપ્ટિકલ કમ્પ્યુટિંગને કેટલીક મર્યાદાઓનો સામનો કરવા પડી રહ્યો છે. એઆઈ સંચાલિત એડવાન્સ કમ્પ્યુટિંગની કેમેરાને વધુ સ્માર્ટ બનાવશે. કેલિફોર્નિયા નેનોસિસ્ટમ્સ ઈન્સ્ટિટ્યૂટના તાજેતરના અભ્યાસે એક ઉપકરણ રજૂ કર્યું છે જે હાલના વિઝ્યુઅલ્સમાં આવી રહેલા અવરોધોને દૂર કરશે. વિઝ્યુઅલ માહિતીની પ્રક્રિયા કરવા માટે ઓપ્ટિકલ કમ્પ્યુટિંગ તરફના એક મોટા પગલામાં શોધકર્તાઓએ નોંધ્યું છે કે, પારદર્શક પિક્સેલ્સની નાની એરે ઓછી-પાવર એમ્બિયન્ટ લાઈટમાંથી ઝડપી, બ્રોડબેન્ડ, બિનરેખીય (નોનલીનેર રેસ્પોન્સ) પ્રતિભાવ પેદા કરી શકે છે. અભ્યાસકર્તા ટીમે આ અંગે એક એપ્લિકેશનનું નિદર્શન પણ કર્યું જે તેમના ગેઝેટને સ્માર્ટફોન કેમેરા સાથે જોડીને ઈમેજોમાં બહારની લાઈટનો ઝગઝગાટ ઓછો કરે છે. અભ્યાસકર્તાઓનું માનીએ તો સામાન્ય રીતે રાત્રિના પ્રકાશમાં લાઈટિંગની જે સમસ્યા છે તે નવી ટેકનોલોજીથી દૂર થઈ શકશે.

લગભગ ૧૮૦ વર્ષ પહેલાં ફોટોગ્રાફીના જન્મથી, ફોટોગ્રાફર અને કેમેરા વચ્ચેનો સંબંધ મોટાભાગે એકસરખો રહ્યો છે. જેમ કે ગેઝેટનું શટર ખોલો અને એક છબી કેપ્ચર કરો. નવી ટેકનોલોજીમાં આપણે લેન્સ બદલી સ્માર્ટ છબી ક્લિક કરી શક્યા છીએ પરંતુ એડવાન્સ કમ્પ્યુટિંગ કેમેરાની દુનિયામાં ધડમૂળથી ફેરફાર કરશે તેવું લાગી રહ્યું છે. એક સમયે પોઈન્ટ-એન્ડ-શૂટ ડિજિટલ કેમેરા માટે ઝડપથી વિકસતું બજાર હતું. ડિજિટલ સિંગલ-લેન્સ રિફ્લેક્સ (ડીએસએલઆર) કેમેરા બજારમાં સૌથી વધુ વેચાણ કરતા બન્યા. હવે લેન્સ, ઉચ્ચ-ગણતરીવાળા સેન્સર્સ સ્માર્ટ ફોનમાં આવતા ડીએસએલઆરની માગમાં મોટો ઘટાડો આવ્યો છે. એમાંય હવે સ્માર્ટ ફોનના કેમેરામાં લાઈટિંગ મામલે એડવાન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમ ફોટોગ્રાફી પ્રેમીઓ માટે ઉત્તમ સોગાદ બની રહેશે તેમ કહેવું યોગ્ય કહેવાશે.

ફર્નિચર પરથી ડાઘ દૂર કરવાનાં સરળ સૂચનો

ફર્નિચર પર થોડા સમયે ચીકાશ, રંગ, મીણ, પીણા વગેરે ઢોળાવાથી તેમ જ અન્ય કારણોસર ડાઘ પડી જાય છે, જેના લીધે તે ખરાબ અને જૂનું દેખાય છે. આ ડાઘ દૂર કરીને ફર્નિચરને પુનઃ નવીન રૂપ શા માટે પ્રદાન ન કરવું ? વિવિધ ડાઘને દૂર કરવા માટે નીચે મુજબની જુદી જુદી રીતો દર્શાવી છે.

વાર્નિશ કરેલા ફર્નિચર ઘી, ક્રીમ, રસાવાળું શાક વગેરે ઢોળાવાથી એટલે કે ચીકાશના ડાઘ પડી ગયા હોય, તો ગરમ પાણીમાં સોડાનું દ્રાવણ બનાવી તેના પર ઘસવાથી ડાઘ નીકળી જાય છે. ઓઈલપેઈન્ટ કરેલા ફર્નિચર પરથી ચીકાશ દૂર કરવા માટે નવશેકા પાણીમાં પેરાફિન વેક્સ ભેળવી ઘસો.

ઘરમાં રંગ કરાવતી વખતે ખૂબ સાવચેતી રાખવા છતાં ફર્નિચર પર રંગના છાંટા તો પડતા જ હોય છે. આને સફેદ સ્પિરિટવાળા રૂ કે કપડાથી સાફ કરો, પરંતુ આનાથી ડાઘની સાથોસાથ ફર્નિચર પરનું પોલિશ પણ નીકળી જતું હોવાથી ફરીથી પોલિશ કરો.

લીંબુ પર મીઠું ભભરાવી ઘસવાથી અથવા ઓકઝેલિક એસિડથી ફર્નિચર પર પડેલા શાહીના ડાઘ નીકળી જાય છે. જો ડાઘ વધારે જૂના હોય તો ત્યાં સહેજ સ્પિરિટ રેડી કપડાથી ઘસો.

ઘણીવાર ફર્નિચર પર મીણબત્તી મૂકવાથી મીણ જામી જાય છે. તે કાઢવા માટે ત્યાં ધીમે ધીમે ખોતરો અને મીણ નીકળી ગયા પછી રહેલા ડાઘને દૂર કરવા માટે સહેજ ગરમ પાણી લગાવો અથવા ડાઘ પર કાગળ રાખો જે તેને શોષી લેશે.

ફર્નિચર પર પડેલા લિસોટા દૂર કરવા માટે અખરોટની છાલની લીસી બાજુને ઘસવાથી તે સમથળ બની જશે. જો ફર્નિચર પર ઘેરા બ્રાઉન રંગનું પોલિશ કરેલું હોય, તો ઘસવાથી પડેલા ડાઘ દૂર કરવા બ્રાઉન શૂ પોલિશ રૂ પર લઈને તેના પર લગાવો એ સિવાય આયોડિન પણ લગાવી શકાય.

ફર્નિચર પર માખી, પતંગિયા વગેરે બેસવાથી કાળા ડાઘ પડી ગયા હોય તો તેના પર એમોનિયાનું પોલીશ કરો. ડાઘ રહેશે નહીં.

જો લોહીના ડાઘ પડ્યા હોય, તો ઠંડા પાણીથી

સાફ કરો. ડાઘ ખૂબ પાકા થઈ ગયા હોય તો સહેજ મીઠું ભભરાવી હળવેથી ઘસવું, જેથી ડાઘ નીકળી જશે.

ક્યારેક ગરમ વાસણ, ઈસ્ત્રી વગેરે મુકવાથી પણ ટેબલ, ટિપોય વગેરે પર ડાઘ પડી જાય છે એ દૂર કરવા માટે ઘણાં દિવસ સુધી યુ કેલિપ્ટસનું તેલ સતત લગાવતાં રહો.

ફર્નિચર પર સળગતી દીવાસળી, મીણબત્તી વગેરે પડી જવાથી કે વધારે ગરમીને લીધે બળી જવાથી ઊંડા ડાઘ પડી જાય છે. આ માટે સિગારેટની રાખને લીંબુના રસમાં મિક્સ કરી પેસ્ટ બનાવી ડાઘવાળી જગ્યાએ લગાવી દો. તેનાથી ડાઘ સંપૂર્ણપણે નીકળી જતા નથી, પરંતુ છુપાઈ તો જાય જ છે. જો કે ફર્નિચર વધારે બળી ગયું હશે તો આ રીતે સફળ નીવડશે નહીં.

ફર્નિચર પરફ્યુમ, પીણાં, દવાઓ, ગરમ પાણી વગેરે ઢોળાવાથી પણ ડાઘ પડી જાય છે. આથી તે ઢોળાય કે તરત જ તે જગ્યા લૂછીને નાખીને ટર્પન્ટાઈન અને અળસીના તેલને ૧:૪ના પ્રમાણમાં મિક્સ કરી સાફ કરો. આ મિશ્રણ બનાવીને શીશીમાં ભરાવી રાખવું વધારે સારું, જેથી જરૂર પડે કે તરત તેનો ઉપયોગ કરી શકાય.

ફર્નિચરનું પોલીશ ઝાંખુ થઈ ગયેલું હોય તો, ત્યારે ચા બનાવ્યા પછીના તપેલીમાં વધેલા ચાનાં પાંદડાને (સાકર વગરનાં)ફર્નિચર પર ઘસવાથી થોડીવારમાં ફર્નિચર પર ચમક આવી જશે.

પોલિશ કરેલું ફર્નિચર સરકાવાળા પાણીની સ્વચ્છ અને ચકચકિત બનશે.

ડાઈનીંગ ટેબલ પર ગરમાગરમ તપેલી મુકવાથી ડાઘા પડ્યા હોય તો પોચા કપડાંથી થોડું સ્પિરિટ ઓફ કેમ્ફર લગાડજો. પછી લૂછી નાખજો.

ચામડાની વસ્તુઓ (સોફા વગેરે)ની કુદરતી ચમક જાળવી રાખવા અને ફૂગ ચડતી અટકાવવા માટે ગ્લીસરીનમાં રૂ બોળીને તેના પર લગાડવું.

લાકડામાં ઊધઈ થતી હોય, તો તેમાં તમાકુ ભરવી.

ફર્નિચરમાં ચમક લાવવા ૧ ચમચો ઓલિવ ઓઈલ, ૧ ચમચો સફેદ ઓઈલને થોડા સમય ગરમ પાણીમાં મિક્સ કરી ફર્નિચર પર પોતું ફેરવવું.

લાકડાની કોઈ પણ ચીજમાં ફાટ પડી ગઈ હોય તો તે જગ્યા પર પાકો રંગ લગાડી દેવાથી કે ભરી દેવાથી તડ પૂરાઈ જાય છે. જો ડાઈનિંગ ટેબલ પર માખીઓ બણબણતી હોય, તો ભીનાં કપડાં પર થોડું મીઠું લગાવીને ટેબલ સાફ કરી નાખો. ટાઈલ્સ અથવા સિમેન્ટવાળી જમીન પર ખુરશીના પાયાથી

ભુખમરામાં પણ સક્રિય રહેવા મગજની અદ્ભુત કવાયત

ભૂખ્યા રહેવાના દસ દિવસ પછી પણ ખોરાક ન મળે ત્યારે મગજ સુષુપ્ત અવસ્થા તરફ ધકેલાવા માડે છે

વિશ્વભરમાં ૭૦ કરોડથી વધુ લોકો ભુખમરાનો સામનો કરી રહયા છે. સવાલ એ થાય છે કે ભુખ્યા રહીને કેટલો સમય જીવી શકાય ? ને શરીર ખોરાક વિના કઈ રીતે ટકી શકે ?

એમ તો શરીરની રચના જ અદભુત છે. શરીર ઈચ્છો એવું થઈ શકે છે. ઉત્ક્રાંતિ દરમ્યાન પરીરિસ્થતીને આધીન રહી શરીર અનુકુલન સાધી શકે એવું થયું છે. જો ચોકકસ સમયયે જમી લેતા હોય એવી વ્યકિતને એ સમયે શરીર જમી લેવા સંકેત આપતું જ ન હોય તો થોડા સમયમાં શરીર ટેવાઈ જતું હોયય છે. પરંતુ ભુખમરા જેવો સમય હોય અને ખોરાક મળે એમ જ ન હોય અને લાંધણ કરવું પડે ત્યારે શરીર કેટલું લાંબુ ખેચી શકે ?

મગજમાં હાયપોથેલેમસ નામનો એક ભાગ છે. તે આપણને ભૂખ લાગે તે માટે મહત્વપુર્ણ ભુમીકા ભજવે છે.લોહીમાં સુગર લેવલ ઘટતાં જ તે સક્રિય થઈને જુદા જુદા આદેશ વિવિધ અંગોને આઅપે છે. સૌ પહેલાં તો તે હાયપોથેલેમસ મુત્રપિંડ પાસેની ગ્રંથીઓના તણાવ હોર્મોન એડ્રેનાલીન સ્ત્રાવ કરવા માટે સુચના આપે છે. આ હોર્મોન આપણને ખોરાકની શોધ માટે દિશાસુચન કરે છે. એમ છતાં જો ખોરાક નહીં મળે તો મગજ પ્લાન બી અમલમાં મુકે છે. બહારથી ખોરાક નહી મળતાં આ હોર્મોન શરીરમાંથી જ કયયાંક ગ્લુકોઝ મળે છે કે કેમ તેની શોધ શરૂ કરે છે. વાસ્તવમાં મગજને તેની કામગીરી કરવા માટેપણ ખાંડ એટલે કે ગ્લુકોઝની જરૂર હોય છે. તેને બ્લડ સુગર કહેવામાં આવે છે. શરીરમાં કુલ વજનના માત્ર બે ટકા ગ્લુકોઝ હોય છે.એમાંથી પણ અડધો ગ્લુકોઝ મગજ ઉપયોગમાં લે છે. ખોરાક નહી મળતાં શરીર એ ગ્લુકોઝ શોધવાનું શરૂ કરે છે. તેથી મગજ ઈન્સ્યુલીન સ્ત્રાવને રોકવા માટે સંકેત આપે છે. ઈન્સ્યુલીન બંધ થાય એટલે સ્નાયયુઓમાં મળતો ગ્લુકોઝનો પુરવઠો બંધ થઈ જાય છે. અને સ્નાયુનોએ મળતો ગ્લુકોઝ જો લાંબા સમય ખોરાક નહી મળે તો શરીરમાંના અવયવો તેના મુળ કદથી અડધા થઈ જાય છે. ખોરાક નહી જ મળે તો મૃત્યુ થાય ત્યાં સુધી એ અવયવો સંકોચાઈને કામ કરતા રહે છે. મગજ પણ ગ્લુકોઝને સાચવવાની ક્ષમતાને કારણે મહત્તમ ૪ ટકા સંકોચાય છે. એ સાથે જ શરીરના અન્ય અવયવો તેના કામ માટે જરૂરી ઉર્જા મેળવવા માટે પ્રોટીનનો ઉપયોગ શરૂ કરે છે. સ્નાયુઓમાં પ્રોટીન સૌથી વધુ હોય છે. એ સાથે જ શરીર પ્રોટીનના રૂપમાં રહેલા એમીનો એસીડને ગ્લુકોઝમાં રૂપાંતરીત કરે છે.

ભુખ્યા રહેવાના લગભગ આઠથી દસ દિવસ પછી પણ ખોરાક નહી મળે ત્યારે સુષુપ્ત અવસ્થા તરફ ધકેલાવા માંડે છે. અને તેથી હૃદયને ધબકારા, બ્લડ પ્રેશર અને શરીરનું તાપમાન જેવી આવશ્યક શારીરિક પ્રવૃત્તિઓ લઘુતમ સ્તરે જાય છે. દરમ્યાન શરીર ફેટી એસીડને કીટોને

મહીસાગર જિલ્લાના અમેઠી ગામના સાયબાભાઈએ ૭૫ વર્ષે ધામધૂમથી લગ્ન કર્યા

(પ્રતિનિધિ) ગોધરા,

મહીસાગર જિલ્લામાં એક અનોખા લગ્ન જોવા મળ્યા હતા. જેમાં ૭૫ વર્ષના સાયબાભાઈએ ૬૦ વર્ષની કંકુબેન સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે વરરાજાએ જણાવ્યું હતું કે, લગ્ન કર્યા વિના મરી જાવ તો લોકો કહે કુંવારો મરી ગયો માટે મારી ઢળતી ઉંમરે એક જ ઈચ્છા હતી કે મારા લગ્ન થાય. હું આજે લગ્ન કરીને ઘણો ખુશ છું. મેં મારા જીવનના ઉત્સવમાં આખા ગામને જમાડ્યું છે. ઉલ્લખનીય છે કે સાયબાભાઈ વિધુર હતા, જ્યારે કંકુબેન પણ વિધવા હતા. જે બંને એકલવાયું જીવન જીવતા હતા.

(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

મહીસાગર જિલ્લામાં એક અનોખા લગ્ન યોજાયા છે. જેમાં યુવાન યુવતી નહિ પરંતુ વૃદ્ધ અને વૃદ્ધાએ લગ્ન કરી પ્રભુતામાં પગલાં માંડ્યા છે. વાત છે મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના અમેઠી ગામની કે જ્યાં, રહેતા ૭૫ વર્ષીય સાયબાભાઈ ડામોર જે પોતાનું એકલવાયુ જીવન જીવતા હતા. જેઓ ઘડપણનો કોઈ સહારો ન હોવાથી પોતે ૭૫ વર્ષે પરણ્યા છે. ગામ લોકના સાહિયોગથી એકલવાયું જીવન જીવતા આ વૃદ્ધને ધામધૂમપૂર્વક ડી.જે સાથે વરઘોડો કાઢી અને પરણાવવા આવ્યા છે. ત્યારે આ અનોખા વૃદ્ધના લગ્નમાં આખુય ગામ જોડાયું હતું. ગામના જ એક મંદિરમાં સમાજના રિતીરિવાજ મુજબ લગ્ન કર્યા છે.

ખાનપુર તાલુકાના અમેઠી ગામે રહેતા એક ૭૫ વર્ષીય વૃદ્ધ લગ્નગ્રંથીએ જોડાયા છે. આ લગ્નમાં આખુય ગામ જોડાયું હતું. સાયબાભાઈ છેલ્લા ૭૫ વર્ષથી એકલવાયુંજીવન જીવતા હતા. જેથી ઘડપણના સહારા માટે તેઓએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. ૭૫ વર્ષની ઉંમરે આગળ પાછળ કોઈ સહારારૂપ હતું નહીં માટે એકલવાયું જીવન અને ઘડપણનો આશરો બની રહે તેવા હેતુથી આખાય ગામની સંમતિથી સાયબાભાઈ ડામોર પોતાનું જીવનનિર્વાહ કરવા માટે અંદાજીત ૬૦ વર્ષના કંકુબેન સાથે લગ્ન કર્યા છે.

બસ અને ટ્રક વચ્ચે ભયાનક ટક્કર, ૬ લોકો જીવતા ભડથું

(એજન્સી) બાપટલા,

આંધ્ર પ્રદેશના બાપટલા જિલ્લામાં હૈદરાબાદ-વિજયવાડા હાઈવે પર બુધવારે (૧૫ મે) સવારે એક ભીષણ રોડ અકસ્માત સર્જાયો હતો, જેમાં છ લોકોના મોત થયા છે.

બાપટલાથી તેલંગણાની રાજધાની હૈદરાબાદ જઈ રહેલી બસ અને ટ્રકની ટક્કર થઈ હતી. જેના લીધે છ લોકો જીવતા બળીને ખાખ થઈ ગયા હતા. આ રોડ અકસ્માતમાં ૩૨ લોકો ઘાયલ થયા છે, જેમની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દક્ષિણી રાજ્યમાં થયેલી આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં બસને આગની જ્વાળાઓથી ઘરાયેલી જોઈ શકાય છે. ટક્કરના લીધે લાગેલી આગ એટલી ભયંકર છે કે બસ અને ટ્રક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે. આગની જ્વાળાઓને ખૂ ઉપર ઉઠતી જોઈ શકાય છે. એક અન્ય વીડિયોમાં ફાયરની ગાડીઓને આગળ ઓલવતા જોઈ શકાય છે. દાવો કરવામાં આવ્યો છે કે લોકો બાપટલાથી મતદાન કરીને પરત ફરી રહ્યા હતા.

જોકે એક પ્રાઈવેટ બસ બાપટલા જિલ્લાના ચિન્નાગંજમથી હૈદ્રાબાદ જઈ રહી હતી. ત્યારે હૈદરાબાદ વિજયવાડા હાઈવે પર ચિલકલુરિપેટ મંડળ પાસે બસની ટક્કર એક ટ્રક સાથે થઈ હતી. અકસ્માત બાદ તરત જ બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી. ઘાયલોએ જણાવ્યું કે અકસ્માત સમયે બસમાં ૪૨ લોકો મુસાફરી કરી રહ્યા હતા. હાઈવે પર થયેલા આ ભયાનક અકસ્માતમાં ટ્રક અને બસના ચાલકનું મોત થયું હતું. બસમાં મુસાફરી કરી રહેલા અન્ય ચાર લોકોએ પણ જીવ ગુમાવ્યો હતો.

રોડ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની જાણકારી પણ સામે આવી છે. મૃત્યું પામેલા લોકો બાપટલા જિલ્લાના જ રહેવાસી છે. મૃતકોમાં ૩૫ વર્ષીય બસ ડ્રાઈવર અંજી, ૬૫ વર્ષીય ઉપ્પગુંડુર કાશી, ૫૫ વર્ષીય ઉપ્પગુડુર લક્ષ્મી અને ૮ વર્ષીય મુપ્પારાજૂ ખ્યાતિ સાક્રી નામની એક બાળકી પણ સામેલ છે. બાકી બે લોકોની જાણકારી હજુ સામે આવી નથી.

૨૫૦૦થી વધુ મંદિરમાં કરેણ ફૂલને ચઢાવવા પર લગાવાયો પ્રતિબંધ

(એજન્સી) કોચ્ચી,

કેરળમાં ઓલિયંડર એટલે કે કરેણનું ફુલ અત્યારે ખૂબ ચર્ચામાં છે. કેમ કે કેરળની સરકારે કરેણના ફૂલ મંદિરમાં ચઢાવવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. સરકારના નિયંત્રણમાં આવતા ૨૫૦૦થી વધુ મંદિરોમાં તેની પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. એવામાં આ નિર્ણય લેવા પાછળનું કારણ શું છે ચાલો એ જાણીએ. ગત ૩૦ એપ્રિલે કેરળમાં એક ૨૪ વર્ષની નર્સ સૂર્યા સુરેન્દ્રનનું મોત થયું હતું. જેની તપાસમાં સામે આવ્યું કે, તેનું મોત ઓલિયંડરના ઝેરથી થયું છે. તેની બ્રિટનમાં નોકરી લાગી હતી તે ૨૮મી એપ્રિલે બ્રિટન જવાની હતી, તે દિવસે સવારે કોઈની સાથે ફોનમાં વાત કરતા દરમિયાન ઘરે લાગેલ ઓલિયંડરના ફૂલ ભૂલથી ખાઈ લીધા હતા. બાદમાં તેને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી અને ઊલ્ટીઓ થઈ, તે દિવસે કોચ્ચિ એરપોર્ટ પર ઢળી પડી હતી. સારવાર દરમિયાન ડોક્ટરોએ તેને પૂછ્યું હતું કે શું ખાધું હતું ત્યારે તેને ઓલિયંડર વિશે માહિતી આપી હતી. બે દિવસની સારવાર બાદ તેનું હોસ્પિટલમાં મોત થયું હતું. પોસ્ટમોર્ટમમાં જાણ થઈ હતી કે, ઓલિયંડરના ઝેરના કારણે તેનું મૃત્યુ થયું છે. જેથી કેરળ સરકારે ફૂલ પર મંદિરમાં પ્રતિબંધ લગાવ્યો છે.

ઓલિયંડરને કરેણ પણ કહેવાય છે. તે ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણકટિબંધિય વિસ્તારમાં ઉગે છે. ભારતભર દરેક જગ્યાએ આ છોડ ઉગે છે. તે શુષ્ક માહોલમાં પણ આ છોડ સર્વાઈવ કરી લે છે. કેરળમાં તે રાજમાર્ગો અને સમુદ્ર તટ પર મોટી સંખ્યામાં જોવા મળે છે. લોકો ઘરે પણ તેને ઉગાડે છે. તેના અલગ અલગ પ્રકાર હોય છે જેના ફૂલ પણ અલગ કલરના હોય છે.

ઓલિયંડરમાં ઔષધીના ગુણો હોય છે. તેના મૂળ, છાલમાંથી નીકળેલા તેલથી ત્વચાના રોગ મટે છે. ઓલિયંડરનો ઉલ્લેખ ચરક સંહિતા, નિઘંટસ જિક બૃહત્રયી જેવા ગ્રંથોમાં પણ મળે છે. કુષ્ટ રોગમાં પણ તે ઉપયોગી સાબિત થઈ શકે છે. તે વાયુ પ્રદૂષણ રોકતું હોવાથી તેને રોડની સાઈડમાં લગાવવામાં આવે છે.

ઓલિયંડરમાં ઔષધીના ગુણો હોવા છતાં તેનાથી ચેતવાની જરૂર પણ છે, દક્ષિણ એશિયામાં તેનો ઉપયોગ આત્મહત્યા કરવા માટે પણ થાય છે. ઓલિયંડરને સળગાવાથી તેમાંથી જે ધુમાડો નીકળે તે ખૂબ ઝેરીલો હોય છે. આ છોડના ફૂલ, પત્તાના સેવનથી ઉલ્ટી, ચક્કર, ઝાડા આવવા જેવી મુશ્કેલી થઈ શકે છે.ઓલિયંડરની સાઈડ ઈફેક્ટ ત્રણ દિવસ સુધી રહી શકે છે. આ સિવાય ઓલિયંડરના સેવનથી હાર્ટ અટેક પણ આવી શકે છે.

અંકલેશ્વરનો ઓએનજીસી ઓવરબ્રિજ વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો

(પ્રતિનિધિ) ભરૂચ,

અંકલેશ્વરનો ONGC ઓવરબ્રિજ વાહન ચાલકો માટે ખુલ્લો મુકાતા ટ્રાફિકની સમસ્યા માંથી શહેરીજનોને મુક્તિ મળશે.

અંકલેશ્વરના વાહન ચાલકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે.જેમાં અતિ મહત્વપૂર્ણ એવા ઓએનજીસી ઓવરબ્રિજ વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે.અંકલેશ્વર શહેર અને નેશનલ હાઈવેને જોડતાં માર્ગ પર આવેલો ઓએનજીસી ઓવરબ્રિજ આજથી વાહનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.જેથી ગડખોલ બ્રિજ અને પીરામણ રોડનું ટ્રાફિક ભારણ ઘટશે એવું માનવામાં આવી રહ્યું છે.તો બ્રિજની નવીનતાની વાત કરવામાં આવે તો બ્રિજ પર દિશા સૂચક સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે.આ ઉપરાંત રોડ પરથી વરસાદી પાણીના નિકાલ માટેના અડચણ દૂર કરવાની કામગીરી પૂર્ણ

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

કરવામાં આવી છે.બ્રિજ પર ડામરનું કામ કરી લેવાયું છે અને લાઈટો પણ મુકી દેવામાં આવી છે.બ્રિજ શરૂ થતા જ ગડખોલ બ્રિજ તેમજ પીરામણ રોડનું ટ્રાફિક ભારણ ઘટી શકે છે.અગાઉ આ બ્રિજને ૯ મહીનામાં વાહનો માટે ખુલ્લો મુકી દેવાનું આયોજન હતું પણ કામગીરીમાં વિલંબ થતાં એક વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયો હતો.જેના કારણે જૂના નેશનલ હાઈવે પરથી પસાર થતાં હજારો વાહન ચાલકોએ હાલાકી વેઠી પડતી હતી.જોકે હવે બ્રિજ ચાલુ થઈ જતા વાહન ચાલકોને રાહત મળતા હાશકારો અનુભવ્યો હતો.

કેરળમાં હેપેટાઈટિસ વાયરસનો કહેર : ૧૨ લોકોના મોત

(એજન્સી) નવીદિલ્હી,

કેરળમાં હેપેટાઈટિસ એ વાયરસનો કહેર જોવા મળ્યો. રાજયમાં અત્યાર સુધીમાં હેપેટાઈટિસ એના ૧૯૭૭ કેસ નોંધાઈ ચૂકયા છે. આ વાયરસથી કુલ ૧૨ લોકોના મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પ્રદેશમાં વધુ ૫૫૩૬ જેટલા શંકાસ્પદ કેસ તરીકે સામે આવ્યા છે. પરંતુ તંત્ર દ્વારા આ મામલે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. સત્તાવાર રીતે હેપેટાઈટિસના એના ૧૯૭૭ કેસ નોંધાયા છે જ્યારે આ સિવાયના શંકાસ્પદ ૫૫૩૬ જેટલા કેસ હોસ્પિટલમાં નોંધાયા નથી પરંતુ આ વાયરસ સંદર્ભે સારવાર લઈ રહ્યા છે. આ વાયરસનો કહેર વધતા કેરળના આરોગ્ય મંત્રી દ્વારા સંબંધિત વિસ્તારોમાં એલર્ટ જારી કરાયુ છે.

રાજ્યના ત્રણ જિલ્લાઓમાંથી – ત્રિશૂર, મલપ્પુરમ અને કોઝિકોડ. સોમવારે એક વ્યક્તિનું વાયરલ રોગથી મૃત્યુ થયું હતું અને તાજેતરના દિવસોમાં અન્ય છ કેસ નોંધાયા છે. આ જિલ્લામાં વાયરસના વધુ કેસ નોંધાતા રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે હવે આ પ્રદેશોને જાગ્રત રહેવા કહ્યું છે. આ સાથે આ પ્રદેશમાં આદેશ આપ્યો છે કે વાયરસથી બચવા મચ્છર નિયંત્રણ માટે પગલાં લેવામાં આવે, એમ તેમના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે. વાયરસથી બચવા જાહેર જળાશયોમાં કલોરીન નાખવામાં આવી રહ્યું છે તેમજ ઘરની બહાર રેસ્ટોરન્ટમાં જાઓ ત્યારે ઉકાળેલું પાણી પીવાની સલાહ આપી છે. આ સાથે મંત્રીએ કહ્યું કે વાયરસ વિશે ચિંતા કરવાની કોઈ જરૂર નથી, પરંતુ વાયરસના લક્ષણો દેખાતા લોકોને તાત્કાલિક સારવાર લેવા વિનંતી કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કેરળમાં વાયરસના સૌથી વધુ કેસ એર્નાકુલમ જિલ્લાના વેંગુરમાં જોવા મળ્યા. ગત મહિનામાં ૧૭ એપ્રિલ બાદ ત્યાં સૌથી વધુ લોકો આ વાયરસથી સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું. સંક્રમિત લોકોમાંથી ૪૧ની હાલત વધુ ગંભીર છે તો કેટલાકને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. રાજયના આરોગ્ય મંત્રાલય દ્વારા વાયરસને રોકવા નાગરિકોને સ્વાસ્થ્ય મામલે જાગૃત રહેવા તેમજ જાહેર સ્થાનો પર સ્વચ્છતા મામલે તમામ સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

જજ કોઈ રાજકુમાર નથી, એમનું કામ તો સેવા કરવાનું : ચંદ્રચૂડ

(એજન્સી) રિયો ડી જનેરિયો,

બ્રાઝિલના રિયો ડી જનેરિયોમાં યોજાયેલા શિખર સંમેલનમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ધનંજન વાય. ચંદ્રચુડે ભાગ લીધો હતો, જેમાં તેમણે સંબોધન દરમિયાન ન્યાયાધીશોના નિર્ણય મુદ્દે મહત્વનો સંદેશો આપ્યો છે. ડી.વાય.ચંદ્રચુડે શિખર સંમેલનમાં સંબોધન દરમિયાન કહ્યું કે, 'જજ કોઈ રાજકુમાર કે સર્વોપરી નથી, જજ જાહેર પદ પર બેઠેલા અધિકારી છે. જજ તિરસ્કાર કરનારા દોષિતોને દંડ ફટકારે છે તેમજ બીજાના જીવન પર મહત્વપૂર્ણ નિર્ણય લેતા હોય છે, તેથી તેમના નિર્ણય લેવાના રસ્તાઓ પારદર્શક હોવા જોઈએ. એક ન્યાયાધીશનો નિર્ણય અને તે નિર્ણય સુધી પહોંચવાની પ્રક્રિયામાં પારદર્શક હોવી જોઈએ. તેઓ તમામને એક દ્રષ્ટિએ ચાલનારા હોવા જોઈએ.'

તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'કોઈપણ કેસમાં સ્પષ્ટીકરણ ખૂબ મહત્વનું છે અને તે કેસ પર નિર્ણય કેમ લેવાયો અને કયા આધારે લેવામાં આવ્યો, તે જાણવું ખૂબ જ જરૂરી છે, તેથી એઆઈની મદદથી એવા કોઈપણ નિર્ણયો કરી શકાતા નથી. જજ તરીકે અમે ન તો ક્યાંયના રાજકુમાર છીએ અને ન તો સંપ્રભુ, જે કોઈપણ નિર્ણયના સ્પષ્ટીકરણની અવગણના કરી દઈએ. અમે સેવા કરનારા લોકો છીએ અને લોકોના અધિકારનું રક્ષણ કરનાર સમાજના સંચાલક છીએ.' સીજેઆઈએ વધુમાં કહ્યું કે, 'એક ન્યાયાધીશનો નિર્ણય અને તે નિર્ણય સુધી પહોંચવાનો રસ્તો પારદર્શક હોવો જોઈએ. જજનો નિર્ણય કાયદાકીય અભ્યા કરનારા લોકો અને સામાન્ય લોકોની સમજમાં આવે તેવો હોવો જોઈએ. ન્યાયાધીશોએ દરેક લોકો સાથે એક જેવો વ્યવહાર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા માધવી રાજેનું નિધન

(એજન્સી) ભોપાલ,

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા માધવી રાજે સિંધિયાનું નિધન થયું છે. તે છેલ્લા ત્રણ મહિનાથી દિલ્હી છેંસ્જીમાં દાખલ હતા. તેમના નિધનથી ગ્વાલિયર રાજવી પરિવારને મોટી ખોટ પડી છે તેમજ દિલ્હીથી લઈને મધ્યપ્રદેશમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. તેમની હોસ્પિટલમાં સેપ્સિસ સાથે નિમોનિયાની સારવાર ચાલી રહી હતી. કેન્દ્રીય મંત્રી સિંધિયાના કાર્યાલયમાંથી કહેવામાં આવ્યું છે કે, ' અમે ખૂબ દુઃખ સાથે કહેવા માંગીએ છીએ કે, રાજમાતા સાહેબ આ દુનિયામાં નથી રહ્યા. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા અને ગ્વાલિયરના રાજવી પરિવારના રાજમાતા માધવી રાજે સિંધિયા છેલ્લા બે મહિનાથી દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. છેલ્લા બે અઠવાડિયામાં તેમની તબિયત ખૂબ નાજુક હતી. તેમણે આજે સવારે ૯.૨૮ કલાકે દિલ્હી એમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

ખેડબ્રહ્માના માતાજી કંપામાં પાણી ન આવતાં ઉગ્ર રજૂઆત

(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,

ખેડબ્રહ્મા શહેરમા નગરપાલિકાના વિસ્તારમાં આવતા માતાજી કંપામાં છેલ્લા ૨૦ દિવસથી નગરપાલિકાનું પાણી ના આવતા કંપાના લોકોએ આજરોજ નગરપાલિકામાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. માતાજી કંપાના લોકો દ્વારા ૨૫ થી ૪૦ જણા બસ સ્ટેન્ડથી માતાજી કંપા જવાનો રસ્તો બ્લોક કર્યો હતો. જેને કારણે માતાજી મંદિર, વરતોલ, પરોયા રોધરા વાલરણ તરફ જવા વાળા તથા તે તરફથી આવતા વાહનો દ્વારાટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ટ્રાફિક ઝામ થતાં જ થોડી ક્ષણોમાં સ્થાનિક પોલીસ આવતા સમજાવટથી મામલો શાંત પાડ્યો હતો. ત્યારબાદ માતાજી કંપાના તમામ લોકો નગરપાલિકામાં જઈને ચીફ ઓફિસર જોડે પાણી અંગે રજૂઆત કરવામાં આવી હતી. અત્યારે તેમના માતાજી કંપામાં પાણી ના આવતા પીવાની સમસ્યા તેમજ મૂંગાં પશુઓને પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તમામ લોકોએ નગર પાલિકામા જઈ હલ્લા બોલ મચાવ્યો?હતો. આ અંગે ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું કે બે ત્રણ દિવસની અંદર પાણી નો પ્રશ્ન હલ થઈ જાય છે તેવુ ચીફ ઓફિસર જણાવ્યું. ત્યારબાદ મામલો શાંત પડ્યો હતો. વોટીંગના દિવસે પણ પાણીની વિકટ સમસ્યા સર્જાઈ હતી. તે દિવસે પણ બહારથી પાણી મંગાવ્યું હતું. ૨૦ દિવસથી પાણી ના મળતા માતાજી કંપામાં લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં જાહેરમાં એસિડિક પાણીનો નિકાલ કરાયો

(પ્રતિનિધિ) ભરૂચ,

અંકલેશ્વર છેલ્લા ૩ દિવસ લગાતાર પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા છે.બે દિવસ પૂર્વે અંદાડા રોડ પર સલ્ફર કેમિકલનો જાહેરમાં નિકાલ કરાયો હતો. જે ઘટના ૨૪ કલાકમાં જ ભૂતિયા કનેક્શનથી પાણીનો નિકાલ કરતી શ્રી શ્રદ્ધા કેમિકલ કંપનીને ઝડપી પાડી તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ સૂર્યાલાઈફ સાયન્સ કંપની બાજુ માં ખુલ્લા પ્લોટમાં વિપુલ માત્રામાં હાઈલી એસિડિક રાસાયણિક પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.જીપીસીબીની મોનિટરિંગ ટીમ સ્થળ પર દોડી આવી હતી. અને સ્થળ તપાસ શરુ કરી જરૂરી સેમ્પલ લીધા હતા પ્રાથમિક પી.એચ.પટ્ટી વડે ટેસ્ટ કરતા હાઈલી એસિડિક પાણી હોવાનું સામે આવ્યું છે.સ્થળ પર થીલેવામાં આવેલ પ્રદુષિત પાણીના સેમ્પલ પૃથક્કરણ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા.

મિલકત લેવાની અદાવતે પુત્રીએ પતિ સાથે મળીને માતાને લાકડી વડે માર માર્યો

(પ્રતિનિધિ) ગોધરા,

ગોધરા શહેરના બામરોલી રોડ પર મિલકત લેવાની અદાવતે પુત્રીએ પતિ સાથે મળીને માતાને લાકડી વડે માર માર્યો હતો, સમગ્ર મામલે દંપતી સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલ મારુતિનગર સોસાયટીમાં રહેતા હંસાબેન ચંદ્રકાંત ચૌહાણે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે તેઓ પોતે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે, તેઓના પતિ ૬ વર્ષ અગાઉ મૃત્યુ પામ્યા છે, હાલ તેઓ પોતાની બે પુત્રીઓ સાથે જીવન વિતાવે છે, ગત ૧૪ મે મંગળવારે સવારે દસ વાગે તેઓ ગોધરા શહેરના મારુતિનગર સોસાયટીના ખૂણા પર આવેલી શાકભાજીની દુકાને પોતાની પુત્રીને લઈને શાકભાજી ખરીદવા માટે ગયા હતા, શાકભાજી ખરીદીને હંસાબેન પરત આવી રહ્યા હતા, તે વેળાએ તેઓના જમાઈ પારસ પુરુષોત્તમદાસ ચૌહાણ અપશબ્દો બોલીને હંસાબેન અને રૂપલને મારવા લાગ્યા હતા, જે દરમ્યાન તેઓના જમાઈ પારસ ચૌહાણે અન્ય પુત્રી સોનલને બોલાવી હતી, જે પણ આવીને પોતાના પતિ સાથે મળીને માતા અને બહેનને અપશબ્દો બોલવા લાગી હતી, જેથી હંસાબેને અપશબ્દો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા સોનલ ચૌહાણે લાકડી વડે પોતાની માતાને માર માર્યો હતો, જ્યારે હંસાબેનના જમાઈ પારસ ચૌહાણે જણાવ્યું હતું કે તને અને તારી છોકરીને મારીને બચિકુચી મિલકત પણ લઈ લઈશું, જે બાદ હંસાબેને પોલીસને જાણ કરી હતી.

પારડીમાં શ્રી વલ્લભ આશ્રમ સંચાલિત વિવિધ શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ના સીબીએસસી બોર્ડના પરિણામો જાહેર

(પ્રતિનિધિ) વલસાડ,

પારડીમાં શ્રી વલ્લભ આશ્રમ સંચાલિત વિવિધ શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ ના સીબીએસસી બોર્ડના પરિણામો આવ્યા છે આ પરિણામોમાં એ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉજળો દેખાવ કરતા સંસ્થાના ચેરમેન ટ્રસ્ટીઓ આચાર્યો તથા તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.વલ્લભ આશ્રમ સંચાલિત વિવિધ શાળાઓ જેવી કે એમજીએમ અમીન અને વી એન સવાણી સ્કૂલનું ધોરણ ૧૦ સીબીએસસીનું પરિણામ સો ટકા આવ્યું હતું જેમાં ઘણા વિદ્યાર્થીઓના લિસ્ટિંગશન આવ્યા છે.

આ સ્કૂલમાં પ્રથમ ક્રમાંક મનસ્વી દિપક ભાનુશાળી ૯૭ ટકા બીજા ક્રમે ૯૬.૪ ટકા સાથે લૂલાહ સુરત વાલા અને ૯૬.૪ ટકા સાથે જેલ રાકેશભાઈ મિસ્ત્રી જ્યારે ત્રીજા ક્રમે મહેક જયમીન વિરાણીએ ૯૬.૨ ટકા પ્રાપ્ત કર્યા હતા.શ્રીમતી શોભનાબેન પ્રતાપભાઈ પટેલ બૉર્ડિંગ સ્કૂલનું ધોરણ ૧૦ સીબીએસસી બોર્ડનું પરિણામ પણ ઉજવળ આવ્યું જેમાં પ્રથમ ક્રમે નૈત્રી કોટડીયા ૯૬ ટકા સાથે -થમ ક્રમે ક્રિષ્ટો સંતોષ ૯૫.૬ ટકા સાથે બીજા ક્રમે જ્યારે અને સી પટેલ અને ક્રિયા ઘેહાની બોર્ડનું પરિણામ પણ ૧૦૦ ટકા આવ્યું હતું જેમાં પ્રથમ ક્રમે દ્વિજા દેસાઈ ૯૪.૬ ટકા સાથે દિયા પટેલ ૯૪ ટકા સાથે. બીજા ક્રમે અને પ્રિયાની વાલીયા ૯૩.૪ ટકા સાથે ત્રીજા ક્રમે રહ્યા.જ્યારે વલ્લભ આશ્રમ સંચાલિત શ્રીમતી એસપી પટેલ સ્કૂલ આંતલીયા બીલીમોરાનું પરિણામ પણ ઉજવળ આવ્યું છે જેમાં પ્રથમ ક્રમે ૯૧.૬૭ ટકા સાથે રૂદ્ર લાડ ૮૫.૩૩ ટકા સાથે જીયા પટેલ અને ૮૩ ટકા સાથે જેની પટેલ અગ્રક્રમે રહ્યા હતા.શ્રીમતી શોભના પ્રતાપભાઈ પટેલ ડે બોર્ડીંગ સ્કૂલનું ધોરણ ૧૨ સીબીએસસી વાણિજ્ય પ્રવાહના પરિણામમાં ૯૧.૨ ટકા સાથે મહાવીર શાહ ૯૦.૬ ટકા સાથે રત્નાકર તથા સાહિલ સોનવાણે અને ત્રીજા ક્રમે ૯૦ પોઈન્ટ બે ટકા સાથે હિત ભાનુશાળી રહ્યા હતા તો આ શાળાના ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ગધેચા રેતુ ૯૪ ટકા સાથે પ્રથમ ક્રમે જ્યારે ૯૦.૮ ટકા સાથે તૃપ્તિ કટારીયા બીજા ક્રમે અને ૮૩.૮ ટકા સાથે અનુષ્કા સિંઘ ત્રીજા ક્રમે રહ્યા હતા.વલ્લભ આશ્રમ સંચાલિત એમ સી કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસીડેન્સ સ્કૂલનું સીબીએસસી બોર્ડ ના ધોરણ ૧૨ ના વાણિજ્ય પ્રવાહનું પરિણામ પણ સો ટકા આવ્યું છે. જેમાં પ્રથમ ક્રમે ૯૩.૨ ટકા સાથે ખુશી કટારીયા ૮૪.૬ ટકા સાથે પારી વરસાણી અને ૮૩.૬ ટકા સાથે પ્રિયાંશી જાસોલીયા ઉત્તીર્ણ થયા છે એમજી અમીન અને વી એન સવાણી સ્કૂલ ના સીબીએસસી ધોરણ ૧૨ના પરિણામમાં વાણિજ્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે ૯૫.૮ ટકા સાથે ધ્રુવી દેસાઈ, ૯૫.૮ ટકા સાથે દેવશ્રી પુરોહિત ૯૪.રુ સાથે, પ્રિયાંશી પટેલ ત્રીજા ક્રમે અને માન પટેલ ૯૪ ટકા સાથે ઉચ્ચક્રમે ઉત્તીર્ણ થયા હતા.એ જ રીતે આ જ સ્કૂલના ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું સીબીએસસી બોર્ડનું પરિણામ જોઈએ તો એમાં નિસર્ગ પટેલ ૯૨.૮ ટકા સાથે પ્રથમ ક્રમે અને ત્યારબાદ ૯૧.૪ ટકા સાથે પ્રિયાંશ મણીયાર બીજા તથા ૯૦.૮ ટકા સાથે હરેના પટેલ ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થયા હતા. એ જ રીતે વલ્લભ આશ્રમ સંચાલિત શ્રીમતી શોભનાબેન પ્રતાપભાઈ પટેલ બોર્ડિંગ સ્કૂલ ના ધોરણ ૧૨ સીબીએસસી ના પરિણામ માં ૯૨ ટકા સાથે અનન્યા અને દીપંજન ઘોષ પ્રથમ જ્યારે ૮૪.૪ ટકા સાથે ક્રિન્ના પટેલ અને ૮૪ ટકા સાથે આયુષ પટેલ અગ્ર ક્રમે રહ્યા હતા તો એમસીએમ કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ધોરણ ૧૨ સીબીએસસીનું પરિણામ સો ટકા આવ્યું હતું જેમાં ૯૯.૮ ટકા સાથે તુલસી ભક્તા પ્રથમ ક્રમે જ્યારે કશીશ નિહલાની ૯૯.૬ ટકા સાથે બીજા અને રાજીવ ડંનડાવાલા ૮૮.૬ ટકા સાથે ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થયા હતા.

નયારા એનર્જી ભારતમાં ઇથેનોલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ ઊભા કરવા માટે રૂ. ૬૦૦ કરોડનું રોકાણ કરશે

મુંબઈ,

આંતરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની નયારા એનર્જીએ એનર્જી સેક્ટરમાં ઈન્ટિગ્રેશન તરફ મહત્વનું પગલું ભરતા ઈથેનોલ પ્લાન્ટ્સ ઊભા કરવા માટે રૂ. ૬૦૦ કરોડના વ્યૂહાત્મક રોકાણની જાહેરાત કરી છે. આ પ્લાન્ટ્સ ઈથેનોલના પુરવઠામાં કંપનીની વિશ્વસનીયતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને તેના ટકાઉપણાના એજન્ડામાં પ્રદાન આપવા માટે નયારા માટે નિર્ણાયક રહેશે. કંપની દેશમાં સૌથી મોટું પ્રાઈવેટ ફ્યુઅલ નેટવર્ક ચલાવે છે અને ઈથેનોલ પ્લાન્ટ્સ સ્થાપીને એનર્જી સેક્ટરમાં ડાઉનવર્ડ ઈન્ટિગ્રેશન હાંસલ કરવામાં એક મહત્વનું પગલું ભરશે.

૨૦૨૫ સુધીમાં ભારતના ઈથેનોલ બ્લેન્ડિંગ ટાર્ગેટને ધ્યાનમાં રાખતા નયારા એનર્જી આંધ્

ગુજરાતમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ, અનેક શહેરો-નગરોમાં ધોધમાર વરસાદ

અંબાજીમાં ભારે વરસાદને પગલે માર્ગો પર પાણી ભરાતાં જનજીવનને અસરઃ પોરબંદરમાં અને સુરેન્દ્રનગરમાં વીજળી પડતાં ૪નાં મોત

અમદાવાદ,

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદનો માર યથાવત છે. ગુજરાતમાં ચારેબાજુ કમોસમી વરસાદ પડ્યો છે. ચોમાસા પહેલા મે મહિનામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાન ચિંતા સતાવી રહી છે. દ્વારકા, બનાસકાંઠા, વલસાડ અને સુરેન્દ્રનગરમાં આજે કમોસમીનો વધુ એક માર વરસ્યો છે. જ્યારે વીજળી પડવાથી પોરબંદરમાં બે લોકો અને સુરેન્દ્રનગરમાં બે લોકોના મોત થયાના સમાચાર સામે આવ્યા છે. બીજી તરફ, રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આવતીકાલે પણ છુટાછવાયા વરસાદની આગાહી કરાઈ છે.

અંબાજીમાં વરસાદની ફરી વખત એન્ટ્રી થઈ છે. એક દિવસના વિરામ બાદ બનાસકાંઠાના અંબાજી પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. અચાનક વરસાદ શરૂ થતાં યાત્રિકો ભીંજાયા હતા. ત્યારે યાત્રિકોએ વરસાદથી બચવા રસ્તા પરના શેડનો સહારો લીધો હતો. વરસાદથી રસ્તાઓ પાણી-પાણી થયા હતાં.

પોરબંદરના બરડા પંથકમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. જેમાં પોરબંદરના સીસલી અને સોઢાણા ગામે વીજ પડવાથી બે વ્યક્તિઓના મોત થયા છે. જેમાં સોઢાણા ગામે વાડી વિસ્તારમાં વીજળી પડતા જીવાભાઇ ગીગાભાઈ કારાવદરા (ઉ.વ.૬૦) અને વડાળાના બાલુભાઇ કારાભાઈ ઓડેદરાનું પણ ઘટનાસ્થળે મોત થયું.

ડાંગના અનેક વિસ્તારોમાં સતત ચોથા દિવસે ભારે વરસાદ પડ્યો છે. ડાંગના આહવા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો છે. ડાંગ જિલ્લામાં સતત વરસાદ વરસતા ફળ-ફળાદી પાકોને વ્યાપક નુકસાન થયું છે. ઉનાળુ પાક જેવા કે મગફળી, ડુંગળી અને મગના પાક નુકસાની થવાની ભીતિ સર્જાઈ છે. કેરીના પાકને પણ નુકસાન થયું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. સુરેન્દ્રનગર અને વઢવાણના શહેરી વિસ્તારમાં ગાજવીજ અને કરા સાથે કમોસમી વરસાદ પડ્યો છે. વઢવાણના રામપરા, ટીંબા, વાઘેલા, માળો સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો છે. ઉપરાંત ચોટીલાના મોલડી આસપાસના વિસ્તારમાં કરા સાથે વરસાદ ખાબક્યો હતો. તો સુરેન્દ્રનગરના ચોટીલાના મોકાસર ગામે વીજળી પડતા ૧૮ વર્ષીય યુવતી અને ખાટડી ગામે આધેડનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત ખેરાણા ગામમાં વીજળી પડતા બે બળદના મોત નિપજ્યા હતા. બીજી તરફ, કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે બાગાયતી પાકને મોટુ નુકસાન થયું છે અને લીંબુનો પાક ખરી પડ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો છે. ભાણવડના હાથલા, ગળુ, રાણપરના ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. વરસાદથી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ઉનાળાની કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે શહેરના શાહીબાગ વિસ્તારમાં પક્ષીઓના રક્ષણ માટે ગ્રીન નેટ બાંધવામાં આવી છે **(તસવીર : જયેશ મોદી)**

ભાજપ સાંસદ મોહન કુંડારીયા નાફેડની ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાયા

રાજકોટ,

નાફેડની ચૂંટણીને લઈને સૌથી મોટા સમાચાર આવ્યા હતા. ભાજપ સાંસદ મોહન કુંડારીયા નાફેડની ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાયા હતા. ચૂંટણીમાં ચાર ઉમેદવારોએ ઉમેદવારી પત્રક પરત ખેંચ્યા હતા. અમરત દેસાઈ, મહેશ પટેલ, જશવંત પટેલ,મગન વડાવીયાએ ઉમેદવારી પત્રક પરત ખેચ્યું હતું. મોહન કુંડારીયાએ કહ્યું હતું કે મને તક આપવા બદલ પક્ષનો આભાર માનું છું. મારા સહિત પાંચ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. સમજૂતીથી ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે.

નાફેડની મંડળી વિભાગની ચૂંટણીમાં મોહન કુંડારિયાને બિનહરિફ વિજેતા જાહેર કરાયા હતા. મોહન કુંડારિયાની સાથોસાથ ફોર્મ ભરનારા અન્ય ચાર ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા હવે મોહન કુંડારિયા બિનહરિફ વિજેતા જાહેર થયા હતા. નાફેડના મંડળી વિભાગમાં મોહન કુંડારિયાને બિનહરિફ વિજેતા બનાવવા પક્ષ તરફથી પક્ષ તરફથી તમામને ઉમેદવારી પરત ખેંચવા પક્ષમાંથી મૌખિક સૂચના આપી દેવામાં આવી હતી. તો જેઠાભાઈ ભરવાડ ફેડરેશન વિભાગમાં બિનહરીફ ડાયરેક્ટર બનવાનું પણ નક્કી છે. નાફેડના બોર્ડમાં જેઠાભાઈને મહત્વની જવાબદારી અપાય તેવો પણ તખ્તો ઘડાઈ રહ્યો છે.

નાફેડ માટે ભાજપના સાંસદ મોહન કુંડારિયા, ગાંધીનગરના જેઠા ભરવાડ, આણંદના તેજસ પટેલ, બનાસકાંઠાના અમૃત દેસાઈ, કપડવંજના જસવંત પટેલ, મોરબીના મગન વડાવિયા, હિંમતનગરના મહેશભાઈએ ઉમેદવારી નોંધાવી હતી. ૧૫ મે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા ઈફકોની ડિરેક્ટર પદની ચૂંટણીમાં સૌરાષ્ટ્રના સહકારી નેતા જયેશ રાદડિયાની જીત થઈ હતી. બિપીન પટેલ સામે જયેશ રાદડિયાની શાનદાર જીત થઈ હતી. જયેશ રાદડિયાએ ભાજપના જ સત્તાવાર ઉમેદવારને પછાડી શાનદાર જીત મેળવી છે. જયેશ રાજડિયાએ ૧૧૪ મત મળ્યા છે. કુલ ૧૮૦ લોકોએ મતદાન કર્યું હતું. બિપીન પટેલને આ ચૂંટણીમાં ૬૬ મત મળ્યા હતા. ગુજરાત બેઠક પરથી જયેશ રાદડિયા ઈફકોના ડિરેક્ટર તરીકે ચૂંટાયા છે. જયેશ રાદડીયાએ ભાજપ સામે પડી દાવેદારી કરી હતી. જો કે સૌરાષ્ટ્રના ઈફકોના મતદારો જયેશ રાદડીયાના સમર્થનમાં હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મળી હતી કે ગુજરાતના ૧૮૧માંથી પૈકી ૧૨૧ મતદારો જયેશ રાદડીયાના સમર્થનમાં હોવાનો દાવો કરવામાં આવી રહ્યો હતો.

આણંદમાં ૧૪૦ કિમીની ઝડપે કાર દોડાવીને લાઈવ કર્યું, અકસ્માતમાં ૪ યુવાનોના મોત

અમદાવાદ,

'અમે કેવી ઝડપી કાર દોડાવીએ છીએ એવા દેખાડામાં મોત'ની થથરાવી મૂકે તેવી ઘટના ગુજરાતના આણંદ વાસદમાં બની છે જેમાં ખતરનાક સ્પીડે ચાલી રહેલી કારના ભયાનક એક્સિડન્ટમાં ચાર યુવાનોના દર્દનાક મોત થયાં હતા. સાત યુવાનો કારમાં મુંબઈથી પાછા આણંદ આવતાં હતા. યુવાનોએ ૧૪૦ કિમીની ઝડપે કાર ભગાવી હતી અને ઈન્સ્ટાગ્રામ પર લાઈવ કર્યું હતું. ઓવરટેક કરવા છતાં ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો અને કાર ટકરાઈ હતી જેમાં ૪ યુવાનોના મોત થયાં હતા તથા બીજા ઘાયલ થયાં હતા. આ ઘટના ઈન્સ્ટાગ્રામ પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવી હતી, અને ફૂટેજ હાલમાં સોશિયલ મીડિયા પર ફરતી થઈ રહી છે. લાઈવ ઈન્સ્ટાગ્રામ વિડિયોમાં, યુવકો પાર્ટી કરતા, જોરથી મ્યુઝિક પર ડાન્સ કરતાં જોવા મળતાં હતા. ડ્રાઈવરે ભગાવેલી કારનો કાંટો ૧૪૦ કિમી ઉપર હોવાનું પણ જોઈ શકાતું હતું. અચાનક, ડ્રાઈવરે એક પછી એક ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો તેમાં કાર અથડાઈ હતી અને ગંભીર એક્સિડન્ટ થયો હતો. મળતી માહિતી અનુસાર, યુવાનો કારમાં મુંબઈથી પાછા આણંદ આવતાં હતા. યુવાનોએ ૧૪૦ કિમીની ઝડપે કાર ભગાવી હતી અને ઈન્સ્ટાગ્રામ પર લાઈવ કર્યું હતું. ઓવરટેક કરવા છતાં ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો અને કાર ટકરાઈ હતી જેમાં ૪ યુવાનોના મોત થયાં હતા તથા બીજા ઘાયલ થયાં હતા.બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરવા બદલ ઓવર સ્પીડિંગ કાર ધડાકાભેર અથડાઈ હતી. આ ઘટનામાં એક વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટનામાં જે ડ્રાઈવર ૧૪૦ કિમીની ઝડપે કાર દોડાવતો હતો તેનો બચાવ થયો છે.

ગુજરાત ન્યુઝ અપડેટ્સ

બેફામ કારે રિક્ષાને અડફેટે લેતાં એકનું મોત નિપજ્યુ

રાજકોટ,

રાજકોટમાં લાઈનક્રોસિંગ કે સામાન્ય બાબતોનું સીસીટીવીથી મોનિટરિંગ કરીને દંડ વસૂલીમાં ઉસ્તાદ ટ્રાફિક પોલીસ બેફામ દોડતા અને છાશવારે જીવલેણ અકસ્માતો સર્જતા વાહનોનો ત્રાસ કાબૂમાં લેવા નિષ્ફળ ગઈ છે. શહેરના એસ્ટ્રોન ચોકમાં વહેલી સવારે પાંચેક વાગ્યે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં એક કારચાલક ઓટો રિક્ષાને ઉલાળીને ભાગી ગયો હતો. આ અકસ્માતમાં રિક્ષાચાલક અને બે મુસાફરને ઈજાઓ થતાં સારવાર માટે દાખલ કરાયા છે. સારવાર દરમિયાન આધેડે દમ તોડી દીધો હતો. એસ્ટ્રોન ચોકમાં સવારે અજાણ્યો કાર ચાલક એક રિક્ષાને ઠોકરે ચડાવી ભાગી જતાં રિક્ષાનો બૂકડો બોલી ગયો હતો. આ અકસ્માતમાં રિક્ષાચાલક ગાંધીગ્રામ-૧૧માં રહેતાં દિપકભાઈ પ્રદિપભાઈ શર્મા (ઉ.વ.૨૬), મુસાફર મુળ છોટાઉદેપુરના હાલ પડધરીના ઈશ્વરીયા ગામની મોદી હાઈસ્કૂલમાં માળી તરીકે કામ કરતાં મહેશભાઈ કાળુભાઈ રાઠવા (ઉ.વ.૪૫) અને અન્ય મુસાફર મેટોડા જીઆઈડીસીના ઉપેન્દ્ર બુહારભાઈ જાદવ (ઉ.વ.૨૨)ને ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સારવાર દરમિયાન છોટાઉદેપુરના મહેશભાઈ રાઠવાએ દમ તોડી દીધો હતો.

અસામાજિક તત્વોના ત્રાસથી સગીરાએ કરેલી આત્મહત્યા

બોટાદ,

બોટાદ શહેરમાં આજે એક સનસનીખેજ મોતની ઘટના સામે આવી છે, શહેરમાં અસામાજિક તત્વના આતંકથી એક સગીરાએ આત્મહત્યા કરી લીધી છે. છેલ્લા કેટલાક સમયથી સગીરાના ઘરની નજીક આંટાફેર કરતા યુવકને સગીરાના પિતાએ ઠપકો આપ્યા બાદ મામલો બિચક્યો હતો, અને યુવકે તેના પિતાને મારી નાંખવાની ધમકી આપી હતી, આ વાતનું લાગી આવતા સગીરાએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટના મામલે બોટાદ પોલીસે ચાર શખ્સો વિરૂદ્ધ પોલીસ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. બોટાદ શહેરમાંથી આત્મહત્યાની સનસનીખેજ ઘટના સામે આવી છે. શહેરમાં એક સગીરાને જીવથી મારી નાખવાની ધમકી આપતાં તેને ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધી છે. ખરેખરમાં, ઘટનાની વિગતો એવી છે કે, થોડાક દિવસો પહેલા શહેરમાં રહેતા અસામાજિક તત્વોએ જેમાં વિપુલ ઘુઘા જીલીયા નામના એક શખ્સ અવારનવાર સગીરાના ઘરની નજીક આંટાફેરા કરતો હતો.

સુરતમાંથી ૬૮ જેટલા હોર્ડિંગ્સને તાત્કાલિક ઉતારી લેવાયા

સુરત,

સોમવારે મુંબઈમાં ભારે ગતિ સાથે પવન ફુંકાતા ગેરકાયદેસર ઉભું કરવામાં આવેલું એક હોર્ડિંગ તૂટી પડ્યું હતું. આ હોર્ડિંગની નીચે ઘણા લોકો દટાયા હતા. જેમાં ૧૪ લોકોનાં મોત થયા હતા અને ૭૪ લોકોને ઈજા થઈ છે. આ બનાવમાંથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને શીખ લીધી છે અને તેણે શહેરમાં જોખમી લાગતા એવા ૬૮ જેટલા હોર્ડિંગ સલામતીના ભાગરૂપે ઉતારી લીધા છે. જેમાં ઉધના ઝોનમાંથી ૧૨, વરાછા ઝોનમાંથી ૧૭ અને લિંબાયત ઝોનમાંથી ૧૧ હોર્ડિંગને ઉતારી લેવામાં આવ્યા છે. જ્યારે ઉધના છ ઝોનમાંથી ૬, કતારગામ ઝોનમાં ૫, અઠવા ઝોનમાંથી ૪, સેન્ટ્રલ ઝોનમાંથી ૩ અને રાંદેર ઝોનમાંથી ૩ હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે.

મચ્છુ નદીમાં ન્હાવા પડેલી ત્રણ વ્યક્તિ ઉંડા પાણીમાં ગરકાવ

મોરબી,

પોઈચા પાસે આવેલી નર્મદા નદીમાં સુરતનો પરિવાર નહાવા પડ્યો હતો. જેમાંથી સાત લોકો ડૂબ્યા હોવાની ઘટના હજુ ભુલાઈ નથી,ત્યાં મોરબીમાં ત્રણ યુવકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી હતી. મોરબીની મચ્છુ નદીમાં ૭ યુવાનો નાહવા પડ્યા હતા. જેમાંથી ત્રણ યુવક પાણીમાં ડૂબતા શોધખોળ હાથ ધરાઈ હતી

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી નજીકના લક્ષ્મીનગર ગામે રહેતા એક જ કુટુંબના પાંચ તરુણ અને તેની સાથે અન્ય બે આમ કુલ મળીને સાત વ્યક્તિઓ સ્વિમિંગ પુલમાં ન્હાવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા ત્યારબાદ તેઓ સ્વિમિંગ પૂલમાં જવાના બદલે મોરબી નજીક સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં હાલમાં મચ્છુ બે ડેમમાંથી પાણી છોડ્યું છે. જેથી કરીને પાણીની આવક હોય ત્યાં નાહવા માટે તે પહોંચ્યા હતા. ત્યારે પરમાર ચિરાગ તેજાભાઈ ઉંમર વર્ષ ૨૦ નામનો યુવાન પાણીમાં પડતાની સાથે જ તે તણાવવા લાગ્યો હતો.

જેથી કરીને તેને બચાવવા માટે થઈને ભંખોડીયા ધર્મેશ ભુપેન્દ્રભાઈ ઉંમર વર્ષ ૧૬ નામનો તરુણ પાણીમાં પડ્યો હતો અને તે પણ તણાવવા લાગતા તેને બચાવવા માટે ભંખોડીયા ગૌરવ કિશોરભાઈ ઉંમર ૧૭ નામનો તરુણ પાણીમાં પડ્યો હતો અને આ ત્રણેય ને શોધવા માટે થઈને મોરબી નગરપાલિકાની ટીમે કવાયત શરુ કરી હતી.

રાજસ્થાનની યુવતી સાથે દુષ્કર્મ આચરનાર હોમગાર્ડ જવાનની ધરપકડ

અમદાવાદ,

રાજસ્થાનના ઉદેપુરમાં ૨૪ વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે.ગત ૧૧ મેએ રાત્રીના યુવતીએ એકલી રાજસ્થાનથી બસમાં અમદાવાદ ફરવા આવી હતી. ત્યારે આખો દિવસ યુવતી શહેરમાં જુદી-જુદી જગ્યાઓ પર ફરી હતી. જે બાદ ફરીને રાત્રીના સમયે રાજસ્થાન પરત જવા માટે ગીતામંદિર બસ સ્ટેન્ડ પહોચી હતી. પરંતુ ત્યાં બસ મળી ન હતી. જેથી રિક્ષામાં બેસીને નોબલ નગર ટર્નિંગ સુધી આવી હતી. આ વખતે ત્યાં પોઈન્ટ પર અક્ષયકુમાર રાઠોડ નામનો હોમગાર્ડ જવાન ફરજ પર હતો. જેથી યુવતીએ અક્ષય પાસે ટ્રાવેલ અંગે મદદ માગી હતી. જેથી અક્ષય તેને નાના ચિલોડા ખાતે લઈ ગયો હતો. ત્યાં મોડી રાત સુધી ટ્રાવેલ્સ ન મળતા આરોપી અક્ષય તેને નાના ચિલોડા પાસે આવેલી એક હોટલમાં લઈ ગયો હતો.તેની સાથે રાત્રે ત્યાં રોકાયો હતો. ત્યારે રાત્રીના સમયે હોમગાર્ડ જવાને યુવતી પર દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગે યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ જવાન સામે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોધાવતા પોલીસે હોમગાર્ડ જવાનની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજીતરફ પોલીસે આરોપી હોમગાર્ડની પૂછપરછ કરતા સામે આવ્યું છે કે યુવતી પાસે રૂપિયા ઓછા હોવાથી હોમગાર્ડ જવાનને સાથે રહેવાનું કહ્યું હતું. ત્યારે નરોડા પોલીસે ફરિયાદ કરનાર પીડિતાના નિવેદન અંગેની ઉલટ તપાસ પણ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબીએ દેશી પિસ્ટલ સાથે ઇસમને ઝડપાયો

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લામાં લાયસન્સ વગર હથિયાર રાખનારાઓ સામે પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક વખત જિલ્લામાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગર એસીબીરએ દેશી બનાવટની પિસ્તોલ સાથે એક આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગાંધીનગર એલસીબીર સ્ટાફના માણસો કલોલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક ઈસમ રવેચી ટી સ્ટોલની સામે બ્રિજની નીચે હાથમાં એક દેશી બનાવટની પિસ્તોલ રાખી બેઠેલ છે જે બાતમી હકીકતના આધારે પોલીસ સ્ટાફના માણસોએ ઉપરોક્ત સ્થળે દરોડો કરી દિલસાદ અમિર શાહ અલવીને ઝડપી લીધો હતો ત્યારબાદ તેની અંગ જડતી કરતા પાસ પરમિટ વગરની એક દેશી હાથ બનાવટની પિસ્તોલ મળી આવી હતી.

ધારી પંથકમાં રસ્તા પર ૧૨થી વધુ સિંહ લટાર મારતા જોવા મળ્યા

અમરેલી,

એશિયાટિક સિંહ ગુજરાત અને ગીરની શાન છે, ત્યારે અવાર નવાર તેઓ ગીર સહિતના આસપાસના વિસ્તારોમાં ઘૂસી આવે છે. આવા જ અદભૂત દ્રશ્યો અમરેલીના ધારીથી સામે આવ્યા છે.

અમરેલીમાં 'સિંહના ટોળા ના હોય' કહેવત ખોટી સાબીત થતા જોવા મળી છે. એશિયાટિક સિંહ ગુજરાત અને ગીરની શાન છે. અવાર નવાર તેઓ ગીર સહિતના આસપાસના વિસ્તારોમાં જોવા મળતા હોય છે. અમરેલીમાં પણ સિંહો વસવાટ કરતા હોય છે.અમરેલીમાં આવા સિંહ પરિવારના આંટા મારતો એક વીડિયો સામે આવ્યો છે.

આવાઅદભૂત દ્રશ્યો અમરેલી જિલ્લાના ધારીથી સામે આવ્યા છે. જેમાં એક સાથે ૧૨થી વધુ સિંહનું ટોળું રસ્તા પરથી પસાર થતુ જોવા મળી રહ્યુ છે. સિંહ પરિવારમાં સિંહ, સિંહણ અને સિંહબાળ રસ્તા પરથી લટાર મારતા જોવા મળી રહ્યા છે. આ દ્રશ્યો રાહદારીએ કેમેરામાં કેદ કર્યા હતા. આ રાતના દ્રશ્યો છે. હાલ સિંહ પરિવારનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

ડ્રગ્સના જથ્થા સાથે એક યુવતીની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ સ્પેશિયલ ઓપરેશન ગૃપની ટીમ દ્વારા અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં બાતમી આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં હંસપુરા વિસ્તારમાં આવેલ શંખેશ્વર ટાઉનશીપમાંથી મેફેડ્રોન ડ્રગ્સનાં જથ્થા સાથે ડાન્સર યુવતીને ઝડપી લેવામાં આવી હતી. યુવતીનો બોયફ્રેન્ડ પણ દારુ સાથે ઝડપાયો હતો.

અમદાવાદ સહિત ગુજરાતભર માં ડ્રગ્સ નું પ્રમાણ વધી રહ્યું છે. જોકે ડ્રગ્સની બદીને ડામવા પોલીસ પણ એટલી જ સક્રિય છે. અમદાવાદ એસ.ઓ.જી પોલીસ દ્વારા ડ્રગ્સના જથ્થા સાથે એક યુવતીની ધરપકડ કરી છે. યુવતીના મિત્ર પાસેથી પોલીસને દારૂનો જથ્થો પણ મળી આવ્યો છે. પોલીસે યુવક અને યુવતીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સ્પેશિયલ ઓપરેશન ગૃપની ટીમ દ્વારા અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં બાતમી આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં હંસપુરા વિસ્તારમાં આવેલ શંખેશ્વર ટાઉનશીપમાંથી મેફેડ્રોન ડ્રગ્સનાં જથ્થા સાથે ડાન્સર યુવતીને ઝડપી લેવામાં આવી હતી. યુવતીનો બોયફ્રેન્ડ પણ દારુ સાથે ઝડપાયો હતો. આમ એસઓજીની ટીમે બંનેને ઝડપી લઈને તપાસ હાથ ધરી છે. અમદાવાદમાં ડ્રગ્સના જથ્થા સાથે વધુ એક યુવતી પકડાઈ છે અમદાવાદ એસ.ઓ.જી પોલીસ દ્વારા નરોડા વિસ્તારના હંસપુરામાં આવેલી શંખેશ્વર ટાઉનશીપ માંથી જ્યોતિબાલા પ્રજાપતિ નામની યુવતીને ૮ ગ્રામ થી વધુની ૮૩,૦૦૦ ની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સનાં જથ્થા સાથે પકડી પાડવામાં આવી છે. તેમજ યુવતીનો મિત્ર જીતેન્દ્ર પટેલને પણ દારૂ તેમજ બિયરની બોટલો સાથે પકડવામાં આવ્યો છે. પોલીસે બંનેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કન્સ્ટ્રક્શન સાઇટ પર મજૂરનું મોત

અમદાવાદ,

અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ એક મજૂરનું મોત થયું. શહેરમાં ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ એક મજૂરનું મોત થયું. શહેરમાં ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ કાંકરિયા ખાતે આવેલ છે. ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર પાંચમાં માળથી પટકતા મજૂરનું મોત થયું. બાંધકામ સાઈટ પર બેદરકારીના અભાવે વધુ એક મજૂર મોતનો ભોગ બન્યો. કોન્ટ્રાક્ટ અને બિલ્ડરની બેદરકારીનો ભોગ બન્યો મજૂર. મણિનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો કન્સ્ટ્રક્શન સાઈટ પર સલામતીના સાધન એવી સેફટી જાળી ના હોવાથી મજૂરનું મોત નિપજયું હતું.

બનાસકાંઠાના ડીસામાં ઈ-બાઈકની બેટરીમાં વિસ્ફોટ થયો

ડીસા,

ગુજરાતના બનાસકાંઠાના ડીસામાં ઈ-બાઈકની બેટરીમાં વિસ્ફોટ થયો હતો. ઈ-બાઈકની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જ્યારે બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે ત્યાં કોઈ હાજર નહોતું.ઈ-બાઈકની બેટરી ચાર્જ કરતી વખતે થયેલા આ બ્લાસ્ટને કારણે બેટરીથી ચાલતા વાહનોની સુરક્ષાને લઈને અનેક સવાલો ઉભા થયા છે. બનાસકાંઠાના ડીસાની બજરંગ નગર સોસાયટીમાં રહેતા મહેશભાઈએ ૧૫ મહિના પહેલા ૮૦ હજાર રૂપિયામાં બેટરી ઓપરેટેડ ઈ-બાઈક ખરીદી હતી.મહેશભાઈની દીકરીએ ઈ-બાઈકની બેટરી કાઢીને ઘરની ગેલેરીમાં ચાર્જમાં મૂકી દીધી હતી. પાંચ મિનિટ પછી બેટરીમાં એવો વિસ્ફોટ થયો કે શરૂઆતમાં લોકોને એવું લાગ્યું કે જાણે નજીકમાં ક્યાંક બોમ્બ ફૂટ્યો હોય. બ્લાસ્ટનો અવાજ સાંભળતા જ લોકો એકઠા થઈ ગયા અને જાણવા મળ્યું કે ઈ-બાઈકની બેટરી ફાટી ગઈ હતી.વિસ્ફોટનો અવાજ સાંભળીને લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બેટરીમાં લાગેલી આગને તાત્કાલિક કાબુમાં લીધી હતી. બ્લાસ્ટ એવો થયો કે બેટરીના પાર્ટ્સ શોધવા પણ મુશ્કેલ થઈ ગયા. ઈ-બાઈકના માલિક મહેશ ભાઈએ વિસ્ફોટની ઘટના બાદ કહ્યું હતું કે ભગવાનનો આભાર કે બેટરી ફાટતી વખતે મારી પુત્રી ઈ-બાઈક ચલાવી રહી ન હતી. બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે બ્લાસ્ટ થયો હતો અને નજીકમાં કોઈ હાજર નહોતું.મહેશ ભાઈએ જણાવ્યું હતું કે ઈ-બાઈકની બેટરી ચાર્જ કરતી વખતે જે રીતે ફાટી જાય છે તે રીતે ઈ-બાઈકનો ઉપયોગ જીવતા બોમ્બ સમાન છે. તમને જણાવી દઈએ કે દેશમાં વધતા પ્રદૂષણ અને પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતોને ધ્યાનમાં રાખીને ઈ-બાઈકને શ્રેષ્ઠ વિકલ્પ માનવામાં આવે છે.

રોજમદાર ચોક્કસ કાર્યકાળ પછી કાયમી બનવા હકદાર

હાઈકોર્ટે આ મુદ્દામાં પોતાના ચુકાદામાં ટાંક્યું છેકે, રોજમદાર કામદાર ચોક્કસ કાર્યકાળ પૂર્ણ કરે પછી તે કાયમી બનવા હકદાર ઠરે છે

અમદાવાદ,

દૈનિક વેતન પર કામ કરતા કામદારો માટે ખુશીના સમાચાર છે. રોજ દૈનિક વેતન પર છૂટક કામગીરી કરતા કામદારોના હક્કમાં ગુજરાત હાઈકોર્ટે મોટો અને મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું છેકે, એક ચોક્કસ સમય અવધિ કરતા વધારે સમય સુધી દૈનિક વેતન પર રોજમદાર તરીકે કામ કરતા કામદારો પણ કાયમી નોકરીના હકદાર બની જાય છે. આવા લોકોને જે તે સંસ્થાઓ કાયમી નોકરી આપવી જોઈએ.

ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં અનેકવિધ અભ્યાસોના આધારે ટાંક્યું છેકે, સંખ્યાબંધ લોકો એવા હોય છેકે, જેઓ રોજમદાર તરીકે દૈનિક વેતન પર છૂટક કામગીરી કરતા હોય છે. આમના હક માટે પણ કંઈક હોવું જોઈએ. ખાસ કરીને આવા લોકો અલગ અલગ કંપનીઓ કે સંસ્થાઓમાં ઘણાં વર્ષોથી કામ કરતા હોય છે પણ તેમને એક કામદારને મળે એક વર્કરને મળે એવા કોઈ લાભ મળતા નથી. જોકે, વાસ્તવમાં તેમને પણ આનો લાભ મળવો જોઈએ. ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દામાં પોતાના ચુકાદામાં ટાંક્યું છેકે, રોજમદાર કામદાર ચોક્કસ કાર્યકાળ પૂર્ણ કરે પછી તે કાયમી બનવા હકદાર ઠરે છે.

ઉલ્લેખનીય છેકે, ગુજરાત રાજયના રોજમદાર કર્મચારીઓ માટે રાહતકર્તા ચુકાદો આપતાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ (ઈન્ડસ્ટ્રીયલ ડિસ્યુટ એકટ)ની કલમ-૨૫(બી) હેઠળ, દૈનિક વેતન કામદારો (રોજમદાર) કે જેમણે નોકરીમાં ચોક્કસ કાર્યકાળ પૂર્ણ કર્યો હોય તો તેઓ કાયમી થવા માટે હકદાર ઠરે છે. લુ જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે વધુમાં એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જો એકવાર કાયમીપણું મંજૂર કરવામાં આવે તો આ કામદારો પેન્શન અને ઉચ્ચ પગારધોરણ જેવા વધારાના લાભો મેળવવા પણ હકદાર છે. જે લાભો નિયમિત રીતે નિયુકત કામદારો માટે ઉપલબ્ધ હોય છે. જસ્ટિસ કેરીયલે વધુમાં જણાવ્યું હતુંકે, જે કર્મચારી રોજમદાર તરીકે એટલે કે, દૈનિક વેતન કામદાર તરીકે મૂળ રીતે નિમણૂક પામ્યો હોય પરંતુ તે અમુક ચોક્કસ વર્ષો સુધી નોકરીમાં કાર્યકાળ પૂરો કરે તો તેવા સંજોગોમાં ખાસ કરીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ- ૨૫ (બી) અનુસંધાનમાં આવા કામદારો નોકરીમાં કાયમી તરીકેના લાભો મેળવવાપાત્ર ઠર